# ઊંડા અંધારેથી

ગાંડાલ

301

પડળખસેડણુ

જગતની તવારીખમાં નવો જ ચીલો શરૂ કરી નવાં અજવાળાં પાથરનાર, શ્રી રવિશંકર મહારાજ સમા, એક અદ્ભુત માનવીની આ કથા છે.

બચપણમાં નાનકડી ચોરી, હરામખોરી, કે અનુચિત ધાંધલ કરનારાં બાળકોને ગુનેગાર માની તેમને જ સજા કરવાનો રવૈયો પરાપૂર્વથી ચાલે છે. જીવન જ્યારે સાદું, સરળ ને ચીલાચાલુ હતું ત્યારે, આવાં બાળકો સરકારી તુરંગે ન જતાં, તો પણ ભારે ત્રાસભરી સજા તો, એકને કે બીજાને હાથે પામતાં જ. એ હરામખોરી તેમનો પોતાનો વાંક ગણાતી.

પણ માનસશાસ્ત્રનું વધુ સંશોધન થયું અને બાળકોની આવી ટેવો માટે તેમનો ઉછેર, તેમનું કૌટુંબિક વાતાવરણ તથા તેમની સામાજિક પરિસ્થિતિ જવાબદાર છે એ સત્ય ધીમે ધીમે પ્રત્યક્ષ થતું ગયું.

તે છતાં આવાં બાળકોને ચાર દીવાલોની ંકડામણમાં રુંધવાનું તો ચાલુ જ રહ્યું. રંગ શબ્દ ગયો ને સુધારશાળા (House f Correction; Reformatory વિગેરે) બ્દ આવ્યો. ફક્ત પાટિયું બદલાયું. જરાક દમહિલી આવી. પણ મૂળભૂત ભૂમિકા ન દલાઈ.

પડળખસેડણ

જગતની તવારીખમાં નવો જ ચીલો શરૂ કરી નવાં અજવાળાં પાથરનાર, શ્રી રવિશંકર મહારાજ સમા, એક અદ્‌ભુત માનવીની આ કથા છે.

બચપણમાં નાનકડી ચોરી, હરામખોરી, કે અનુચિત ધાંધલ કરનારાં બાળકોને ગુનેગાર માની તેમને જ સજા કરવાનો રવૈયો પરાપૂર્વથી ચાલે છે. જીવન જ્યારે સાદું, સરળ ને ચીલાચાલુ હતું ત્યારે, આવાં બાળકો સરકારી તુરંગે ન જતાં, તો પણ ભારે ત્રાસભરી સજા તો, એકને કે બીજાને હાથે પામતાં જ. એ હરામખોરી તેમનો પોતાનો વાંક ગણાતી.

પણ માનસશાસ્ત્રનું વધુ સંશોધન થયું અને બાળકોની આવી ટેવો માટે તેમનો ઉછેર, તેમનું કૌટુંબિક વાતાવરણ તથા તેમની સામાજિક પરિસ્થિતિ જવાબદાર છે એ સત્ય ધીમે ધીમે પ્રત્યક્ષ થતું ગયું.

તે છતાં આવાં બાળકોને ચાર દીવાલોની સંકડામણમાં રુંધવાનું તો ચાલુ જ રહ્યું. તુરંગ શબ્દ ગયો ને સુધારશાળા (House of Correction; Reformatory વિગેરે) શબ્દ આવ્યો. ફક્ત પાટિયું બદલાયું. જરાક રહેમદિલી આવી. પણ મૂળભૂત ભૂમિકા ન બદલાઈ.

## પડળખસેડણુ

જગતની તવારીખમાં નવો જ ચીલો શરૂ કરી નવાં અજવાળાં પાથરનાર, શ્રી રવિશંકર મહારાજ સમા, એક અદ્ભુત માનવીની આ કથા છે.

બચપણમાં નાનકડી ચોરી, હરામખોરી, કે અનુચિત ધાંધલ કરનારાં બાળકોને ગુનેગાર માની તેમને જ સજા કરવાનો રવૈયો પરાપૂર્વથી ચાલે છે. જીવન જ્યારે સાદું, સરળ ને ચીલાચાલુ હતું ત્યારે, આવાં બાળકો સરકારી તુરંગે ન જતાં, તો પણ ભારે ત્રાસભરી સજા તો, એકને કે બીજાને હાથે પામતાં જ. એ હરામખોરી તેમનો પોતાનો વાંક ગણાતી.

પણ માનસશાસ્ત્રનું વધુ સંશોધન થયું અને બાળકોની આવી ટેવો માટે તેમનો ઉછેર, તેમનું કૌટુંબિક વાતાવરણ તથા તેમની સામાજિક પરિસ્થિતિ જવાબદાર છે એ સત્ય ધીમે ધીમે પ્રત્યક્ષ થતું ગયું.

તે છતાં આવાં બાળકોને ચાર દીવાલોની સંકડામણમાં રુંધવાનું તો ચાલુ જ રહ્યું. તુરંગ શબ્દ ગયો ને સુધારશાળા ( House of Correction; Reformatory વિગેરે ) શબ્દ આવ્યો. ફક્ત પાટિયું બદલાયું. જરાક રહેમદિલી આવી. પણ મૂળભૂત ભૂમિકા ન બદલાઈ.

એ બદલાઈ જ્યારે ફાધર ફ્લેનેગનની આવાં બાળકોના અદાલતે ચાલતા ખટલા પર નજર પડી; અને ગુરુ ફ્લેનેગને ગાંઠ વાળી કે હું મારું જીવન, આવાં બાળકોને યોગ્ય વાતાવરણમાં ઉછેરવાથી તેઓ પૂરા સજ્જન ને સન્નિષ્ઠ નાગરિકો બની જ શકે–અને જ છે, એ સિદ્ધ કરવામાં સમર્પણ કરીશ.

સંકટોની પરંપરા!

દુઃખ, ઉપેક્ષા, અપ્રતિષ્ઠા!!

જાતજાતની અગનકસોટીઓ!!!

તેમણે જગતની આંખ પરથી પડળ ખસેડી નાખ્યાં.

કટ્ટામાં કટ્ટા દુષ્ટ ગણાતાં બાળકોને એણે પોતાની પાંખમાં લીધાં; અને પ્રેમાળ હૂંફથી, સારી દોરવણીથી અને અંતરની શ્રદ્ધાના બળ વડે તેમને નમૂનેદાર નાગરિકો બનાવ્યાં, જગતભરમાં એક નવી જ પ્રવૃત્તિનો પાયો નાખ્યો.

'પણ છેવટ સત્ય નહી તરશે'

સત્ય તર્યું.

•

# ઊંડા અંધારેથી—

•

૮૯૧.૫૭[illegible]૦૧
MEH
1392

લેખકો:
ફુલ્ટન ઓસ્લર
વીલ ઓસ્લર

•

અનુવાદક:
પ્રો. કુંજવિહારી મહેતા
એમ. એ.

ગાંડીવ સાહિત્ય મંદિર
હવાડિયો ચકલો, સૂરત



ફાધર ફ્લેનેજન

જન્મ : ૧૩-૭-૧૮૮૬ અવસાન : ૧૪-૫-૧૯૪૮

મુદ્રક : પ્રકાશક
ધ્રુવકુમાર ન. માલવી
ગાંડીવ સાહિત્ય મંદિર વતી—
'ગાંડીવ' મુદ્રણાલય
હવાડિયો ચકલો, સૂરત



સંવત ૨૦૧૩
સન ૧૯૫૭
આવૃત્તિ પહેલી
કિંમત ૨.૦૦

# પ્રસ્તાવના

'ઊંડા અંધારે'થી એ તો અમે આપેલું નામ છે, પણ એ પુસ્તકનું મૂળ નામ 'ફાધર ફ્લેનેજન્સ બોયઝ ટાઉન' છે. એનો અનુવાદ કરવાની પ્રેરણા મને એક બનાવ ઉપરથી મળી. એક આઠેક વર્ષનો છોકરો વગર ટિકિટે મુસાફરી કરવા બદલ પકડાયો અને તેને 'રિમાન્ડ હોમ'માં મોકલવામાં આવ્યો. આ 'હોમ'માં એને બીજા જુદા જુદા ગુનાઓ માટે પકડાયેલાં બાળકો સાથે ધકેલી દેવામાં આવ્યો. પરંતુ એક મુલાકાતીને આ સ્થળની મુલાકાત વખતે જણાયું કે એ છોકરો કોઈક મધ્યમ વર્ગના સારા કુટુંબનો હોવો જોઈએ અને મોઢા ઉપરથી ગુનેગાર જેવો જણાતો નથી. એટલે તેમણે એ બાળકને બોલાવી વગર ટિકિટે મુસાફરી કરવા

માટે કારણ પૂછ્યું; બાળકે પોતાની કથની કહેતાં જણાવ્યું કે એના માબાપ ગરીબ છે. બાપ બેકાર છે અને માને ત્રાસ આપે છે. એટલે માને મદદ કરવાના હેતુથી પોતે બચાવેલા પૈસામાંથી એણે 'પીપરમીન્ટ' ખરીદી અને ગાડીમાં વેચી એમાંથી થોડોઘણો નફો મેળવવાની આશા રાખી, પરન્તુ એમ કરવા જતાં એ પકડાયો.

આ બનાવ હૃદયવેધક છે, પણ આ પુસ્તકમાં આવતા નાના-મોટા અનેક પ્રસંગોને અનુરૂપ છે. ફાધર ફ્લેનેજને પોતાની આજુબાજુ ગુનેગાર તરીકે ઓળખાતાં બાળકોના ઇતિહાસમાં ઊંડે ઉતરવાનો પ્રયત્ન કર્યો ત્યારે એમને જણાયું કે એ બાળકો ખરેખર ગુનેગાર નહોતાં, પણ માબાપના પ્રેમને અભાવે. કુટુંબજીવનના આશ્રયના અભાવે અને સવિશેષ તો સમાજના સમભાવને અભાવે રખડતાં બન્યાં હતાં. આવાં બાળકોને ઉપયોગી પ્રવૃત્તિને એમણે પોતાના જીવનનું ધર્મકાર્ય બનાવ્યું. સમાજના વિરોધનો સામનો કરીને, નાણાંભીડ વેઠીને, સંકટોમાં મુકાઈને પણ એમણે એ કામ પૂરું કર્યું. અંત સમયે એમને સંતોષ થયો કે એમના પુરુષાર્થથી બીજી રીતે જેમનાં જીવન વેડફાઈ ગયાં હોત એવા ઘણાં બાળકોને પોતે ઉપયોગી નાગરિક બનાવ્યાં છે. આ કાર્ય માટે એમનામાં અખૂટ ધૈર્ય હતું. જે સંજોગોથી સામાન્ય માનવી ગભરાઈ ઢીલો પડી પોતાની પ્રવૃત્તિ છોડી દેવા લલચાયો હોત તે સંજોગોમાં આ અખૂટ ધૈર્યને કારણે એ દૃઢ રહીને આ કાર્યને પાર ઉતાર્યું. મનુષ્યના જીવનનો પુરુષાર્થ કેવો વિધાયક બની શકે છે તેનું એ સરસ ઉદાહરણ છે.

આમ તો આ જીવનકથા ખ્રિસ્તી પાદરીની છે, પણ તે આપણા દેશને અને સમાજને માટે ભારે ઉપયોગી બને એવી છે. ગાડીમાં, બગીચામાં અને શેરીમાં આપણે નાનાં બાળકોને ભીખ માગતાં જોઈએ છીએ, વરસતા વરસાદમાં અને શિયાળાની કડકડતી ઠંડીમાં એમને વગર કપડાંએ શરીરનું રક્ષણ કરવાને ફાંફાં મારતાં જોઈએ છીએ. આપણું સંવેદનશીલ હૃદય દ્રવે છે, છતાં એ કાર્ય સરકારનું છે એમ કહી અથવા તો હમદર્દીના

ખાલી શબ્દો ઉચ્ચારી આપણે બેસી રહીએ છીએ. એનો ઉપાય સૂઝતો નથી. એ ઉપાય આ પાદરીની જીવનકથામાંથી મળે છે. કોઈ પણ સ્વતંત્ર દેશનું ધન બાળકો છે. ભીખ માગતાં બાળકો, માબાપના પ્રેમ વિના શેરીમાં રખડતાં થઈ ગયેલાં બાળકો, કુસંસ્કાર અને સંગદોષથી બગડેલાં બાળકો પણ છેવટે આ દેશનાં જ છે. તેમનું જીવન વેડફાય એ પણ દેશના ધનનો જ બગાડ છે.

આપણે ત્યાંની સુધારશાળાઓ વધતેઓછે અંશે ફાધર ફ્લેનેજનના સમયમાં અમેરિકામાં ચાલતી સુધારશાળાઓ જેવી છે. એમાં બાળમાનસને સમજી તેમને સુધારવાના ઝાઝા પ્રયત્નો થતા નથી ઊલટું તેમને ગુનેગારો સમજી શિક્ષા અને ડરથી સુધારવાના પ્રયત્નો કરવામાં આવે છે અને તેમાં ઝાઝી સફળતા મળતી નથી. આવી શાળાઓમાં બાળકને સુધારવા માટે જે આવશ્યક છે અને જેના ઉપર ફાધર ફ્લેનેજને ખૂબ ભાર મૂક્યો છે તે પ્રેમનો તો સદંતર અભાવ છે. એ ઊણપો દૂર કરવામાં પણ આ પુસ્તક ઉપયોગી થાય એવું છે.

આવા ઉદ્દેશોથી આ પુસ્તકનો અનુવાદ કરવા હું પ્રેરાયો છું 'ગાંડીવ સાહિત્ય મંદિર'ના ભાઈશ્રી વનરાજ માલવીએ જ્યારે એ પુસ્તકની મૂળ પ્રત મને વાંચવા આપી ત્યારે મારા મનમાં ઘણા લાંબા સમયથી ઘોળાયા કરતા વિચારોને આકાર આપવાની મને દિશા મળી. એના પ્રકાશનની સરળતા કરી આપવા બદલ ગાંડીવ સાહિત્ય મંદિરનો હું આભારી છું.

સૂરત, ૨૨-૮-૫૭. કુંજવિહારી મહેતા

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | કીર્તિસુગંધ | ૧ |
| ૨ | ભાવીનાં એંધાણ | ૬ |
| ૩ | ભણતર અને ગણતર | ૧૨ |
| ૪ | ગંભીર માંદગી | ૧૫ |
| ૫ | વાદળ વિખરાયાં | ૧૮ |
| ૬ | ઊથલો | ૨૪ |
| ૭ | અંતર-પ્રવાહ | ૩૦ |
| ૮ | પાદરી બન્યા | ૩૨ |
| ૯ | પ્રારંભ | ૩૪ |
| ૧૦ | શ્રદ્ધાની મૂડી | ૩૭ |
| ૧૧ | એકારાશ્રમ | ૪૪ |
| ૧૨ | જીવનપલટો | ૪૭ |
| ૧૩ | પહેલ થઈ | ૫૧ |
| ૧૪ | હિંમતે મર્દા | ૫૩ |
| ૧૫ | જીવનકાર્યની પ્રેરણા | ૫૯ |
| ૧૬ | મુસીબતનો લ્હાવો | ૬૩ |
| ૧૭ | કસોટી | ૬૭ |
| ૧૮ | "આ ગુનેગાર નથી" | ૭૨ |
| ૧૯ | મઘમઘાટ | ૭૭ |
| ૨૦ | નવું કદમ | ૮૩ |
| ૨૧ | ઝુંબેશ | ૮૯ |
| ૨૨ | કપરો કાળ | ૯૫ |
| ૨૩ | ચિંતા | ૧૦૪ |
| ૨૪ | મહાન ઘડી | ૧૦૬ |
| ૨૫ | સ્વપ્નસિદ્ધિ | ૧૦૯ |
| ૨૬ | રમતના મેદાનમાં | ૧૧૨ |
| ૨૭ | યુદ્ધમાં ફાળો | ૧૧૫ |
| ૨૮ | પૂર્વનાં બાળકોની મુક્તિ | ૧૧૮ |
| ૨૯ | પ્રભુ, પરમ તેજે તું લઈ જા | ૧૨૩ |

ઊંડા અંધારેથી

•

ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા

☞ ૧

## કીર્તિસુગંધ

આ સદીના પૂર્વાર્ધમાં કેથોલિક પાદરી એડવર્ડ જોસેફ ફ્લેનેજન યુનાઈટેડ સ્ટેટ્સમાં એક ઘણા લોકપ્રિય પાદરી હતા. એના હજારો પ્રશંસકોમાં માત્ર એના અનુયાયીઓ જ નહોતા, પણ યહૂદીઓ અને પ્રોટેસ્ટન્ટો પણ હતા અને તેમણે એના કાર્યમાં એના અનુયાયીઓ જેટલી જ મદદ કરી હતી.

આ કાર્ય જે આજે વિશ્વ જાણે છે તે કમનસીબ છોકરાઓની સંભાળ લઈ શિક્ષણ આપવાનું હતું. આમાં પોલીસ અને અદાલતો જેનાથી દૂર જવા માગે છે તેવા માત્ર વિકૃત અને ગુનેગાર માનસવાળા છોકરાઓનો જ સમાવેશ થતો નહોતો પણ બધી જ રીતે દુઃખી બાળકો હતાં.

એમના બાળનગરમાં ભણતા વિદ્યાર્થીઓમાં નાના ગુનેગારોનું પ્રમાણ એક કાળે તો માત્ર વીસ ટકા જેટલું જ હતું. મુખ્યત્વે તો એ સ્થળ ઘર વિનાઓનું ઘર હતું અને માતાપિતાવિહોણાઓનું કુટુંબ હતું,-પછી તે ગમે ત્યાંથી આવ્યા હોય.

નેબ્રાસ્કાની પશ્ચિમે દસ માઈલ દૂર આવેલા ઓમાહામાં ફાધર ફ્લેનેજને સ્થાપેલા આ કમનસીબ બાળકોના નગરમાં રંગભેદ કે ધર્મનાં કોઈ નિયંત્રણો નાખવામાં આવ્યાં નહોતાં. ચીનાઓ અને સીદીઓ એનાં

ખેતરોમાં ખેતી કરતા, એનાં કારખાનાંઓમાં કામ કરતા અને એના વર્ગોમાં ખ્રિસ્તીઓ અને યહૂદીઓ મિત્રો તરીકે સાથે બેસતા.

વળી જેઓ પોલીસના કબજામાંથી આવતાં તેમને પણ ત્યાગ, માંદગી કે માતપિતાના મૃત્યુને કારણે ઘરવિહોણાં બનેલાં બાળકોથી છૂટાં પાડવામાં આવતાં નહોતાં. ત્યાં કોઈ ભેદ જ નહોતો, કારણ અદાલતોમાંથી આવેલા આ નાની સંખ્યાના વિદ્યાર્થીઓ થોડા જ સમયમાં કંઈક આશ્ચર્યકારક રીતે સારા નાગરિકોમાં ફેરવાઈ જતા.

તેઓની આ સ્વયંસંપૂર્ણ અને સ્વયંપોષિત નગરમાંથી નાસી જવાની શક્યતા નહોતી અને એથી આ નગરને કોઈ દરવાજા, તાળાં કે આંકડીઓ નહોતી. તેઓ સખ્ત શિસ્તનું પાલન કરતા અને અહીં સંતોષથી રહેતા. પુસ્તકોનો અભ્યાસ, કારખાનાંઓની માહિતી અને વૈજ્ઞાનિક ખેતીનો જાતઅનુભવ બીજા છોકરાઓની માફક ખંતપૂર્વક લેવા મંડી પડતા, અને પ્રત્યેક વિદ્યાર્થીના વ્યક્તિત્વના વિકાસ અર્થે, ખેલદિલીના પાઠ ભણાવવા માટે અને સમાજમાં લોકો જોડેના વર્તાવ માટેના અભ્યાસમાં વ્યક્તિગત ધ્યાન આપવામાં આવતું.

જ્યારે ફાધર ફ્લેનેજને આ નગરની સ્થાપના કરી ત્યારે એનો મૂળ હેતુ એ સ્થાનને સારા ચારિત્ર્યનું શિક્ષણ આપવાનું સ્થાન બનાવવાનો હતો. પોલીસના પંજા હેઠળ ન આવ્યા હોય એવા એંશી ટકા જેટલા જોડે તો સફળતા મળી જ. પણ ન સુધરી શકે એવું જેઓને માટે માનવામાં આવતું હતું એવા વીસ ટકા જોડે પણ એમને સફળતા મળી. આ દર્શાવે છે કે એમની પાસે છોકરાઓને કંઈક અર્પવાનું હતું. યુવાનોના ભયંકર રીતે વધતા જતા ગુનાઓની વચ્ચે જન્મે આયરીશ આ પાદરીએ કઠણમાં કઠણ બાળગુનેગારનું સહકારશીલ અને સમાજમાં ચારિત્ર્યવાન યુવાનમાં કરેલું પરિવર્તન અંધકારમાં પ્રકાશના કિરણસમું છે.

એમણે કહ્યું કે છોકરાઓને ટીકાકારો કરતાં ઉદાહરણોની વધારે આવશ્યકતા છે.

ખરેખર, ફાધર ફ્લેનેગનને કઠોરમાં કઠોર છોકરામાં રહેલી આંતરિક શુદ્ધિ, દૃષ્ટિ અને સંસ્કારિતા માટે માન હતું અને એમર્સનની સાથે મળતા થઈને એઓ માનતા કે રાસાયણિકની માફક છોકરાઓ ખોટામાંથી સત્યને ઝડપથી પકડી શકે છે. તમે તમારું મોઢું ખોલો અને સઘળી શંકાઓ દૂર કરો તે પહેલાં તો તમારી આંખમાં રહેલો દંભ અને નિર્બળતા એ જોઈ જાય છે.

એથી, જ્યારે બીજા સુધારકો આ યુગનાં બાળકોનો તિરસ્કાર કરતા હતા, ત્યારે ફ્લેનેગન પ્રેમની વાણી ઉચ્ચારતા હતા.

એમણે કહ્યું, "જેને અધિકારવિહોણું બાળક કહેવામાં આવે છે તે સારો ખોરાક, સારાં કપડાં અને સ્વચ્છ પથારી મેળવે એટલું જ જોવું પૂરતું નથી. આટલું તો કોઈ લશ્કરનો પ્રતિનિધિ પણ કરી શકે. ના! ખોરાક, કપડાં અને રહેઠાણ સિવાય જે આ બાળકોને ખાસ મળ્યું નથી તે તો માતાનો કોમળ પ્રેમ, પિતાનું ડહાપણ અને કુટુંબની ઉષ્મા છે. આ નાનાં બાળકોના જીવનની ખોટ જ્યાં સુધી પૂરવામાં નહિ આવે ત્યાં સુધી અનાથાશ્રમો અને સુધારાગૃહો ઉપયોગી બની શકે એમ નથી.

"અને આનો શો અર્થ કરવો? એનો અર્થ એ કે તમારે સામાજિક કાર્યકરોનો નવો વર્ગ વિકસાવવો પડશે, જેઓએ કેવળ પોતાના વ્યવસાયની તાલીમ જ નહિ મેળવી હોય, પણ વધારે અગત્યનું તો એ છે કે જેમણે ત્યજાયલાં બાળકોના જીવનમાં અર્જ, સમજણ અને માતાના જેવો રસ લાવવાના આત્મોદ્ધારના કામ પાછળ પવિત્ર અર્પણ કર્યું હોય."

ફાધર ફ્લેનેગન પોતાના જીવનના છેલ્લા દિવસ સુધી જે કાર્ય કરતા રહ્યા તેનું આ મુદ્દાસર વિધાન છે. એમને માટેનું મોટું સત્ય તો એ છે કે કેમ ચાહવું તે એ જાણતા હતા, અને તેથી જ જુદાજુદા પ્રકારના લોકો પણ એમને ચાહતા હતા. પુષ્કળ અને ઉદાર સ્નેહની એમની બક્ષિસ એ એમની સમર્થ યુક્તિ હતી. એમની આ શક્તિથી એ ભરપૂર હતા એટલું જ નહિ પણ એને કેમ વાપરવી, એ કેવી રીતે યોજવી એ પણ એઓ જાણતા હતા. અને એ શરીર, મન અને આત્માનું શ્રેષ્ઠ ઔષધ હતું એ પણ ચોક્કસ હતું.

આવા પ્રેમની સેવામાં ફાધર ફ્લેનેજને ચોકલેટથી માંડી મનોવિશ્લેષણ-શાસ્ત્ર સુધીનાં અનેક સાધનો ઉપયોગમાં લીધાં. એમણે આગ્રહપૂર્વક એમ જણાવ્યું કે આ બધાં જ સાધનોમાંથી એમને પરિણામ મળ્યાં છે, કારણ એ સાધનોનો ઉપયોગ એમણે આધ્યાત્મિક દૃષ્ટિ અને સતત પ્રાર્થનાઓ સાથે કર્યો હતો.

ફાધર ફ્લેનેજન પોતાની માફક બીજાને ચાહતા હતા એટલું જ પૂરતું નથી, કારણ ખ્રિસ્તીઓને સારા પાડોશીપણા માટે અપાયેલો એ સિદ્ધાંત બુદ્ધિવાદીઓ સારા જીવન માટે પૂરતો છે એમ વારંવાર કહેતા પણ ફાધર ફ્લેનેજને દર્શાવ્યું કે આ તો માત્ર અધૂરું અવતરણ છે. લાગણીપૂર્ણ અવાજ, અને પ્રકાશિત ભૂરી આંખો સાથે એ આખું સૂત્ર ટાંકતા :

"અને તું તારા સ્વામીને, તારા પિતાને તારા સંપૂર્ણ હૃદયથી અને તારા સમગ્ર આત્માથી અને તારા સમગ્ર મનથી અને તારા સંપૂર્ણ બળથી ચાહશે... અને તારા પડોશીને તારી જેમ."

'ક્રિશ્ચિયન હેરોલ્ડ'ના પ્રોટેસ્ટન્ટ તંત્રી ડેનિયલ પોલિંગે એમના મૃત્યુ પછી અંજલિ આપતાં આ પ્રમાણે લખ્યું હતું :

"બાળનગરના ફાધર ફ્લેનેજન એના સિંહાસને ચાલ્યા ગયા છે. હવે એ અમર છે. ખરેખર એની અમર કીર્તિ તો ક્યારની ય શરૂ થઈ ગઈ હતી. જ્યારે એમણે કહ્યું કે, "ખરાબ છોકરા જેવું કંઈ જ નથી" ત્યારથી જ તે શરૂ થઈ ગઈ હતી.

"એ વિધાનમાં માણસની શ્રદ્ધા કરતાં કંઈક વધારે છે. કારણ એની સફળતાની ચાવી એમાં રહેલી છે. એમને ખબર હતી કે વ્યક્તિત્વ એ દિવ્ય વસ્તુ છે અને દિવ્યતાનો તણખો માનવી કાર્યથી કે માનવીને વારસાગત મળેલી નિર્બળતાથી હોલવી શકાય એમ નથી. આ જ અંતિમ શક્તિ છે અને ફાધર ફ્લેનેજને દર્શાવ્યું કે એની સંપૂર્ણ સિદ્ધિ સમય અને સ્થળની પાર છે ત્યારે એ અહીં અને અત્યારે સફળ બને છે.

"આ માણુસ સર્વનો મિત્ર હતો. એમણે જાત અને ધર્મનાં બંધનોને ઓળંગી જઈ માનવીને ચાહ્યા છે અને સેવા કરી છે. જે કબરમાં એમનું શરીર છે તે ઉપર એક પથ્થર ઉપર સુવર્ણ અક્ષરોમાં શબ્દો કોતરાયેલા છે: ફાધર ફ્લેનેજન, બાળનગરના સ્થાપક, ખ્રિસ્ત અને માનવીના પ્રેમી."

બીજા એક પ્રોટેસ્ટન્ટ ધર્મગુરુ રેવ. ડૉ. થોમસ આર. નીવેન જે ઓમાહાના પ્રેસ્બીટેરિયન ચર્ચના પ્રથમ પાદરી હતા અને જેમણે નજીકથી આ કાર્ય જોયું હતું તેમણે લખ્યું હતુંઃ

"એક મહાન ક્રિશ્ચિયન આપણી વચ્ચે હતો. પ્રોટેસ્ટન્ટ પંથના પ્રતિનિધિ તરીકે હું જ્યારે બોલું છું ત્યારે હું મારા બધા બંધુઓ વતી બોલું છું એ હું જાણું છું. છેલ્લાં પચાસ વર્ષો દરમ્યાન અમેરિકન જીવનમાં એક મહાન ક્રિશ્ચિયન, એક મુત્સદ્દી અને સદ્‌ગૃહસ્થ અને સામાજિક કાર્યકર તરીકેનું ઉદાહરણ આ રોમન કેથોલિક પાદરીનું જેવું મળે છે એવું બીજું કોઈનું મળતું નથી. આ બાળનગરને સમગ્ર દુનિયા લાંબા વખત સુધી એક એવા સ્થળ તરીકે નિહાળ્યા કરશે કે જ્યાં એક મહાન માણસે ખ્રિસ્તના જીવનના રહસ્યનું અર્થઘટન કરી બતાવ્યું હોય."

લોસ એન્જેલસના રેબી એડગર એફ. મેગનીને યહૂદીઓ તરફથી જણાવ્યુંઃ

"અબ્રહામની માફક પોતાનાં બારણાં આગળ બેસી ખરબચડા ચહેરાવાળા, ફાટેલી પાટલૂન અને ગંદા ખમીસવાળા પસાર થતા અજાણ્યા છોકરાઓને એમણે આવકાર્યા. એમાં યહૂદીઓ, કેથોલિકો અને વિવિધ પ્રોટેસ્ટન્ટો હતા અને એમાં નામ વગરના અને ઈશ્વરના અસ્તિત્વને પણ નહિ જાણનારાઓ હતા; કારણ જ્યાં સુધી એ બધા ફાધર ફ્લેનેજનને મળ્યા ત્યાં સુધી ઈશ્વર છે એવું કોઈએ તેમને શીખવ્યું નહોતું.

"ફાધર ફ્લેનેજનના જવાથી દુનિયા ગરીબ બની છે, પણ બીજા અર્થમાં દુનિયા એ આવ્યા તે પહેલાં હતી તેના કરતાં વધારે સમૃદ્ધ બની છે, કારણ કે યુગો સુધી એ અમેરિકનોનાં હૃદય અને મનમાં રહેશે."

અને નીગ્રો તરફથી પણ લોસ એન્જેલસના 'સેન્ટીનલ'માં હૃદયસ્પર્શી તંત્રીલેખ લખાયો:

"એનું આશ્રયસ્થાન બધા યુવાનોને માટે ખુલ્લું હતું. એક ત્યજાયેલા નીગ્રો યુવકને ત્યજાયલા આઈરીશ રોમનકેથોલિક યુવાન જેટલું જ ઉમળકાભર્યું સ્વાગત મળતું. 'ઇબોની' સામયિકના જૂનના અંકમાં ચેસ્ટર ડબ્લ્યુ ઓડેને દર્શાવેલી શારીરિક સિદ્ધિ વિશે એક લેખ પ્રગટ થયો છે. એની અસામાન્ય સિદ્ધિની નિશાની તરીકે એનું નામ ફોર્ટ બેનીગની એરબોર્ન ટ્રેનિંગ સ્કૂલના ધ્વજ ઉપર ઊડે છે. ઓડેન એ આ કોમનો પ્રથમ યુવાન છે જેણે લશ્કરના પેરાટ્રુપર કસોટીમાં આટલી મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી હોય. એ ફાધર ફ્લેનેજનના નગરનો પ્રથમ પંક્તિનો સશક્ત યુવાન છે. આ કેથોલિક પાદરીના શિક્ષણ દ્વારા પોતાના જીવનમાં ઉપયોગી બની શક્યા હોય એવા અનેક નીગ્રો યુવાનોમાંનો એ એક છે."

☞ ૨

---

## ભાવીનાં એંધાણ

મોટા ખડતલ ફ્લેનેજન કુટુંબમાં એડી ઓછામાં ઓછો ખડતલ હતો. જ્યારે ૧૮૮૬ના જુલાઈની ૧૩મી તારીખને મંગળવારે એ જન્મ્યો ત્યારે એ સંપૂર્ણ પૌરુષયુક્ત જીવન માટેની ઓછામાં ઓછી આશા અર્પતો હતો. આ બનાવ અમેરિકામાં નવા આગંતુકોને પ્રકાશ આપવા માટે ઊભા કરવામાં આવેલા સ્વાતંત્ર્યના પૂતળાના અસંખ્ય પ્રેક્ષકો સમક્ષ કરવામાં આવેલા ઉદ્ઘાટનના દિવસ પહેલાંના થોડા મહિનાઓ પહેલાં બન્યો હતો. એ સમયે, જેનું ખ્રિસ્તી નામ એડવર્ડ જોસેફ રાખ્યું હતું તે આ સ્વતંત્રતાની

પ્રભાવ જેવા શક્તિમાન થશે એ શંકાસ્પદ લાગતું હતું. જ્યારે એ થોડાક મહિનાઓનો થયો ત્યારે એને આંકડી આવવી શરૂ થઈ. એનું નાજુક શરીર ભૂરું બની ગયું અને પાછળથી બાળનગરમાં ઉત્તમ કાર્યકર બનનાર એની બહેન જોલીએ મક્કમ અભિપ્રાયમાં જણાવ્યું હતું કે એના નાના ભાઈને પ્રાર્થનાએ ચમત્કાર કરીને બચાવ્યો હતો.

તે જ ક્ષણથી એમ લાગતું કે ઈશ્વરે એને કંઈક નિરાળો જ સર્જ્યો છે. જો કે એનું બચપણ ખાસ નોંધનીય બનાવ વિના વીત્યું હતું છતાં આધ્યાત્મિક સાહસોથી એ ભરપૂર હતું. એ શાંતિથી બેસી રહેતો અને દૂર દૂર જોયા કરતો. એની તબિયત સુધરતાં જ તેઓને જણાયું કે એ‌ડી નિરાળો જ છે.

યુવાનીમાં જેનું જીવન કાર્યરત હતું તે પોતાના બચપણ વિષે જણાવે છે કે એ અવસ્થા વિચારોથી ભરેલી, વિષાદપૂર્ણ અને ન સમજાય એવી ગ્લાનિથી ભરપૂર હતી; અને જ્યારે વાદળોના પડછાયા પાડતા શાંત અને સ્થિર પાણી પાસે એ બેસતો ત્યારે જ એને આનંદ થતો. આ પ્રકૃતિની મુક્તતા અને સુદીર્ઘ મૌનને સંતાડતું વિશ્વ પોતાના વિચારોને શબ્દસ્થ કરી શકે તે પહેલાં ઘણા લાંબા સમયથી એ ચાહતો. ઘણી વાર બારણા બહાર જઈ એ આયર્લેન્ડ તરફ નજર માંડતો, લીલાં ખેતરો અને જ્યાં પોતાનાં ઘેટાંઓને એ પાછળથી ચારવા ગયો એ ધુમ્મસાચ્છાદિત ટેકરીઓ તરફ નિહાળ્યા કરતો. કારણ એ શરીરે નાજુક અને દૂબળો પાતળો હતો. એના પિતા લીબેગનાં ખેતરોના જમીનદારના વહીવટદાર હતા અને ચાર વર્ષથી જ આ ખેતરો ઉપર એ પોતાના પિતાની સાથે જ રહેતો. અહીં પિતા, બાળકો અને દાદા એમ બધા ધોળી દીવાલવાળા ઘરમાં એકસાથે જ રહેતા.

'સક' નદીની બીજી બાજુ બેલીમો પરગણામાં આવેલા દેવળમાં એ પ્રાર્થના કરવા જતા. થોડા માઈલ દૂર આવેલા કીમાટેમ્પલમાં શાળા હતી, જે આયર્લેન્ડમાં અંગ્રેજોએ સ્થાપેલી રાષ્ટ્રીય શાળાઓમાંની

એક હતી. દસ માઈલ દૂર રાસ્કોમન નામનું ગામડું આવેલું હતું, જ્યાંથી તેઓ ગાડામાં બેસી પૂરવઠો લેવા જતા. એનાથી હજી વધારે દૂર કેસલરી નામનું મોટું ગામ આવેલું હતું, જ્યાં કુટુંબની છોકરીઓને ગાડીમાં ખરીદી માટે લઈ જવામાં આવતી હતી.

ટ્રીટેમ્પલમાં શાળામાં જવાનું શરૂ કર્યા પછી પણ એડી પોતાનો ફાજલ સમય પોતાના પિતા જોડે ઘરકામ કરવામાં ગાળતો. કુટુંબના માણસો એડીને પુસ્તકનો કીડો કહેતા, કારણ ઘરનાં ઢોર ચરાવતી વખતે પણ એની પાસે સ્કોટ કે ડિકન્સની વાર્તાઓ અથવા તો મેકોલેનું પુસ્તક રહેતું.

બીજાં બાળકોની જેમ એ તોફાની હતો કે નહિ એ એક પ્રશ્ન હતો. જે પાદરી નાના ગુનેગારોનું માનસ બરાબર સમજી શકયો એ ત્રણ ક્ષતિઓ માટે એના બચપણમાં જવાબદાર હતો.

(૧) તુર્કસ્તાનના એલચી સર નીકોલસ ઓકોનરની વાડીમાં સફરજનના ઝાડ પર ચઢતો. પણ સફરજન લે તે પહેલાં રખેવાળે પકડ્યો અને એના પિતા જહોન, ભાઈ પેટ્રીક અને મા નોરા ફ્લેનેજનને એની જાણ કરવામાં આવી. બાઈબલમાંની માર્થાને અનુરૂપ એ બનાવ હતો.

(૨) કોઠારની પાછળ ભરાઈને જૂની ચૂંગી પીધી. આની જાણ કોઈને થઈ નહિ, પણ પેટમાં થયેલી વ્યથાની શિક્ષા થઈ.

(૩) એક ગુંડા જોડે યુદ્ધ કર્યું અને તેને હરાવ્યો. અલબત્ત, આ યુદ્ધ કેવળ સ્વબચાવમાં જ કરવામાં આવ્યું હતું અને એ એનું છેલ્લું યુદ્ધ જ હતું.

પોતાના સમયમાં બાળગુનેગારોને જે સૌથી વધારે સરસ રીતે સમજી શક્યો તે માણસે પોતાના બચપણમાં આદરેલાં આટલાં તોફાનો હતાં.

ઘણી વાર એ પોતાના બારણામાં રાત્રી આવતા પહેલાં પડતું ધુમ્મસ અને પોતે ચૂલાની નજીક બેસતો તે, પોતાના દાદાનો ખીલે લટકતો દંડો અને એવાં બીજાં સ્મરણોને યાદ કરતો. એક મોટી કીટલી સગડી ઉપર લટકતી.

એમાં ઊકળતા પાણીનો અવાજ આવતો અને એ રસોડામાં ચા તૈયાર થતી. આખા કુટુંબમાં ગણતરી કરતાં ચાર છોકરાઓ અને સાત છોકરીઓ અને દાદાને ગણતરીમાં લેતાં બધું મળીને ચૌદ માણસો થતાં હતાં. સીલીંગના મધ્યમાં ટાંગેલો એક તેલનો દીવો હતો જેનો ભૂરો કાચ અને પીત્તળના આંકાડાઓ વચ્ચેથી દેખાતી ચોકખી ચીમની આકર્ષક હતી. ચૂલા ઉપર ધાર્મિક ચિત્રો ટાંગેલાં હતાં અને એ ઉપરાંત દિવાલ ઉપરના કપડા ઉપર કાકા અને પિતરાઈઓની છબીઓ લટકતી હતી.

ઓરડાની તળિયેનાં પાટિયાં હંમેશ હૂંફાળાં રહેતાં, ઓરડો ઘર જેવો હતો અને હમેશ એકાદ વધારે બેડ રહેતો. ફ્લેનેજનને તરત જણાયું કે એના મિત્રો કરતાં પોતે વધારે નસીબદાર છે દરેક બાળકને પોતાને છે તેવું રસોડું કે ઘર હોતાં નથી. કેટલાકને ઘેર તો ખેતરમાંથી આણેલા પથ્થરો જ બેસાડવામાં આવ્યા હોય છે. કેટલાકની પાસે ઘાસનો દરવાજો અને નહીં બળી શકે એવાં લાકડાં હતાં. ઘણી વાર દીવાલને અઢેલીને રાખવામાં આવેલાં બે કે તેથી વધારે બિછાનાં હતાં. ત્યાંનાં ધોરણો પ્રમાણે ફ્લેનેજન ધનિક ગણાતા.

જમવાના ઓરડામાં મીણબત્તીના પ્રકાશમાં ઊંચા ટેબલ ઉપર જમણ પૂરતા પ્રમાણમાં પીરસવામાં આવતું. નેલી ફ્લેનેજન પોતાની માતા છોકરીઓને રસોઈ કરતાં, ગૂંથતાં, કાંતતાં અને સાદડી બનાવતાં શીખવતી તે યાદ કરતી. દાદા પેટ્રીક ફ્લેનેજન ઢોરના ડાકટર હતા અને બીજાં સ્થળોનાં તેમ જ લીએગનાં ઢોરોની સંભાળ રાખતા. નેલી કહેતી કે એ પાડોશીઓના ઘોડાઓના રોગ મટાડતા અને પડોશીઓ ભાગ્યે જ એમને બદલામાં કશું આપી શકતા

ફાધર ફ્લેનેજન પોતાના બાલ્યાવસ્થાના ઘરને પોતાના બાળનગરના નમૂના તરીકે ગણતા, જેમાં વિશાળ કુટુંબ હોય અને કુટુંબનો પ્રત્યેક સભ્ય ઉપયોગી કાર્ય કરતો હોય અને એમ એ સ્વયંસંપૂર્ણ એકમ બને. બાળનગરની જેમ અહીં સંગીત સતત ચાલતું. ઘરમાં પિયાનો, વાયોલિન

અને ફ્લ્યૂટ હતાં. સાંજની પ્રાર્થના પહેલાં સંગીતની મહેફિલ જામતી અને છોકરીઓ વાજિંત્રો વગાડતી. નાના એડીનો અવાજ ઘણો સરસ હતો અને તે ઉત્સાહથી ગાતો. પાછલાં વર્ષોમાં એ જ અવાજે અનેક જનોને એણે વિનંતિ કરી હતી.

ઘણીવાર દીવાના ઝાંખા પ્રકાશમાં કે પ્રજ્વળતા ચૂલાના પ્રકાશમાં કે મીણબત્તીના પ્રકાશમાં પ્રત્યેક રાત્રીએ ફ્લેનેજનો મોટેથી સહપ્રાર્થના કરતા અને એમાં આનંદ અને શોકની વિવિધ પ્રાર્થનાઓ આવતી. બાળપણનાં સંસ્મરણોને સાંકળવામાં મદદ કરનાર બીજી વ્યક્તિ ફ્લેનેજનના મોટા ભાઈ પેટ્રીક છે. એ ઓમાહાના દેવળમાં પાદરી હતા અને ઘણા એમને 'ફાધર પી. એ.' તરીકે ઓળખતા.

આ ફાધર પી. એ. નાના એડીને ફાજલ સમયમાં શીખવતા. એ વારંવાર એડીની ઝડપી સ્મરણશક્તિને અને લાંબા સમય સુધી વિચારમાં ઊતરી જવાની ટેવને યાદ કરતા. પોતાના મોટા ભાઈના શિક્ષણને કારણે એડી પાછળથી ત્રણ ધોરણો કૂદી શક્યો. અને જ્યારે પેટ્રીક પાદરી થવાની તૈયારી કરવા ડબ્લિન ઊપડ્યા ત્યારે એડીએ એલીમોના પાદરીને પોતાના શિક્ષક બનાવ્યા અને તેની જોડે એક જ દિવસે ફ્રેંચ, ગ્રીક, અને લેટિનનો અભ્યાસ શરૂ કર્યો. બાળપણમાં પ્રાર્થનાને બળે મૃત્યુના મુખમાંથી બચેલા અને મોટે ભાગે પોતાનો સમય સ્વપ્નાં જોવામાં અને અભ્યાસ કરવામાં ગાળનાર એડીને માટે આ બધું વધારે પડતું બંધનકર્તા હતું.

એની કાકી કહેતાં કે 'એ કંઈક વિશિષ્ટ બનવાનો છે.'

એના પિતરાઈઓ પૂછતા, 'હા, પણ શું?'

એડી આવાં અનુમાન તરફ કશું લક્ષ આપતો નહોતો. આ બધું તો એ જ્યારે નાનો હતો ત્યારનું જ એના મન સાથે એણે નક્કી કરી દીધું હતું. એનાં મા એને એલીમોના દેવળમાં સમૂહ પ્રાર્થનામાં લઈ ગયાં હતાં. અને ઘરડા પાદરીએ–જેને ફ્લેનેજનનાં નામ ઉચ્ચારતાં ઘણી મુશ્કેલી

પડતા–પૂછ્યું, "તમારાં બાળકોમાંનો આ વિચારમય લાગતો છોકરો કોણ છે?"

નોરા ફ્લેનેજને જવાબ આપ્યો, "એ તો એડી છે."

પાદરીએ બાળકના ભરાવદાર વાળ ઉપર હાથ મૂકયો.

એણે ભવિષ્ય ભાખ્યું કે 'કોઈ દિવસ એડી પાદરી થશે.'

વૃદ્ધ મા અને દીકરાએ એકબીજાની સામે જોયું પણ એ વિશે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ. લીએગ જવાના રસ્તા ઉપર પાછા જતી વખતે પુલ ઓળંગતાં પણ આ ભવિષ્યવાણી વિશે એમાંથી એકેએ વાત કાઢી નહીં અને છતાં વર્ષો વહેવા છતાં બન્ને એ ભૂલ્યાં પણ નહોતાં.

'લીએગ હાઉસ'ના મોટા કુટુંબ ઉપર વર્ષો અસર કરતા ગયાં. દાદાનું મૃત્યુ થયું. એડીની મોટી બહેન નેલી અમેરિકા ગઈ અને ન્યૂયોર્કમાં પોતાના પિતરાઈઓ જોડે રહેવા લાગી. બીજી બહેન મેરી અને કેટી પરણી ગઈ.

પેટ ડબ્લીનથી ઘેર આવ્યો હતો અને બહારના ખંડમાં કુટુંબની સભા ભરાઈ હતી. શરૂઆતથી જ એડીએ પોતાના વિચાર જણાવી દીધા હતા. એના ભવિષ્યનું કાર્ય એણે નક્કી કરી દીધું હતું. એ પાદરી થવાનો હતો અને કોઈએ એનો વિરોધ કર્યો નહોતો. બધા જ નોરા ફ્લેનેજન જોડે સંમત થયા હતા કે:

"એમ થવાનું જ હતું. એ એ પ્રકારનો છોકરો છે. ફાધર ફેધરસ્ટોનને ઈશ્વરની ઈચ્છાની ખબર પડી હતી. એડી પાદરી થવાને જ જન્મ્યો હતો."

તે રાત્રે નક્કી કરવામાં આવ્યું કે જ્યાં પેટ્રીક ભણ્યો હતો તે વાયવ્ય કિનારે આવેલા જૂના સ્લીગો શહેરમાં આવેલી સમરહીલ કૉલેજમાં એડીએ અભ્યાસ કરવા ઉપડી જવું.

☞ ૩

## ભણુતર અને ચણુતર

સમરહીલ શાળા એ ખરાબ શાળા નહોતી. તે વખતનાં ધોરણોને આધારે એ સામાન્ય શાળાઓ કરતાં ઘણી સારી હતી. શિક્ષકો સારા હતા અને યુવાનોના શાણા સંરક્ષકો હતા. ઘરથી દૂર આવેલાં સંવેદનશીલ બાળકો પ્રત્યેનો તેમનો પ્રેમ તેમની ભલાઈ કે ડહાપણમાં સમાતો નહોતો.

ઘરથી દૂર રહેવાને કારણે લાગતું એકલવાયાપણું, માબાપના કોમળ પ્રેમનો અભાવ જ એમના આ સમયનાં સ્મરણોમાં ભણેલા પાઠો કરતાં વધારે રહ્યો છે. જ્યારે પાછળથી ફાધર ફ્લેનેજન કિશોરોના શિક્ષકોને અને મદદગારોને એ "માનવ હૃદયનો અવકાશ કોઈ પણ પાર્થિવ વસ્તુથી પુરાતો નથી" એ યાદ રાખવાનું કહેતા ત્યારે એમની સ્મૃતિમાં આ એકલવાયાપણાનો સમય સતત રહ્યા કરતો.

એ દિવસોમાં બાળનગર જેવું અગર દુનિયામાંના કોઇ પણ એવા સ્થળ સાથે સરખાવી શકાય એવું કશું નહોતું. છોકરાઓની દેખરેખ બહુ કડકાઇથી રાખવામાં આવતી અને આમાં પોતાનાં બાળકો માટે પૈસા આપનાર માયાળુ માબાપનાં બાળકોનો સમાવેશ પણ થતો. સામાન્ય વલણ એવું હતું કે બાળકો શયતાનનાં પ્રલોભનોનો શિકાર બને છે. પોતાનું ધાર્યું કરનાર મનસ્વી છોકરાઓને એવી આકરી શિસ્ત હેઠળ મૂકવામાં આવતા કે તેમનામાંની અનિષ્ટ વૃત્તિઓ જતી રહેતી. અને એવી વૃત્તિ દેખાય તે પહેલાં જ શિસ્તનો પાઠ આપવો શરૂ કરવો સારો એમ મનાતું જો છોકરો નાફરમાન રહેવાનું ચાલુ રાખતો તો એને દૂર કરવામાં આવતો.

આવાં બાળકોને જે સંસ્થાઓમાં મોકલવામાં આવતા તે સંસ્થાઓ પાશવી અત્યાચારનાં સ્થાનોસમી હતી. અને તે નાલાયક માણસો દ્વારા ચલાવાતી અને તેમાં ફટકાઓ મારવામાં આવતા.

અલબત્ત, કેટલાંક રાજ્યોમાં પ્રગતિ થઈ છે ખરી, પણ તે દિવસોમાં

જ્યારે એડી સ્લીગોમાં ભણતો હતો ત્યારે તો પ્રગતિની શરૂઆત પણ થઈ નહોતી. દરેક સ્થળે માણસ શારીરિક શિક્ષાને વળગી રહેતો અને તેમાં માનસિક જુલમો ગુજારવામાં આવતા. સમરહીલ કોલેજમાં પણ આવું બનતું.

સમરહીલનું જીવન એને માટે આઘાતજનક હતું. પોતે હોંશિયાર હોવાથી આવી કોઈ મુશ્કેલી નડી નહીં. એના ગુણ ઊંચા રહેતા છતાં કઠોર સંસ્થાના જીવનનો પહેલો પાઠ અહીં એને મળ્યો.

જ્યારે પોતાના વર્ગના જોડીદાર મેકને એ મળ્યા ત્યારે રાત્રી હતી. એ પોતાને ઘેર જવાની તૈયારી કરતો હતો. શાળાના મકાનની પાછળ ઊભા રહી સીગારેટ ફૂંકવાના ગુનાસર એને ઘેર મોકલી દેવામાં આવતો હતો. એડીને પોતાનો માટીની ચૂંગીનો અનુભવ યાદ આવ્યો. જો જહોન ફ્લેનેજનને એની ખબર પડી હોત તો એડીને માર પડત પણ એ કંઈ બહુ મોટો ગુનો નહોતો. મેકની માફક ઘેર મોકલી દેવું એ તો છોકરાના જીવનમાં ધરતીકંપ જેવું ગણાય.

બીજા છોકરાઓ ઘેર મોકલી દેવાયા હતા અને આના કરતાં પણ નાના ગુનાઓ માટે તેમનાં નામો સામે કાઢી મુકાયાની કાળી નિશાની કરવામાં આવી હતી. તે વખતના નિયમો એટલા કઠોર હતા કે છોકરાઓ ભૂલ કરી બેસવાના ડરમાં સતત રહેતા. નાનો હોવા છતાં વિચારવાન એડીને લાગ્યું કે ડરમાં રહેવું એ બાળકો માટે ખોટું છે.

સમરહીલ શાળામાં એણે મેળવેલા ગુણોએ એને વર્ગમાં પ્રથમ સ્થાન અપાવ્યું. રમતો રમવા જતાં એણે પોતાની ઘૂંટી મોચવી અને તે આખા જીવનભર નબળી રહી, કારણ પહેલાં ખેતરમાં કામ કરવા જતી વખતે પણ એક વાર એણે મોચવી કાઢી હતી. પણ હેન્ડબોલ એ એની પ્રિય રમત હતી. જે થોડા ફાજલ કલાકો એને મળતા તે એ હેન્ડબોલ રમવામાં કે સ્લીગોની ફરતે ચાલવામાં કે વાંચવામાં એ ગાળતા. શાંતિની શોધમાં એ કેટલીક વાર રોસીસ પોઈન્ટ સુધી પહોંચતા જ્યાં માછલીઓ પકડવાનું ચાલતું, વહાણના સરદારો ચૂંગીઓ પીતા અને અંગ્રેજોને ગાળો દેતા. કવેસ્ટ્રંટમાં આવેલા સભાખંડમાં એ જતા અને ત્યાં ચાલતા સંગીતમાં ભાગ લેતા.

અહીં જહોન મેક્કોરમેક નામના સમરહીલના ઉપલા વર્ગના યુવાન ગાયકને પહેલી વાર જાહેરમાં સંગીત ગાતા સાંભળ્યા. વર્ષો પછી ફાધર ફ્લેનેજન મેક્કોરમેકને એની અમેરિકાની છેલ્લી સંગીત સભા પછી ચીકાગોમાં મળ્યા હતા. સ્લીગોમાં એ ઉપલા વર્ગમાં અને પોતે પ્રથમ વર્ષમાં હતા એટલે એક જ સ્થળે ભણતા હોવા છતાં એકબીજાને મળી શકયા નહોતા.

એક બીજા મિત્રને એ સ્લીગોમાં મળ્યા હતા. તેનું નામ પી. જી. મેકડરમોટ હતું અને તે હરાજી કરનાર તેમજ સ્ટીમરની ટીકીટના એજન્ટ હતા. ફ્લેનેજન આઈરીશ સુતરાઉ સરસ સૂટ પહેરતા અને મેકડરમોટ જોડે અમેરિકા જનાર છેલ્લા મુસાફરો વિશે અને બીજાઓએ દરિયાપાર મેળવેલી સિદ્ધિઓ વિશે વાત કરતા.

મેકડરમોટ કહેતા, "એક ટીમી રૂરકે છે મેં એને ગજવામાં છ પેન્સ સાથે પરદેશ મોકલ્યો હતો અને હવે ? એની પાસે હોટલ છે. ત્યાંના રાજકારણમાં પણ ભાગ લે છે અને ભવિષ્યમાં મોટો માણસ પણ થશે."

આ ટીકીટએજન્ટ આવી વાતો કહેવાનો રસિયો હતો અને પોતાના ગ્રાહકોને મળેલી સિદ્ધિનો યશ પોતે લેતો.

મેકડરમોટ વળી એને કહેતો કે, "અમેરિકા એ પૃથ્વી ઉપરની, આયર્લેન્ડની બહાર અલબત્ત, મહાન ભૂમિ છે."

એડીને ન્યૂયોર્કમાં રહેલી પોતાની બહેનના પત્રો પણ મળતા અને એ બધા રોમાંચક વાતોથી ભરપૂર હતા. ડરમોટ સાથેની વાતોએ તથા એની બહેનના પત્રોએ એના મનમાં નવો પ્રકાશ જગાડ્યો.

ઉનાળાની રજાઓ ઘેટાંઓની સંભાળ લેવામાં તથા પોતાના વૃદ્ધ થતા જતા પિતા સાથે એ ગાળતો. એડીનાં કઠણ અને અગવડભરેલાં અભ્યાસનાં ચાર વર્ષોનો આ ટૂંકો હેવાલ છે.

જ્યારે સમરહીલમાંથી માન સાથે એ ગ્રેજ્યુએટ થયા ત્યારે એની ઉંમર અઢાર વર્ષની હતી. કોલેજનાં વર્ષો દરમ્યાન એનું શરીર પણ સરસ રીતે વધ્યું. એની ઉંચાઈ છ ફીટની થઈ. એનાં હાડ કઠણ બન્યાં. એના

વાળ ભૂખરા અને દૂર સુધી જોઈ શકે એવી ભૂરી આંખ બની. થોડાં વર્ષો પહેલાં જ એના ભાઈ પેટ્રીક પણ ગ્રેજ્યુએટ થયા અને પાદરી બન્યા. એની પ્રથમ નિમણુંક યુ. એસ. એ. માંના નેબ્રેસ્કા સ્ટેટના ઓમાહા પરગણામાં નવું દેવળ સ્થાપવાના કામમાં મદદ કરવા માટે થઈ.

એવું ધારવામાં આવતું હતું કે એડી પણ ડબ્લિનમાં જઈ એ જ શાળામાં પાદરી થવા માટેની તાલીમ લેશે. પણ યોજનાઓ ફરી ગઈ કારણ આ વખતે નેલી લીએગની ટૂંકી મુલાકાતે ન્યૂયોર્કથી આવ્યાં હતાં.

હવે તો આ મોટી બહેન આત્મશ્રદ્ધાવાળી તેજસ્વી સ્ત્રી બન્યાં હતાં. જ્યારે જ્હોન અને નોરા ફ્લેનેજનને તેમજ ખાણું લેતી વખતે બેઠેલા સૌને એણે ન્યૂયોર્કની વાત કહેવા માંડી ત્યારે વાતાવરણમાં જબરો ઉત્સાહ ફરી વળ્યો. નેલીના મનમાં અનેક વિચારો ઊભરાતા હતા. શા માટે એડીએ એની સાથે અમેરિકા જઈ ત્યાં જ અભ્યાસ પૂરો ન કરવો ?

જ્હોન ફ્લેનેજન અને નોરાએ ઘણા દિવસો સુધી આ વિશે વાત કરી. બાળકો મોટાં થઈ ગયાં હતાં. કુટુંબ વિખરાતું જતું હતું. નાના એડીને દૂર જતો જોવાનું મુશ્કેલ તો હતું જ. અને છતાં એમાં લાભ હતા એ પણ ચોક્કસ. એ કરવા જેવું પણ હતું. અને જ્હોન ફ્લેનેજને પોતાના કુટુંબનો નિર્ણય જણાવી દીધો.

•

☞ ૪

## ગંભીર માંદગી

જે નવી દુનિયા એ શોધતો હતો તે ભભકવાળી અને ડરાવે એવી હતી. નેલીએ વર્ણવેલા એવા જ ભવ્યતાવાળાં મકાનો હતાં. ઉનાળાનો એ સમય હતો અને સ્ત્રી-પુરુષો નવાં કપડાં પહેરી હોડીની બેટ ઉપર સહેલગાહ માટે ઊપડતાં.

એના મામા ન્યૂયોર્કમાં સારી રીતે સ્થિર થયેલા હતા અને એ સીધા જ એને 'નાના આર્ચબિશપ હાલે' તરીકે ઓળખાતા પાદરી પાસે લઈ ગયા. ફ્લેનેજનને જે રમૂજી સ્વાગત પ્રાપ્ત થયું અને પોતાની આશા ઉપર જે ટાઢું પાણી રેડવામાં આવ્યું તે સ્મરતું હતું. આ આર્ચબિશપ પોતાના મકાનના દીવાનખાનામાં બેસીને આ યુવાનની વિનંતી સાંભળી રહ્યા હતા.

"તમે પાદરીપદનો અભ્યાસ કરવા આતુર છો, પણ સાથે સાથે નિમણૂંક પણ તમારે તાત્કાલિક જોઈએ છે, કેમ ? તમારી ઉંમર કેટલી છે?"

"અઢાર, નામદાર."

"તમારી પાસે ડિગ્રી છે?"

"ના, નામદાર."

આર્ચબિશપે માથું ધુણાવ્યું. એણે કહ્યું, "ડનડીવુડીમાં ભણવા માટે તમે ઘણા નાના છો! પણ એ માટેની તૈયારી કરવા માટે કદાચ નાના નહિ પડો."

આ સામે કોઈ દલીલ થઈ શકે એમ હતું જ નહિ. એના એક મામા શાળાનો ખર્ચો આપવા તૈયાર હતા અને ફરી બીજાં ત્રણ વર્ષ શાળામાં ગાળવા એ રવાના થયા.

બાળકો મોટાં થતાં કુટુંબ વિખેરાવા લાગ્યું હતું તે પાછું અમેરિકામાં થોડે અંશે ભેગું થવા લાગ્યું. જ્હોન અને નોરા ફ્લેનેજનને પોતાનાં બાળકો દૂર જતાં એકલવાયાપણું લાગવા માંડ્યું અને તેથી તેમણે પોતાની માલમિલકત વેચી અમેરિકા તરફ પ્રયાણ કર્યું.

માબાપ ન્યૂયોર્કમાં નેલી સાથે રહેતાં હતાં, પણ તેમની મુખ્ય ચિંતા ડીને માટે હતી. બધા જાણતાં હતાં કે નાનપણથી જ એ નબળો હતો ને ભયંકર શરદીના વ્યાધિથી પિડાતો હતો. જ્યારે નેલીને ખબર પડી કે ડીએ ક્ષયની હૉસ્પિટલની મુલાકાત લેવા માંડી છે, ત્યારથી એની ચિંતા



બાળનગરના બાળકો

વધી ગઈ, કારણ કે એ એમ પણ જાણતી હતી કે એ ઘણું સખત કામ કરે છે. ડન્ડીવૂડમાંનો એનો અભ્યાસક્રમ જ પૂરતી મહેનત માગી લે એવો હતો અને તે ઉપરાંત હોસ્પિટલની મુલાકાત લેવાનું કામ કરવું એ એના જેવા માટે ઘણું વધારે પડતું હતું. પણ એડી આવી શિખામણ વખતે એને ચુંબન કરીને એનો ભય દૂર કરવા મથતો. ૧૯૦૮ની નાતાલ સુધી તો એણે એને ખાત્રી કરાવી પણ તે નાણાંકીય કટોકટીના વર્ષમાં શિયાળો પણ ભયંકર નીવડ્યો.

નાતાલના દિવસે સવારમાં સેન્ટ જોસેફના વિદ્યાર્થીઓને શહેરમાં સેન્ટ પેટ્રીકના દેવળમાં સમૂહ પ્રાર્થના માટે લઈ જવામાં આવ્યા. આવે પ્રસંગે દેવળ ઊભરાઈ જતું, તેમ બરફ પડ્યું હોવા છતાં દેવળ ઊભરાઈ ગયું. ભીડને કારણે વિદ્યાર્થીઓને એક ખૂણામાં અકડાઈને ઊભા રહેવું પડ્યું ને એડીને ગરમ ભૂંગળાને કરોડ ટેકવી ઊભા રહેવાનો વખત આવ્યો.

લાંબી પ્રાર્થના બાદ ઘણી ગરમીમાંથી એકદમ એ બહાર સખત ઠંડીમાં આવ્યો. પવનની સામે બરફને ખૂંદતો એ 'ઈસ્ટ ટવેન્ટીએથ સ્ટ્રીટ'માં પહોંચ્યો. નોરાએ પીરસેલું જમણ જમતાં જ એણે ઉધરસ ખાવા માંડી અને જ્યારે ડન્ડીવૂડ પાછો ગયો ત્યારે તો એ માંદો પડી પથારીવશ બન્યો.

એના સાથીઓએ એને દવાખાને પહોંચાડ્યો અને ડાકટરો એને તપાસતાં જ એટલા ગભરાઈ ગયા કે નોરા અને જ્હોન ફ્લેનેજનને પણ બોલાવવામાં આવ્યા. મુખ્ય ડાકટરે કહ્યું કે તેમના છોકરાને 'ડબલ ન્યુમોનિયા' થયો છે ને જીવ જોખમમાં છે.

આ વૃદ્ધ દંપતી સમજી ગયાં. જો એનાં ફેફસાંને અસર પહોંચશે તો એને સારો થતાં વર્ષો જશે. એ દિવસે તો કોઈને આશા નહોતી કે એડી કોઈ દિવસ ભવિષ્યમાં પાદરી થવા જીવશે!

●

## ૫

# વાદળ વિખરાયાં

ત્રણ મહિના પછી ડાકટરોને લાગ્યું કે એડી સારો થશે, પણ તે એક વર્ષ માટે પોતાનો અભ્યાસ છોડી દે તો. ખાનગીમાં એણે એની મુલાકાત લેનાર ફાધર ફ્રાન્સીસ ડફીને આ નિર્ણય સાથે સંમત થવાની ના પાડી. તે વખતે બન્નેમાંથી કોઇને ખબર નહોતી કે ફાધર ડફીને પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન અમર કીર્તિ પ્રાપ્ત થવાની છે. આજે પણ ન્યૂયોર્કના એક અતિ ઉદ્યમી ભાગમાં એનું સ્મારક ઊભું છે.

ફાધર ડફી પોતાના માંદા વિદ્યાર્થીના બળવાખોર વિચારો સાંભળી રહ્યા. એને તો પોતાનું બિછાનું છોડી પોતાના વર્ગોમાં પાછા જવું હતું!

“પણ એ તો તારા જીવનને માટે જોખમકારક છે. અને ઈશ્વરે બક્ષેલા કીમતી જીવનને જોખમમાં મૂકવાનો તને અધિકાર છે ખરો?”

“ઈશ્વરે તો મને જીવનની સાથે કોઈ હેતુ પણ બક્ષ્યો છે ને?”

“તને શા ઉપરથી લાગ્યું કે એ હેતુ તને પાદરી બનાવવાનો જ છે?”

એડીએ સહેજ વિષાદપૂર્ણ સ્મિત સાથે કહ્યું. “કારણ હું બીજા કશા માટે લાયક નથી.”

ફાધર ડફીએ પોતાની આંખ નીચે ઢાળી દીધી, કારણ આત્મા પાસે દોરવણી મેળવવા માટેની એની રીત આવી હતી. તરત તો આ પ્રશ્ન ઉકેલ્યા વિના એ ચાલ્યા ગયા. પણ એડીના મનમાં એનો ઉકેલ તો ક્યારનોય સ્પષ્ટ રૂપે આવી ગયો હતો. જેમ અંધારું થતું ગયું, તેમતેમ એડીનું મન ફાધર ડફીએ રજૂ કરેલા પ્રશ્નો ઉકેલવા મંડી ગયું, શા માટે પાદરીપદ એને માટે આટલા બધા મહત્ત્વનું હતું? એ જાણતો હતો કે કેવળ ટેવ કે ભૂમિકા કરતાં પણ એ વધારે હતું. લાંએગના ઘરમાં પડેલી ધાર્મિક અસરો કરતાં પણ એ કંઈક વધારે હતું. પિતા તરફથી મળેલી કેળવણી કે પવિત્રતા

કરતાં પણ એ સવિશેષ હતું; અથવા તો પાદરી બનેલા એના ભાઈનું માત્ર અનુકરણ કરવા કરતાં પણ એ વિશેષ હતું.

આ બધી તો હકીકત હતી, પણ કંઈ સમજવા માટેનાં કારણો નહોતાં. પાદરી થવા માટેનો અંતરસાદ એને સંભળાતો હતો. જેવી રીતે કેટલાક માણસો વિજ્ઞાની તરીકે, કારીગર તરીકે કે કવિ તરીકે જન્મે છે તેમ એનો જન્મ ઈશ્વરનું કાર્ય કરવાને માટે થયો હતો.

બપોરના એણે આંખ બંધ કરી પ્રાર્થના કરવા માંડી. એની સારવાર કરનારે દવા લાવતી વખતે આ યુવાન દરદીને ઓશીકાને અઢેલી ટટાર બેઠેલો જોયો. એની આંખ બંધ હતી. એના હોઠ હાલતા હતા અને એની આંગળીઓ માળાના મણકાઓ ઉપર હતી!

એનો જવાબ બીજે દિવસે જ્યારે નોકરે પુસ્તકો, પેન્સિલ અને કાગળો આપ્યા ત્યારે જ મળી ગયો. એણે આ બધું કોઈ પણ ઉપચાર વિના પથારી પર મૂક્યું.

"તમે જ ફ્લેનેજન છો ને! આ પુસ્તકો તમારે માટે છે. તમે ભણવાનું છોડી દેવાનો વિચાર કરતા હો તો તમે ભૂલ કરો છો. તમારે પથારીમાં રહી ભણવાનું છે."

પાછળથી ફાધર ડફીએ સમજાવ્યું કે ડાકટરોએ એને રોજના બે કલાક વાંચવા દેવાની છૂટ આપી છે.

"મારી સાથે–તમને મદદ કરવા." પાદરીએ આંખ પલકારતા કહ્યું.

ફાધર ડફી રોજ મુલાકાતે આવવાનું બિલકુલ ચૂક્યા નહિ. રોજ બપોરે બન્ને જણા 'ધર્મવિદ્યા'ના પ્રથમ વર્ષનો અભ્યાસ બે કલાક કરતા. આ મુલાકાતો દરમ્યાન ફાધર ડફીની સમર્થ ને તીક્ષ્ણ બુદ્ધિએ કરેલી અસર એના ઉપર જીવનભર મહત્ત્વની બની રહી. એનો આત્મા ઉદાર હતો અને બુદ્ધિ તીક્ષ્ણ હતી.

સત્રના પાછલા ભાગમાં ફ્લેનેજન પથારીની બહાર આવવાને શક્તિમાન બન્યો. એની સારવાર કરતા કઠોર ચહેરાવાળા ડૉ. જર્કોન બ્રેડી

જે ધર્મના સિદ્ધાંતના શિક્ષક પણ હતા, તેણે એને કદાપિ થકવી નાખે એવી મહેનત ન કરવાની આજ્ઞા કરી. એને હજી ઉધરસનાં ખાંખણાં આવતાં હતાં.

એનું ધ્યેય તો પરીક્ષા પાસ કરવાનું હતું અને જેમ જેમ સમય નજીક આવતો ગયો, તેમ તેમ એણે વર્ષો પૂર્વે સ્લીગોમાં કરેલું તેમ મોડી રાત સુધી વાંચવા માંડ્યું. વારંવાર ફાધર ડફીએ આવી સખત મહેનત સામે ચેતવણી આપી. એની ઉધરસ પણ વધવા માંડી હતી. પણ વર્ષનું કામ પૂરું કરવાની ધગશવાળા ફ્લેનેજન કશાથી રોકી શકાયા નહિ.

એણે ઊંચા માન સાથે પરીક્ષા પાસ કરી. જે વિદ્યાર્થી દિવસો સુધી વર્ગમાં ગેરહાજર રહેલો હતો તે ઉપલે ક્રમે આવ્યો તે જોઈ શિક્ષકો પણ ચકિત થયા.

પણ એની ભારે કિંમત એને ચૂકવવી પડી. તપાસ રાખતા ડૉકટરોએ જોયું કે એનાં ફેફસાં બરાબર નથી અને ક્ષયનો ભય ઊભો થયો છે. એમણે ડાકટરોની સભા ભરી. જ્યારે એમણે ફ્લેનેજનને બોલાવ્યા ત્યારે તેમના ગંભીર ચહેરા ઉપરથી જ એ સમજી ગયા કે તેમનો નિર્ણય એની વિરુદ્ધ છે. ડૉ. બ્રેડીએ સમભાવપૂર્વક સમાચાર કહ્યા. નબળી તબિયતને કારણે એ બીજા સત્ર માટે ડન્ડીવૂડ જઈ શકે એમ નહોતું.

ફ્લેનેજને વારાફરતી બધા ચહેરા તરફ આશાનું કોઈ કિરણ મેળવવા જોયું અને છેવટે પૂછ્યું :

"ત્યારે મારે શું કરવું? મને ક્યાં જવાનું તમે સૂચવો છો?"

"તમને ચોકખી અને સૂકી હવાની જરૂર છે." ડૉ. બ્રેડીએ કહ્યું.

"તમે પશ્ચિમમાં હવાફેર માટે જઈ આવો." બીજાએ ઉમેર્યું.

પોતાના ઓરડામાં એકલા રહી પોતાની નિરાશા દબાવવા અને દોરવણી મેળવવા એણે પ્રાર્થના કરવા માંડી. અંધારામાં માર્ગ મેળવવાના પ્રયત્નમાં એની નજર એના મોટા ભાઈ પેટ્રીક તરફ વળી, જે પશ્ચિમમાં

ઓહામામાં પાદરી હતા. એ વારંવાર ત્યાંની તંદુરસ્ત અને ચોકખી હવા માટે લખ્યા કરતા હતા.

બીજે દિવસે એડીએ પોતાનાં માબાપ અને બહેનને ડન્ડીવૂડની હકીકત કહી અને તરત જ નવી યોજના ઘડવા માંડી. નેબ્રેસ્કામાં જ્યાં એના ભાઈ પેટ હતા ત્યાં એ જવા ઇચ્છતા હતા.

"અને જો આપણે બધાં ત્યાં જઈએ તો તો વધારે સારું."

ફાધર પેટ્રીકના ભ્રમ ભાંગતા કાગળો છતાં ફ્લેનેજન કુટુંબને માટે ઓહામા એ કોઈ વિષાદપૂર્ણ નાટકમાં આવતા જંગલી સીમાડા જેવું હતું. માને તો એ અસંસ્કૃત જ લાગતું હતું.

એડીએ એને ખાત્રી આપતાં જણાવ્યું કે, "એ એવું નથી. અરે, એ તો ઘણી રીતે આયર્લેન્ડ જેવું છે. ઘણા આયરીશો સીધા પોતાના મૂળ દેશમાંથી ત્યાં ગયા છે."

આ સિદ્ધ કરવા ઘણી દલીલો કરવી પડી. પણ અંતે એડી બધાંની સંમતિ મેળવવામાં સફળ થયા.

અને ટોસકોમનના બીજા આયરીશો ઓમાહને રસ્તે ચાલ્યા.

જ્યારે પહેલી વાર ઓમાહામાં આખું કુટુંબ સાથે ખાણું લેવા એઠું ત્યારે તેમને ખૂબ મઝા પડી. નેલી અને તેની મા ફાધર પેટ્રીકના મકાનના રસોડામાં હતાં. બીજી કેટલીક છોકરીઓ પણ હતી. સૌથી નાનો માઈકલ પણ હતો. એ ગાયક થવાનો હતો પણ ઘણી નાની ઉંમરમાં કરુણ મૃત્યુ પામ્યો.

આજની રાતે તો બધાં સાથે ભેગાં થયાં તેનો જ આનંદ હતો. ભૂતકાળમાં લીએગમાં મા રસોઈ કરતી તેમ આજે પણ એણે કરી. અને શ્વેત દાઢીવાળા જહોન ફ્લેનેજને જમતાં પહેલાં પ્રાર્થના કરાવી.

મુખ્ય તો ભૂતકાળનાં સંસ્મરણો વિશે જ વાત ચાલી. જ્યારે સર નીકની વાડીમાં સફરજન લેવા એડી ગયેલો તે, નાતાલની ઉજવણી વખતે

ઘણાં સગાંઓ આવતાં અને બધાંને સમાવવાની જે મુશ્કેલી પડતી તે, ઉત્સવો વખતની ઉજાણી અને કોણ કેટલું ખાતું તે આજે બધાં યાદ કરવા લાગ્યાં.

પણ એ બધાંને એડીની યોજના વિષે તો ચિંતા થયા જ કરતી. બધાંને મનમાં તો લાગતું જ કે પાદરી થવાનું એનું સ્વપ્નું જોખમકારક છે. પણ તે રાત્રે તો એ વિશે કોઈ કશું બોલ્યું જ નહિ.

થોડા દિવસ પછી ફાધર પેટે પોતાના નાના ભાઈ જોડે વાત શરૂ કરી. એ પોતાના નાના ભાઈ કરતાં વધારે ઊંચો, ભારે શરીરનો ને સારા સ્વભાવનો માણસ હતો. ઊંડી સમજણ અને સમભાવવાળો એ પાદરી હતો. બહારથી આનંદી અને બેદરકાર લાગતો, છતાં એના વિચારો ગંભીર હતા.

"હવે આ રસ્તે ઠોકર વાગી, અને વધારે મહેનત કરવાથી થતા નુકસાનનો પાઠ તો તને મળ્યો જ હશે." એણે શરૂઆત કરી.

"પેટ્રીક, તને લાગે છે હું અભ્યાસ છોડી દઈશ ?"

"બીજા માને છે કે તારે એમ કરવું જોઈએ. પાદરીને રાત અને દિવસ કામ કરવું પડે છે. અને કેટલાક ધારે છે કે તારામાં એ માટેની શકિત નથી..."

"પણ અત્યારે અભ્યાસ ચાલુ રાખવો. એ જીવને જોખમમાં મૂકવા જેવું છે—" લગભગ આજ શબ્દો ફાધર ડફીએ વાપર્યા હતા.

"તો ભલે એ રસ્તે જતાં એમ થાય."

ફાધર પી. એ. બારી બહાર છૂટાછવાયાં આવેલાં મકાનો તરફ જોયું. એડીએ કહ્યું, "પણ મને લાગતું નથી કે હું મરી જઈશ. હમણાં તો નહિ જ. ઈશ્વર જરૂર મને મદદ કરશે."

એના મોટા ભાઈ એની આત્મશ્રદ્ધા જોઈ રહ્યા અને એનાથી સ્મિત કરી જવાયું. "હું માનું છું કે એમાં ગભરાવા જેવું ખાસ કંઈ નથી. આપણે શું કરી શકીએ તે જોઈશું."

ફાધર પી. એ.ની મારફત ઘણું ફરેલા અને મોટી શાળાઓમાં ભણેલા બિશપ સ્કેનલ સહિત એ ઘણા અગ્રણીઓને મળ્યો.

"એક જગ્યા એવી છે જ્યાં તમે જઈ શકો, જ્યાં તમે વધારેમાં વધારે ભણી શકો. જો તમારી તબિયત–" બિશપે કહ્યું.

વૃદ્ધ ધાર્મિક પુરુષને ખાત્રી આપતા એડીએ કહ્યું, "નામદાર, હવે હું તંદુરસ્ત છું. ઉધરસ જતી રહી છે. વજન વધ્યું છે. ફરી શક્તિ આવી છે. ડન્ડીના ડાકટરોએ મારે માટે અભિપ્રાય આપવામાં ભૂલ કરી છે. ક્યાં છે એ જગ્યા?"

"રોમ."

ફ્લેનેજને આ સ્થળ ધાર્યું ન હતું. અહીંની આ ભૂમિમાં એ નામ ઇતિહાસની કોઈ પુરાણી તવારીખ જેવું લાગ્યું.

બિશપે આગળ કહ્યું, "પરંતુ એક એવી મોટી લાયકાતની આવશ્યકતા છે અને તે જ યુવાનને રોમમાં પોતાનો પાદરી પદનો અભ્યાસ પૂરો કરવા મોકલી શકે. અને તે લાયકાત તે ઉત્તમ પ્રકારની વિદ્વત્તા. એડી, તમારામાં તે લાયકાત છે. ત્યાંનો તારો નિભાવ હું કરીશ. હવે તને શેની ચિન્તા છે?"

આ તો અણધાર્યો રણશીંગાના વાગવા જેવું લાગ્યું.

એડીએ કહ્યું, "પૃથ્વી ઉપરની કોઈ પણ જગ્યા કરતાં હું ત્યાં જઈ શકું તો—"

ત્યાર પછી તે લોકોએ એડીના ભૂતકાળના અભ્યાસની અને ભાવિની પૂર્વ તૈયારી કરવાની વાત કરવા લાગ્યા. બધું બરાબર વ્યવસ્થિત થયું. સેન્ટ મેરી અને સેન્ટ જોસેફ શાળાઓમાં મળેલા ગુણોને લીધે એને પ્રવેશ તો તરત મળી ગયો.

"હવે તારે વિચાર કરવાનો છે. મને જણાવજે." બિશપે કહ્યું.

ફરી વાર કુટુંબની સભા મળી. અને ફરી વાર નાના એડીએ બધી મુશ્કેલીને દૂર કરી.

ઉનાળાના પાછલા ભાગમાં હવે તો રીઢો મુસાફર બનેલો એડી ન્યૂયોર્ક એકલો ગાડીમાં આવ્યો. થોડા દિવસો પછી એ દરિયાઈ મુસાફરીએ ઊપડ્યો.

●

☞ ૬

## ઊથલો

જ્યારે ૧૯૦૭ના ઑક્ટોબરની ચોથી તારીખે ફ્લેનેજન રોમમાં આવ્યો, ત્યારે એને ગ્રેગેરીઅન યુનિવર્સિટીમાં દાખલ થવું પડ્યું યુનિવર્સિટીના જે ખાતામાં એડવર્ડ ફ્લેનેજન રહીને ભણતો હતો તે 'કોલેજીઓ કોપ્રાનિકા' કહેવાતું અને તે ઈ.'સ. ૧૪૫૭માં કાર્ડિનલ ડોમિનીક કોપ્રાનિકાએ સ્થાપ્યું હતું.

આજે છે તેમ ફ્લેનેજનના દિવસોમાં પણ યુનિવર્સિટી 'સોસાયટી ઓફ જીસસ'ના અધિકાર હેઠળ હતી અને મુખ્યત્વે મોટા ભાગના પ્રોફેસરો જેસુઈટ પાદરીઓ હતા. આનો અર્થ એ નથી કે ફાધર ફ્લેનેજન જેસુઈટ હતા. એ આકરા પંથમાં દાખલ થવા કે બીજા કોઈ પંથમાં દાખલ થવા એ ભણ્યા નહોતા. માત્ર જેસુઈટ શિક્ષકોના હાથ હેઠળ એમને ભણવાનું જ પ્રાપ્ત થયું હતું. આ શિક્ષકો દુનિયાના બધા જ ભાગમાંથી આવતા હતા. પોતપોતાની ભાષાઓ બોલતા અને થોડા રોમન પાદરી શિક્ષકોની મદદ દ્વારા શીખવતા.

વિદ્યાર્થીઓ કોઈ પણ વિશિષ્ટ સંપ્રદાયમાં જોડાયા સિવાય પાદરીપદની શિક્ષા માટે સર્વ સ્થળેથી આવતા. વાસ્તવમાં કેથોલિક સંપ્રદાયનાં સ્થળોમાં કોઈ પણ સ્થળ આવું સર્વધર્મી સ્થળ નહિ હોય.

અહીં દુનિયાની વિવિધ પ્રજાના પ્રતિનિધિઓના સંપર્કમાં આવવાની તક મળી, તે જ પાછળથી ફાધર ફ્લેનેજનને દુનિયાના બધા લોકો જુદા જુદા ધર્મના અને રાષ્ટ્રના, ભેગા મળી એક સારું કામ કરી શકે છે એ સિદ્ધાંતમાં મદદરૂપ બની. એ પોતે પોતાના વર્ગમાં વિવિધ ભાષા બોલતા અને વિવિધ રાષ્ટ્રના લોકો જોડે મળતા અને સાથે બેસતા. બધા ભેગા મળી આધ્યાત્મિકતાનો અભ્યાસ કરતા હતા.

રોમમાં વિદ્યાર્થીઓનું કાર્ય વહેલી સવારથી શરૂ થતું. સવારમાં સાત વાગ્યે નાસ્તા પછી સમૂહ પ્રાર્થના કરવામાં આવતી. આઠ વાગ્યે વર્ગો શરૂ થતા અને બપોર સુધી ચાલુ રહેતા. એમાં જમવાનો અને આરામનો થોડો વખત મળતો. એમાં પાઠ્યપુસ્તકોનો અભ્યાસ, વ્યાખ્યાનો અને જૂનાં પુસ્તકોમાંથી સંશોધનના વિષયો ચર્ચવામાં આવતા. છેક સાંજને વખતે એ કોઈ પુસ્તકાલયમાં લેટિનનો અભ્યાસ કરતા.

ઘેર કરવાનું કામ પણ પુષ્કળ હતું અને આરામ જોગો વખત જ નહોતો મળતો. સાંજનો પાછલો ભાગ અભ્યાસમાં અને બીજા દિવસના વિષયો વાંચવામાં જતો. અહીં એ મોડી રાત સુધી પોતાના અભ્યાસમાં રોકાયેલા જોવામાં આવતા. ફ્લેનેજનને એમ લાગતું કે પોતે ગુમાવેલા સમયને કારણે બીજાઓ કરતાં પોતે વધારે સખત કામ કરવું જોઈએ.

અઠવાડિયાના પાંચ દિવસો એ વ્યાખ્યાનોમાં હાજરી આપતા. વારંવાર સમગ્ર વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીમાં ચર્ચા સભાઓ યોજાતી. બધાં વ્યાખ્યાનો લેટિનમાં અપાતાં અને બધી પરીક્ષાઓ પણ લેટિનમાં લેવાતી. આ ભાષા બધા જ વિદ્યાર્થીઓ વાપરતા.

આ વ્યાખ્યાનો સોમ. મંગળ, બુધ, શુક્ર, અને શનિવારે આપવામાં આવતાં અને એક એક કલાકના રોજ પાંચ વ્યાખ્યાનો થતાં. ફ્લેનેજન રોમમાં આવ્યા પછી એક મહિને–ચોથી નવેમ્બરે–વર્ગો શરૂ થયા, અને જુલાઈના પહેલા અઠવાડિયામાં એની પરીક્ષા થનાર હતી. અહીં પણ ફ્લેનેજનને પોતાની ભવિષ્ય જોવાની શક્તિની ઊણપ ખટકી.

ગુરૂવારે અને રવિવારે વિદ્યાર્થીઓ રોમનાં પ્રસિદ્ધ દેવળો અને જય પરાજયનાં પુરાણાં સ્થળો જોવા જતા. આ પ્રસંગોએ ફાધર ફ્લેનેગન પોતાના નવા મિત્રો જોડે જતા જે પાછળથી જીવનભરના મિત્રો બન્યા. એના મિત્રોમાં ઈટાલીના એનરિકો ડાન્ટે અને ડીટ્રોઈટના વતની જોન સી. વિસ્મરા હતા. આ ત્રણે જણા સાથે આવાં સ્થાનો જોવા જતા. થોડાં વર્ષો પછી આ બન્ને મિત્રોએ બાળનગરની એક સાથે મુલાકાત લીધી હતી. આ બન્નેમાંથી એક રોમના રાઈટ રેવરન્ડ મોનસ્યોર દાન્તે અને બીજા રાઈટ રેવરન્ડ મોન્સ્યોર વિસ્મારા બન્યા હતા.

આ બન્ને પુરાણા મિત્રો બાળનગરના દેવળમાં ફાધર ફ્લેનેજનના કોફીન આગળ હાજર હતા અને તે વખતે બન્નેએ રોમના વસવાટના દિવસો જ નહિ પણ દુઃખદાયક વિદાયવેળાને યાદ કરી હતી. એમને સૌથી વધારે સ્મરણ તો ૧૯૪૮માં ફાધર ફ્લેનેજન રોમ પાછા ફર્યા તે સમયનું થતું હતું. પેટ્રીક નોર્ટનની સાથે બર્લિનમાં એમનું મૃત્યુ થયું તે પહેલાં મોનસ્યોર ડાન્ટેના એ મહેમાન બન્યા હતા.

નવેમ્બરની શરૂઆતમાં રોમનાં ઘણાં વર્ષોમાં ન જામ્યો હોય એવો શિયાળો બેઠો. વરસાદ અને ઠંડી સર્વત્ર શરૂ થઈ. જે કંઈ ઓમાહાની સૂકી હવામાં જતો રહ્યો હતો તે અને નાનપણમાં જે ઘૂંટી મોચવાઈ હતી તે પાછાં પીડાકારક બન્યાં. એડી પોતાનું શારીરિક દુઃખ ભૂલવા વધારે તન્મયતાથી અભ્યાસ કરવામાં ગુંથાયા. આની ઘણી માઠી અસર એની તબિયત પર થઈ. એક અધ્યાપકે તો આ વિશે એને ચેતવણી પણ આપી, "ફ્લેનેજન, મેં તારા જેવા ઘણા જોયા છે. ગતિ ધીરી કર અથવા—"

જાન્યુઆરીમાં એને વધારે અશક્તિ થઈ ગઈ અને છેવટે ડાકટર પાસે જવું પડ્યું. ઘણાં દુઃખ સાથે એણે આમ કર્યું. એને પોતાની તબિયત પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન થયો.

ડાકટરે કહ્યું, "તમે તમારી જાતને વધારે પડતી શિક્ષા કરી રહ્યા છો. હવે એવી મૂર્ખતા પૂરી થવી જોઈએ. હું તમને એમ નથી કહેતો કે તમારે મહેનત ઓછી કરવી જોઈએ. પણ હું તો તમને અભ્યાસ

છોડી ઘેર જવાને કહું છું."

ફ્લેનેજને પૂછ્યું, "હું નહિ છોડી દઉં તો?"

"હું તમને છોડવાની આજ્ઞા તો નહિ કરી શકું પણ તમને એટલું તો ચોક્કસ કહું છું કે જો તમે વધારે વખત રોમમાં રહેશો તો જલદી મરી જશો."

અને ફરીથી પાદરી થયા વિના જ ફ્લેનેજને પાછો આટલાંટિક ઓળંગી ઓમાહા તરફ મુસાફરી શરૂ કરી. એની નિરાશા વધી ગઈ. ભવિષ્ય જોવાની એનામાં શક્તિ નહોતી એટલે એ જોઈ શક્યો નહિ કે એની શ્રદ્ધા અને ઉત્સાહને કારણે આ જ ઈટાલીનાં બાળકો એની પાસે ભવિષ્યમાં કોઈ કાળે આશ્રય લેવા આવશે, અને આ રોમના જ એક પરગણામાં બાળનગર સ્થપાશે. જેમ જેમ એ અમેરિકાના કિનારાની વધારે નજીક આવતો ગયો તેમ તેમ એની એકલવાઈ મુસાફરીમાં પોતાની મૃત આશા અને ઉજ્જડ વર્તમાન વિશે જ એને વિચારો આવતા હતા.

આખું કુટુંબ ઓમાહા સ્ટેશને આવ્યું હતું. પરાણે સૌ આનંદ પ્રદર્શિત કરતા હતા. એને કોઈએ ઠપકો આપ્યો નહિ. બધા જ એમ ઇચ્છતા હતા કે એને હૂંફનો અનુભવ થાય અને કોઈ "મેં કહેલું જ હતું" એવા શબ્દો ઉચ્ચારી એને દુભવે નહિ.

જ્યારે સૌએ એને વિશે છેવટનો નિર્ણય લીધો ત્યારે એણે કહ્યું કે "ભાવિમાં જે થવાનું હોય તે થાય, પણ પરાધીન તરીકે કદી બેસી રહીશ નહિ. જેમ બને તેમ જલદી મારે કામ કરવા તો જવું જ પડશે." પોતાના ભાઈને એણે કહ્યું, "તમે એમ તો નહિ જ કહો કે હું કંઈ પણ કર્યા વિના બેસી રહું."

ફાધર પી.એ. એ જરા ગુસ્સામાં કહ્યું, "એડી, તારે જીવવું હોય તો એમ કરવું જ પડશે."

સખત ઠંડી જતી રહી, વસંત આવી અને હવા ટોનિક જેવી સ્વચ્છ બની ગઈ. ગામની બહાર આવેલા પોતાના રહેઠાણે પાછા ફરેલા મુસાફરે

પોતાના ભાઈ અને ડાક્ટરોની આજ્ઞા પાળવા માંડી–એણે ખૂબ ચાલવાનું શરૂ કર્યું. તડકામાં આવી રીતે કોઈક વાર એ ચાલતો, કોઈક વાર થોડુંક વાંચતો તો કોઈક વાર થોડુંક ઊંઘી પણ લેતો.

આવા લાંબા આરામના દિવસોમાં એ પોતાના ભૂતકાળના અતિ ઉત્સાહ વિશે વિચાર કરતો થયો. એને આખરે ભાન થયું કે પોતે નક્કી કરેલી જીવન–યોજના પ્રમાણે એ કરી શકે એમ નથી. એની શ્રદ્ધા પણ હાલી ઊઠી. અને છતાં એની સમક્ષ જે જીવનતરાહ હતી તે પ્રમાણે હજી પણ એ કરી શકે એમ એને લાગ્યા કરતું હતું. એ કદાપિ સંપૂર્ણ નિરાશ નહોતો થયો. જીવનનાં જળ સ્થગિત થઈ ગયેલાં લાગતાં હોવા છતાં એનો આત્મા સ્થગિત થયો નહોતો.

જેમ જેમ ઉનાળો વીતતો ગયો, તેમ તેમ એની તબિયત ફરી સુધરતી જતી હોવાનાં ચિહ્નો દેખાવા લાગ્યાં. એનું વજન પણ વધ્યું અને ચહેરાનો રંગ પણ બદલાયો. ફરી પિતા જેવા સ્નેહવાળા ડાક્ટર હીલેએ એને તપાસ્યો અને પોતાનો 'સ્ટેથોસ્કોપ' પાછો મૂકતાં આનંદની ચમક આંખમાં લાવી કહ્યું :

"એડી, મને લાગે છે કે ખરેખર આ વખતે તારી તબિયત સુધરતી જાય છે. જો તારી તબિયતની તું બરાબર દરકાર લે, નિયમિત જીવન જીવવાનો નિશ્ચય કરે, નોકરી લે અને કદાપિ સખત અભ્યાસ નહિ કરે—"

સુધરતો જતો દરદી તિરસ્કારમાં ઊભો થઈ ગયો. આ માણસ શું બોલતો હતો ? એને ખબર નથી કે પોતે પાદરી થવાનો છે ? એટલા માટે તો અત્યાર સુધી એ જીવી રહ્યો છે.

એણે કડકાઈથી પૂછ્યું, "પાદરીપદ માટેનો અભ્યાસ હું પાછો ક્યારે શરૂ કરી શકું ?" ડાક્ટરે માથું ધુણાવ્યું.

"મેં તમને કહ્યું કે તમારામાં શક્તિ આવી છે. હા, કંઈક હળવું કામ કરવા પૂરતી શક્તિ, તમે કહો છો એવા સખત અભ્યાસ કરવા જેટલી

શક્તિ નથી."

એના અવાજમાં સત્તાનો રણકો હતો. એને ખબર નહોતી કે એના શબ્દો ફ્લેનેજનો માટે મોતની સજા જેવા હતા.

"એવાં ઘણાં કામો છે," ડાક્ટરે નરમાશથી કહ્યું, "શરીરની મહેનત સાથે ઓછું સંકળાયેલી હોય એવી નોકરી લે. વળી જેમાં નિયમિત કામ કરવાનું હોય અને જેમાં તને કામ કરવાનો રસ આવતો હોય."

એનો અવાજ નીચો પડી ગયો. ડાક્ટર એના અવાજમાં રહેલી નિરાશા પારખી શક્યો નહિ. ડાક્ટરના ગયા પછી બાવીશ વર્ષનો યુવાન ફ્લેનેજન લાંબો વખત સુધી બેસી રહ્યો.

ઘણા સાદા અને ડહાપણભર્યાં નિશ્ચય ઉપર એ આવ્યો. એને શાંતિ અને શ્રદ્ધા રાખવી પડશે અને ઈશ્વરની મરજી જાણી તે પ્રમાણે કરવું પડશે, એમ તે ક્ષણે એને લાગ્યું.

થોડા દિવસ પછી એક સમાચાર સાથે ઘેર આવ્યો. એને નોકરી મળી છે એવી ખબર પોતાના કુટુંબને આપી. "હું આંકડામાં ઘણો હોશિયાર રહ્યો છું. ખાસ તો નાણાંકીય બાબતોના વહીવટમાં. હવે હું નાણાંશાસ્ત્રી થનાર છું અને તે માર્ગે જઈ રહ્યો છું. કુડાહીમાં મને હિસાબનીસ તરીકે રાખવાનો નિશ્ચય કરવામાં આવ્યો છે."

કુડાહી એ મોટી માંસકંપની હતી અને એક વખતના રોફકોમનમાં ઘેટાની સંભાળ લેનાર આ છોકરાને તેણે કતલ માટે આણેલાં ઢોર અને ઘેટાંની સંખ્યાનો સરવાળો કરવા રોકી લીધો.

☞ ૭

## અંતર–પ્રવાહ

કુડાહી પેઢીનો આ નવો હિસાબનીસ વિચિત્ર ગણાવા લાગ્યો. કોઈ એક વસ્તુને માટે આયર્લેન્ડથી ન્યૂયોર્ક અને રોમ એ જઈ આવ્યો હતો. સાથીઓને મન એ માર્કોપોલો હતો. ઓફિસમાં પહેલવહેલો આવ્યો તે દિવસથી જ એ સૌની ચર્ચા અને તર્કનો વિષય બન્યો હતો. બધા જાણી ગયા કે એને પાદરી થવું હતું અને તેમાં એ નિષ્ફળ ગયો હતો. હિસાબનીસના યંત્રવત્ અને કંટાળાભરેલા જીવનમાં એડવર્ડ ફ્લેનેજન નિરાશા અને સાહસનું એવડું પ્રતીક બન્યો. કેટલાક એનો ઉપહાસ કરતા. કેટલાક દિલગીર થતા. પણ એ બન્નેમાંથી એકેની પરવા કરતો નહિ બધા જોડે સારો સંબંધ રાખતો હોવા છતાં બધાથી એ નિરાળો હતો. આકરી અને ચોક્કસ જીવનચર્યામાં એણે પોતાનું જીવન બંધબેસતું કર્યું, છતાં એ પોતાના ગજવામાં હમેશ પ્રાર્થનાનું પુસ્તક રાખતો. આજુબાજુ વાત ફેલાવા લાગી કે ફ્લેનેજન પ્રાર્થના કર્યા સિવાય સરવાળા બરાબર કરી શકતો નથી.

એક સાંજે ફ્લેનેજન પોતાના એક સાથી કારકુન સાથે ઘેર જતો હતો. એનું નામ હેન્ક હતું.

"પ્રાર્થનાનું પુસ્તક રાખીને ફર્યા કરનારો અને હજી પણ કોઈ દિવસ પાદરી થવાની આશા રાખનારો તારા જેવો માણસ મળવો મુશ્કેલ છે!" હેન્કે ફરિયાદ કરતાં કહ્યું.

હિસાબનીસ થયા પછી ફ્લેનેજને પોતાની ભાવિમાંની શ્રદ્ધા વિશે કોઈને કહ્યું નહોતું પણ અત્યારે એણે જવાબ આપ્યો :

"હા, હેન્ક, મને હજી પણ શ્રદ્ધા છે કે કોઈ દિવસ હું પાદરી થઈ શકીશ. પણ એ આપણી બેની વચ્ચે જ ખાનગી રાખજે. ચાલ ત્યારે–"

હેન્કે આ વાત ખાનગી રાખી અને આ વાર્તાલાપે ફ્લેનેજનને નવું

બળ આપ્યું. પોતાના અંતરમાં રાખેલું કંઈક તત્ત્વ એણે પોતાના શબ્દોમાં મૂક્યું—કોઈક દિવસ પાદરી થઈ શકશે એવી પોતાની આત્મશ્રદ્ધા. એના કુટુંબીઓએ અને મિત્રોએ તો એ બાબત વિશે ક્યારના હાથ ધોઈ જ નાખ્યા હતા.

ફ્લેનેજન તો પોતાના મનને સમજાવવા લાગ્યો કે પોતે બરાબર સમજી શકતો નહિ હોવા છતાં અત્યારના હિસાબનીસના કામનો પણ કંઈક ફાળો પોતાના ભાવિ જીવનની યોજનામાં નિર્માયો હશે. જ્યારે હિસાબનીશ તરીકે પેઢીમાં નિષ્ણાત બનવાનો અને ધંધાની આંટીઘૂટી જાણી લેવાનો નિર્ધાર એણે કર્યો ત્યારે એને આમ લાગ્યું. એને માત્ર ગણતરીની યંત્રવત્ પદ્ધતિ જ નહિ પણ લાખોનો વેપાર કરતી એક મોટી પેઢીની અદ્યતન વેપાર પદ્ધતિ જાણવાની પણ તક પ્રાપ્ત થઈ. કુડાહીની પેઢી રોજબરોજ વિકસતી જતી હતી, બીજી કંપનીઓને પોતામાં ભેળવી દેતી હતી અને એની વેપારપદ્ધતિ અટપટી બનતી જતી હતી.. ફ્લેનેજને ઘણા ઉત્સાહપૂર્વક આ પદ્ધતિનો અભ્યાસ કરવા માંડ્યો. કોઈક દિવસ વેપારની આ આખી આવડત હસ્તગત થશે—માંસ ભરવા નહિ પણ કોઈક જુદા જ હેતુ માટે. એને અત્યારે તો ખ્યાલ પણ નહોતો આવ્યો કે થોડા ડોલર ઉછીના લઈ એ બાળનગર શરૂ કરશે, જે વખત જતાં નિષ્ણાત નાણાંશાસ્ત્રી અને વહીવટદક્ષની હેઠળ વિસ્તૃત બની લાખો ડોલરનું સાહસ બનશે.

આમાંથી એને નફો તો મેળવવો નહોતો જ, પણ એને ચલાવવા કોઈ નિષ્ણાત વહીવટદક્ષને સુકાની બનાવવો જરૂરી પડે. ખરેખર, પાછલા ભાગમાં તો વહીવટના ઓછા અનુભવવાળાઓને ફાધર ફ્લેનેજનની યોજનાઓ વધારે પડતી મહત્ત્વાકાંક્ષાવાળી લાગતી. પણ ફાધર ફ્લેનેજન કુડાહીમાં મેળવેલા અનુભવને યાદ કરી તેમને કશી ચિંતા ન કરવાનું કહેતા : "જો તેઓ માંસ માટે કરી શકયા, તો આપણે બાળકો માટે પણ કરી શકીએ."

ધીરે ધીરે નિયમિત કામકાજ અને ઓછી મહેનતને કારણે એની

તબિયત સુધરી. એટલે સુધી કે ૧૯૦૯માં એણે પોતાની યોજનાઓનો નવેસરથી વિચાર કરવા માંડ્યો.

"તેં ઘણો આશ્ચર્યકારક સુધારો સાધ્યો છે." એડીને અંતે કહેવામાં આવ્યું. 'તું કોઈ પણ કામ લેવા માટે હવે યોગ્ય જણાય છે, પણ સંપૂર્ણ સલામતી ખાતર સૂકી અને ચોકખી હવાની કાળજી રાખવી જોઇએ. કોઈ ટેકરીની હવા વધારે યોગ્ય ગણાશે."

આનંદ પામતા ફ્લેનેજને ફરી પોતાના કુટુંબની સભા બોલાવી. જો એ ખરેખર સશકત હોય તો એણે ફરી પોતાનો અભ્યાસ શરૂ કરવો જોઇએ. પૈસાને માટે તો આખું કુટુંબ મદદ કરશે.

ફાધર પી. એ.એ આલ્પ્સની શાળામાં જવાનું સૂચન કર્યું. રોમમાં ફ્લેનેજન ઇન્સબ્રુક અને ઑસ્ટ્રીઅન ટીરોલની યુનિવર્સિટીઓમાં ભણેલા વિદ્યાર્થીઓના સંપર્કમાં આવ્યો હતો. ટેકરીની હવા એને માટે યોગ્ય હોવાને કારણે વિદ્યાના આ ધામમાં જવાનું સૂચન એને ઘણું યોગ્ય લાગ્યું.

કાગળો લખવામાં, અરજીઓ કરવામાં એનો સમય પસાર થતો ગયો અને છેક ઉનાળામાં ઇન્સબ્રુકની યુનિવર્સિટીએ ધર્મવિદ્યાના ખાતામાં ફ્લેનેજનને દાખલ કર્યો.

ફરી કુટુંબમાંથી છૂટા પડવાનું થયું અને બરાબર એક મહિના પછી જોસેફ ફ્લેનેજને ફરી એટલેન્ટિક ઓળંગ્યો.

☞ ૮

## પાદરી બન્યા

શરૂઆતથી તે અંત સુધી ટીરોલનાં ત્રણ વર્ષ દરમ્યાન ફ્લેનેજને આનંદ કર્યા કર્યો. જીવનમાં કોઈ વાર પોતાની તબિયત વિશે આટલી

શ્રદ્ધા એને ઉત્પન્ન થઈ નહોતી તેમ જ કોઈ વાર પણ એ આટલો તંદુરસ્ત લાગતો નહોતો. ઈન્સબ્રુકના પર્વતનાં શિખરોથી ઘેરાયલાં રમણીય સ્થળોમાં એ આનંદપૂર્વક ઘૂમવા લાગ્યો.

એના નિરાશાના ઘેરા દિવસોમાં પણ, એક દિવસ એવો આવશે જે દિવસે એને સુગંધી લેપ કરવામાં આવશે, એના હાથ ઉપર પવિત્ર તેલ રેડવામાં આવશે અને જ્યારે એ સર્વશક્તિમાન ઈશ્વરનો પાદરી બનશે—એવી શ્રદ્ધા એણે ગુમાવી નહોતી.

ઈન્સબ્રુકના સેઈન્ટ ઈગ્નેશિઅસના દેવળમાં એને પાદરી બનાવવાની વિધિ થઈ. ૧૯૧૨ના જુલાઈની છવ્વીસમીએ સરઘસ શરૂ થયું. પોતાના કુટુંબ અને મિત્રોથી એ ઘણો દૂર હતો. જેના સ્વજનો નજીક રહેતા હતા તે આવો વિધિ જોવા ઉપસ્થિત થતા. પણ મહાસાગરો અને ખંડો ઓળંગવાનું આજના જેટલું તે વખતે સહેલું નહોતું. ફ્લેનેજનનું કુટુંબ ઓમાહામાં હજારો માઈલ દૂર હતું અને ધનિક પણ નહોતું. પોતાની વિધિ માટે ફ્લેનેજન એકલો જ હતો. પોતાના જીવનની પવિત્ર અને ગંભીર ક્ષણોએ એ એકલો જ હતો.

બીજે દિવસે સવારે ફાધર ફ્લેનેજને પોતાની પ્રથમ સમૂહ પ્રાર્થના કરાવી. પછી વતન જવાની તૈયારી કરવા માંડી. ત્રણ વર્ષના ગાળા પછી એ ઓમાહા પોતાને ઘેર પાછો ફરતો હતો.

•

☞ ૯

## પ્રારંભ

"ફાધર ફલેનેજન, ફાધર ફલેનેજન"ના અવાજે તો એ દુનિયાના ગમે તે સ્થળમાં ઓળખી શકત. નેલી અને બીજી બહેન સુસી ઓમાહાથી એનું સ્વાગત કરવા બંદર ઉપર આવ્યાં હતાં. પોતાના મામાના પુત્રો લર્કીનો, જેમણે એમને ઘણી મદદ કરી હતી, તેમની સાથે રહ્યાં હતાં. જે દેવળમાં લર્કીનો વારંવાર જતા તે સેઈન્ટ એનના દેવળમાં ફલેનેજને પોતાની પહેલી પ્રાર્થના કરાવી. પાછળથી ન્યૂયોર્કથી હડસનના કિનારે આવેલી ગ્રેઈસ ઈન્સ્ટીટયૂટમાં પ્રાર્થના કરાવી. ત્યાં એની મામાની પુત્રી કેલેસ્ટાઈન શિક્ષિકા હતી. પછી એ, એની બહેન નેલી અને સુસી ઓમાહા જવા ગાડીમાં બેઠાં.

તેઓ પોતાના મોટા ભાઈને જેટલી આત્મીયતાથી ફાધર પી. એ. કહેતા તેટલી જ આત્મીયતાથી અને ફાધર એડવર્ડ કહેતા. એ બધાને જોયાંને ત્રણ વર્ષ થઈ ગયાં હતાં અને હવે તે વિજયી બનીને આવ્યો હતો. આ વખતે એનું સ્વાગત કરવા આનંદ પરાણે ઉત્પન્ન કરવો પડે એમ નહોતું. પોતાને ઘેર આવ્યા પછી એક રવિવારે પ્રાર્થના કરાવી ત્યારનો તે દિવસ એને ઘણો મહત્ત્વનો લાગ્યો. ઉત્તર ઓમાહાના એન્જેલસ દેવળ જ્યાં ફાધર પી. એ. પાદરી હતા ત્યાં એણે પ્રાર્થના કરાવી.

સ્વાભાવિક રીતે જ ફાધર પી. એ. અને એણે ભવિષ્ય વિશે વાત શરૂ કરી. ફાધર ફલેનેજનને ઓમાહાના દેવળના બિશપના અધિકાર નીચે રહેવું હતું. પણ ફાધર પી. એ.એ ગમે ત્યાં નિમણૂક થાય એની ચિંતા કર્યા વિના ધીરજ ધરવાનું કહ્યું. કોઈક અજાણ્યા દેવળના પાદરી તરીકે અનુભવ લેવાની સલાહ પણ આપી. ઓમાહામાં આગમન પછી એક અઠવાડિયે ફાધર ફલેનેજનની નિમણૂક ઓમાહાને વાયવ્યે બસો માઈલ આવેલા ઓ'નેઈલ નામના શહેરમાં થઈ.

સેઈન્ટ પેટ્રીક દેવળમાં ફાધર માઈકલ કાસીડી અને પાછળથી મોન્સ્યોર પાદરી તરીકે હતા. એ શ્વેતકેશા અને પ્રાર્થનામાં લાંબો સમય ગાળનારા ભક્ત હતા. ખાણાં વખતે એકબીજાને સ્વાગત વચન અને હવામાનના સમાચાર વિશેના વાર્તાલાપો ફાધર ફ્લેનેજનને વારંવાર પછીના સમયમાં યાદ આવતા.

જો કે ખાણા સમયના આવા મૌન સાથે બંધબેસતા થવાનું કપરું હતું, છતાં ફાધર ફ્લેનેજન પોતાના ઉપરીની એકાગ્રતાની પ્રશંસા કરતા.

"મેં એમની પાસેથી પાદરીના જીવનમાં ધ્યાનમયતાનો અર્થ ગ્રહણ કર્યો હતો." ફાધર ફ્લેનેજને એક વાર વાતમાં કહ્યું હતું.

રાજ્યના અવિકસિત વિભાગમાં છૂટીછવાઈ આવેલી રબારીઓની વસ્તીમાં આ યુવાન પાદરીને સખત કામ કરવું પડતું હતું દેવળમાં હાજરી આપવી, માંદાઓ પાસે હાજરી આપવી, મરણવિધિ કરાવવી, કુટુંબના કજિયાઓનો નિકાલ કરવો–વગેરેમાં આ યુવાન પાદરીનો ઘણો વખત જતો. રોજના લગભગ અઢાર કલાક આ કાર્યમાં જતા. સીમાડા ઉપર કેટલાંક મીશન દેવળો સ્થપાયાં હતાં અને આ દેવળોમાં પણ પ્રાર્થના કરાવવા જવાનું કામ એને માથે આવતું. ઉઘાડી ઘોડાગાડીમાં એ મુસાફરી કરતા. રોજના ત્રીસ માઈલની મુસાફરી એને કરવી પડતી શિયાળાના દિવસોમાં ત્રણચાર ફીટ જેટલો બરફનો થર જામી જતો અને છતાં એને મુસાફરી તો કરવી જ પડતી. કેટલીક વાર એના હાથ અને પગ લગભગ ઠરી જતા.

લોકો સારા હતા. એમની આધ્યાત્મિક જરૂરિયાતો પણ સાદી હતી. નવા બાળકનું બેપ્ટિઝમ કરાવવાનું કે દાદાની અંતિમવિધિ કરાવવાની કે છોકરા–છોકરીનાં લગ્ન કરાવવા માટે જરૂર પડતી. ગમે તેવી ઋતુ છતાં આવવાનું નહિ ચૂકનાર આ પાદરી તેઓમાં લોકપ્રિય થઈ પડ્યા. દેવળમાં એનું આગમન વિશિષ્ટ પ્રસંગ ગણાતો. ખાસ તો જ્યારે શિયાળાના દિવસોમાં બહારની દુનિયાથી લોકો કંટાળી જતા ત્યારે તો ખાસ. છતાં એ કશાથી કંટાળતો નહિ. સૌથી સવિશેષ એને માનવીઓ પર ઘણો પ્રેમ

હતો એના સ્વભાવમાં સંન્યાસીના ગુણો હતા. પોતાના જીવનમાં ઘણી વાર એણે મૌન અને એકાંતના કલાકો અનુભવ્યા હતા. થોડા દિવસોમાં એ ઠંડીથી ટેવાયો.

પાછા જ્યારે ઓ'નેઈલ શહેરમાં આવતા ત્યારે જે થોડો વખત મળતો તેનો અભ્યાસમાં એ ઉપયોગ કરતા. ભવિષ્યમાં વધારે ઉપયોગી થઈ પડવાનો એ ઘણી વાર વિચાર કરતા. અલબત્ત, પાદરીપદનો પહેલો પાઠ ત્યાગ એ શીખતા હતા.

ફાધર કેસીડીને એને જોઈતી વધારે તકની ખબર પડી. છ મહિના પછી એક દિવસ એમણે પૂછ્યું: "કદાચ આ જગ્યા તમને વધારે એકાંતમય લાગતી હશે."

"ના, ના, એમ નહીં. અહીં પણ મારા ઘણા મિત્રો છે. અરે, હું અહીં શીખું પણ છું–" તરત જ જુવાને કહ્યું.

"યૌવનનું લક્ષણ છે કે એને વધારે કામ જોઈએ," વૃદ્ધ પાદરીએ કહ્યું. "વધારે વિશાળ ક્ષેત્ર મેળવવાનો તમારો સમય આવી પહોંચ્યો પણ હોય. તમે અહીં ઘણું સારું કામ કર્યું છે અને કદાચ હવે તમને વધારે મોટી તક પણ પ્રાપ્ત થાય."

ફ્લેનેજનને આ વૃદ્ધના મનમાં શા વિચાર છે તેની ખબર પડી નહિ, પણ થોડા જ દિવસોમાં ઓમાહાના બિશપનો આદેશ આવ્યો કે તે શહેરના સેઈન્ટ પેટ્રીક દેવળના પાદરી તરીકે એની નિમણૂંક કરવામાં આવી છે. જાણે કે આ શહેર એને વધારે વિશિષ્ટ કાર્ય કરવા પોતા તરફ ખેંચતું ના હોય! એ નેબ્રાસ્કાના અનાજનાં ખેતરોમાં થઈને જતી ગાડીમાં બેઠો અને સામે પૂરે જાણે કે જવા લાગ્યો. આ શહેરમાં જાણે કોઈ વિશિષ્ટ કર્તવ્ય તેની રાહ જોઈ રહ્યું હોય તેમ કુદરત જ એને એ શહેર ભણી ખેંચી રહી હોય તેમ એને લાગતું હતું.

☞ ૧૦

## શ્રદ્ધાની મૂડી

૧૯૧૩ના ઉનાળામાં મધ્ય પશ્ચિમમાં તાપ અને પાણીની તંગીએ ઘઉંના પાકને સૂકવી નાખ્યો. આવી આફતે આ સેઈન્ટ પેટ્રીકના યુવાન પાદરીને દુઃખમાં આવી પડેલાં માણસોને મદદ કરવાની તક આપી. આ તક દ્વારા અને એવાં માણસો દ્વારા એ ભાવિમાં પોતાના ધ્યેયને પરિપૂર્ણ કરવાનો હતો.

ફાધર ફ્લેનેજને પોતાના રોજિંદા જીવનકાર્યમાં આખા ઉનાળા દરમ્યાન રેવ. જ્હોન ટી. સ્મિથના મદદનીશ તરીકે ઘણું સખત કામ કર્યું. આ જ ફાધર સ્મિથે વર્ષો પૂર્વે ઓ'નેઈલ પરગણામાંથી કાયદા ભંગની વૃત્તિ દૂર કરી હતી અને તેથી જ ફાધર ફ્લેનેજનને એ પાછળથી શાંત પરગણું જણાયું હતું. આ મદદનીશ તરીકે જ ફાધર ફ્લેનેજન માંદા, ગરીબ અને ગભરાયેલા, ગુંચવાયેલા માણસોની પહેલાં કરતાં વધારે નજીક આવ્યા. ઓમાહામાં અનેકાનેક માણસો રોજ રોજ ધંધાની શોધ માટે આવતા જતા હતા અને તેથી બેકારોનું પ્રમાણ ત્યાં ઘણું હતું.

આવાં કુટુંબોની દરકાર રાખવાનું કામ એણે પોતાની મેળે પસંદ કર્યું. તેમને માટે ખોરાક એ શોધી કાઢતા. આવી મદદ કરવાના વધારાના કામ ઉપરાંત ઇસ્પિતાલોમાં દરદીઓની મુલાકાત લેવાનું કામ પણ એ કરતા. આ કામ તો વધારે હતું જ અને તેમાં દુકાળ પડ્યો. મધ્ય પશ્ચિમના પ્રદેશમાં તે સમયે એક સ્થળેથી બીજે સ્થળે જનારા હજારો પાક લણનારાઓ હતા. ચાલીસ પચાસના ટોળામાં તેઓ મુસાફરી કરતા અને તેઓને પગાર પણ સારો મળતો. નેબ્રાસ્કા પહોંચે તે દરમ્યાન આખો શિયાળો ચાલે એટલું તેઓ કમાઈ લેતા અને શિયાળામાં વસંતની રાહ જોતા બેઠા રહી ઓમાહામાં પોતાનો વખત ગાળતા.

પણ ૧૯૧૩ના આકરા ઉનાળામાં જ્યારે કાન્સાસમાં આ લણનારાઓ

આવ્યા ત્યારે તેમને માટે કોઈ પાક લણવા માટે હતો નહિ. પોતાની રસમ મુજબ તેઓ ઉત્તરમાં જતા ગયા પણ દુર્ભાગ્યે ત્યાં પણ આવી જ સ્થિતિ હતી. ખેતરોમાં છૂટોછવાયો પાક ઊભો હતો અને એ કામ તો થોડા દિવસ ચાલે એટલું જ હતું. અને પાનખરની શરૂઆતમાં તો નિર્વાસિતો ઓમાહામાં થોકબંધ આવવા લાગ્યા. આગલા વરસથી જ એ લોકો પાસે કોઈ કામ નહોતું એટલે તદ્દન પૈસા વગરના એ સૌ બની ગયા હતા. અને શહેરમાં જ્યારે ધંધો શોધવા એ ગયા ત્યારે ત્યાં પણ દુકાળને કારણે વેપારમાં મંદી આવી હતી અને નોકરીની પહેલાં કરતાં વધારે અછત હતી.

પોતાના દેવળની મુલાકાત લેતી વખતે ફાધર ફ્લેનેજને એક ખૂણામાં ભયંકર નિરાશામાં ઊભેલા આ નિરાશ્રિતોને જોયા. આ બધા મજૂરો હતા, ભિખારીઓ નહિ. હવે તેઓ પૈસા નહોતા માગતા પણ ખોરાક અને ગરમ કપડાં માગતા હતા. પોતાને મળતા મહિનાના પચીસ ડોલરના પગારમાં ફાધર ફ્લેનેજન ઝાઝું કરી શકે એમ નહોતું, પણ દેવળની મારફત થોડોક ખોરાક એ અપાવી શક્યા. પણ જોતજોતાંમાં આવા માણસોની સંખ્યા એટલી બધી વધી ગઈ કે દેવળ ખાલી થવા લાગ્યું. એથી નવા પ્રકારની યોજનાનો વિચાર કરવાની આવશ્યકતા ઊભી થઈ. ફાધર ફ્લેનેજને પોતાના એક મિત્ર સાથે આ વિશે ચર્ચા કરી.

"આપણે માણસને ભૂખે તો મરવા દઈ શકીએ નહિ," કણિયા મિત્રે કહ્યું.

"આપણે તેઓને કોફી અને થોડું માંસ તો આપવું જ જોઈએ" ફ્લેનેજને કહ્યું.

બન્નેએ પોતપોતાના પગારમાંથી થોડું થોડું આપવાનું નક્કી કરી મિત્રોને પણ મદદમાં લેવાની યોજના ઘડી. જ્યારે નિર્વાસિતો આવે ત્યારે ફ્લેનેજન ચિઠ્ઠી લખી આપે અને કણિયાની દુકાનેથી તેના બદલામાં કોફી, દૂધ કે માંસ લઈ આવે એવું નક્કી કર્યું. પણ આવી મદદ તો મર્યાદિત રીતે જ થઈ શકે અને મદદ લેનારા સંખ્યામાં ઘણા હતા. રોજ ભૂખ્યા

માણસો ટોળે વળતાં હતાં. ફાધર ફ્લેનેજનને તરત જ સમજાયું કે મુખ્ય પ્રશ્ન અનાજનો છે. ઘણાને આશ્રયની જરૂર હતી કારણ કેટલાક તો કાગળ ઉપર કે એવી ખુલ્લી જગ્યા ઉપર સૂઈ રહેતા હતા. સત્તાવાળાઓ આ પ્રશ્નને ઉકેલી શકે એમ નહોતા અને શિયાળો નજીક આવતો જતો હતો.

એક દિવસ ઓમાહાના અત્યાર સુધી ઘણી મદદ કરનાર વેપારી જોડે ચર્ચા કરી. મિત્રે પૂછ્યુંઃ "આ માણસો કેવી રીતે રહે છે તે હું મારી નજરે જોઈ શકું ખરો?"

તે રાતે હવા ઘણી ઠંડી હતી અને ખુલ્લા યાર્ડ નજીક બન્ને આવ્યા. તરત જ બન્નેને માનવ આકૃતિઓ દેખાવા લાગી. થોડાક ઊભા હતા પણ ઘણા જમીન ઉપર કે પાટિયા ઉપર કે કોલસાના ઢગલામાં ટૂંટિયું વાળી સૂતા હતા. બધા જ ધાબળાને બદલે કાગળનો ઉપયોગ કરતા હતા. આ બધાં કામ કરવાને તૈયાર હતા પણ એમને કામ મળતું નહોતું.

"મદદ કરવા ઇચ્છતા લોકો આ બધાને મદદ નહિ કરી શકે?" વેપારીએ પૂછ્યું.

"શહેરમાંથી સ્ત્રીઓ અને બાળકોને મદદ મળે છે. પણ આ લોકોને તો અમે સીધાચિઠ્ઠી આપીએ છીએ તે જ મદદ છે; પણ એટલી પૂરતી નથી."

"આપણે શું કરી શકીએ?"

"આપણે પ્રાર્થના કરીએ અને ઇશ્વર આપણને મદદ કરશે." ફાધર ફ્લેનેજને શ્રદ્ધાપૂર્વક કહ્યું.

આખી રાત એણે લોકોને મદદ કરવાના કાર્યમાં પ્રેરવા વિચાર કર્યા કર્યો. છેવટે એક વિચાર એને સૂઝ્યો. એક સાધારણ પાદરી માટે તો એ વિચિત્ર ગણાય એવો હતો. ફાધર ફ્લેનેજને હોટેલ શરૂ કરવાનો વિચાર કર્યો.

સ્વાભાવિક રીતે એ પોતાના અધિકારી પાસે ગયા. મફત હોટલ કાઢવાના વિચાર વિશે ફાધર રિમથ શું કહી શકે? દેવળનું ભંડોળ થોડું

હતું અને અનાથ, માંદા અને જરૂરવાળાની સંભાળ લેવા પાછળ ખર્ચાં પણ ઘણું થતું હતું. આ માણસો વિશે એ બેદરકાર પણ રહી શકે એમ નહોતા તેમ વધારે મદદનો હાથ લંબાવી શકે એમ પણ નહોતા.

"પણ જો તમારે આગળ ધપવું હોય તો તમને મારા આશીર્વાદ છે અને મારી નૈતિક મદદ પણ. એ સિવાય તમારે જ તમારું સંભાળવું પડશે. અમારા તરફથી આર્થિક મદદ મળવાની વાત જ ઉપસ્થિત થતી નથી." ફ્લેનેજનને કહેવામાં આવ્યું.

નિરાશ થવાને બદલે ફાધર ફ્લેનેજન આનંદથી બહાર આવ્યા. એને આગળ વધવાની પરવાનગી મળી એ જ એનો વિજય હતો. હવે એને માત્ર પૈસા જ મેળવવાના હતા.

"હું ઘણો ઉતાવળિયો અને ઉત્સાહી માણસ હતો. પહેલાં પૈસા વિશે મેં કદી વિચાર કર્યો નહોતો. હવે મારે એ મેળવવાના હતા અને એ મહત્ત્વના હતા."

તે રાત્રે એણે સેઈન્ટ વીનસેન્ટ ડી. પોપ સોસાયટીના પોતાના જેવા માણસોની સભા બોલાવી. બધા પોતાનાં કુટુંબોને મદદ કરતા હતા અને થોડાક ડોલરથી વધુ કાઢી શકે એમ નહોતા.

ફાધર ફ્લેનેજને હિસાબ કરવા માંડ્યો. એણે કહ્યું, "તમારા બધા પાસે દર મહિને પાંચથી દસ ડોલરની અપેક્ષા રાખું. મારા કુટુંબમાંથી કદાચ હું વધારે ઉઘરાવી શકું. પણ હોટલ ચલાવવા આટલું ભાગ્યે જ પૂરતું થાય. આપણે ભાડા વગરની જગ્યા પણ શોધી કાઢવી પડશે."

"એ તો એક ચમત્કાર જેવું થશે, ફાધર."

"બરાબર."

બીજે સવારે જ ઓમાહાની શેરીઓમાં એણે ફરવા માંડ્યું. તે વખતે સારા સમયમાં પણ મકાનનાં ભાડાં ઘણાં વધારે હતાં. પેલા કણિયામિત્રને શ્રદ્ધા નહોતી. "વિચાર તો સરસ છે, પણ જ્યારે તમારી પાસે મૂડી જ નથી, ત્યારે તમે હોટલ કેવી રીતે ભાડે રાખી શકશો?"

"શ્રદ્ધા એ પણ એક મૂડી જ છે ને?" ફાધર ફ્લેનેજને પોતાના મિત્રને કહ્યું.

અને ખરેખર એક કે બે દિવસમાં એને જે જોઈતું હતું તે મળી ગયું. નેશન સ્ટ્રીટમાં એક ભાંગીતૂટી હાલતનું બે માળનું મકાન એને મળ્યું. એના સારા દિવસોમાં એ બર્લિન્ગટન હોટલના નામથી જાણીતું હતું અને હજી પણ એ નામ એની લાલ દીવાલ ઉપર ઝાંખા અક્ષરોમાં હતું; પણ એમાં કેટલાં વર્ષોથી કોઈ રહ્યું નહોતું. બારીના કાચ ભાંગી ગયા હતા અને બારણાં પાટિયાંથી બંધ હતાં. આ ખાલી હોટલ જોતાં જ તરત જ ફાધર ફ્લેલેનેજનનું અંતઃકરણ આનંદથી નાચી ઊઠ્યું. એને મન તો આ કોઈ હીરાની શોધ જેવું હતું. જગ્યા જેટલી ખરાબ એટલી એને પ્રાપ્ત કરવાની શકયતા વધારે.

આડતિયાની મારફતે એણે મકાનમાલિકને શોધી કાઢ્યો અને એણે અંદર ફરીને આખું મકાન બતાવ્યું. ધાર્યા કરતાં અંદરની પરિસ્થિતિ વધારે ખરાબ હતી. જેવાં બન્ને અંદર ગયા કે તરત ધૂળ અને જાળાં માથે લાગવા માંડ્યાં અને ભીંત ઉપરથી પ્લાસ્ટર પણ ખરવા માંડ્યું. બીજે માળે જતાં છતમાં પડેલાં કાણાંમાંથી વાદળાં પણ દેખાયાં.

"એમાં કેટલુંક દુરસ્ત કરાવવાનું છે." માલિકે કબૂલ કર્યું.

ભાડું તો થોડા ડોલર જ મકાનમાલિક માંગતો હતો. એટલા તો ફાધર ફ્લેનેજને ઊભા કર્યા હતા અને એની પાટલૂનના ખીસામાં જ હતા. અને એને વેપારની તાલીમ તો મળેલી હતી જ એટલે એણે ખાસ ઉતાવળ બતાવી નહિ.

"જ્યાં સુધી તમે છતમાંનું કાણું પુરાવી નહિ દો ત્યાં સુધી હું મકાન નહિ રાખું. બહાર વરસાદ અને બરફથી બચાવવા ગરીબોને ઘરમાં લાવી ફરી વરસાદ અને બરફ વચ્ચે રાખવા હું નથી માગતો." મકાન-માલિકે ઘરમાં વસવાટ નહોતો એટલે કાણું નથી પુરાવ્યું એમ જણાવી એ પુરાવી આપવાનું કહ્યું. બન્ને હાથ મિલાવી છૂટા પડ્યા અને ફાધર ફ્લેનેજનને હોટલ મળી ગઈ.

આથી વધારે ઉત્સાહિત થઈને સેઈન્ટ વીન્સેન્ટ પોલ સમાજના સભ્યોએ વધારે ડોલર ઊભા કર્યા. બધાએ મદદ કરવાનું જણાવ્યું છતાં બધા નોકરિયાત હોવાને કારણે હોટલને કાર્ય કરતી બનાવવાનું ફાધર ફ્લેનેજનને માથે આવ્યું.

એક દિવસ નેલી એડવર્ડના આ નવા સાહસને જોવા આવી.

"પણ આ તો તૂટી જાય છે. તું પેલા માણસોને આવા તૂટી પડતા મકાનમાં લાવીને રાખવા ઇચ્છે છે કે શું?" નેલીએ પૂછ્યું. "આ કદી દુરસ્ત થઈ શકશે ખરું?"

"અમે આને દુરસ્ત કરીશું," એણે કહ્યું, "કેવી રીતે તે તું અત્યારે પૂછીશ નહિ, પણ મારા મનમાં એ વિશે યોજના છે."

તે રાત્રે પેલી કોલસાની વખારમાં પડી રહેતા માણસો પાસે એ ગયો અને કહ્યું, "હું તમારે માટે હોટલ શરૂ કરવાનો વિચાર કરું છું. સામાન્ય હોટલ નહિ, પણ તમારે માટે રહેવાનું સ્થળ."

પેલા તો એના તરફ જડતાથી જોઈ જ રહ્યા.

"ફાધર, તમને ખબર નથી કે અમારી પાસે બિલકુલ પૈસા નથી?"

એણે બર્લિંગટન હોટલનું વર્ણન કર્યું અને તે દુરસ્ત કરવા આ માણસોની મદદ માગી. એ એક રહેવાને માટેનું સાધન બનશે. એટલામાં તો ઘણા માણસો સહકાર આપવાની બૂમ પાડતા એની આજુબાજુ ટોળે વળ્યા.

"અમારી પાસે સુથાર, લુહાર, કડિયા, તમારે જેવા જોઈએ તેવા માણસો છે."

શિયાળો નજીક આવતો હતો. વખત ગુમાવી શકાય એમ નહોતું. બીજે દિવસે માણસો ફ્લેનેજનને મળ્યા અને એણે તો એને 'હોટલ ડી. ગીન્ક' એવું નામ પણ આપી દીધું. તદ્દન ગરીબ અને નિરાધાર માણસોની મદદ વડે એક પાદરીએ ભાંગ્યાતૂટયા મકાનમાંથી ઊભું કરેલું આ રહેઠાણ

એ એક ઇતિહાસની નોંધનીય હકીકત છે. બીજો પ્રશ્ન સામગ્રી ભેગી કરવાનો હતો. બીજે દિવસે જ એણે ફેક્ટરીની, કંપનીઓની મુલાકાત લઈ માગીને, ખરીદીને અને ઉછીનું લઈને એણે જોઈતી સામગ્રી ભેગી કરી દીધી. વાત ફેલાતાં શહેરમાંથી પણ અન્ય સાધનોની મદદ આવી મળી. દસ દિવસમાં તો દિવાલોને પ્લાસ્ટર થઈ ગયું, જમીનનાં પાટિયાં દુરસ્ત કરી દેવામાં આવ્યાં અને રખડતા, દુઃખી પાક લણનારાઓ માટે હોટલ એક નક્કર હકીકત બની.

આ દરમ્યાન ફાધર ફ્લેનેજન કણિયાઓ, દૂધવાળાઓ અને બેકરીવાળાઓ પાસે જઈ ખોરાક માગતા હતા. કેટલાકે ખાદ્યસામગ્રી આપી તો વળી કેટલાકે રોકડાં નાણાં આપ્યાં. ઓમાહાની ગૃહિણીઓ પણ કપડાં, ધાબળાં અને એવાં સાધનો મોકલવા લાગી.

અત્યાર સુધી શાંત અને ભંગાર હાલતમાં પડી રહેલી બર્લિન્ગટન હોટલ માણસોના અવાજોથી ગાજવા લાગી. રાત્રે પણ દરવાજા ખુલ્લા રહેતા. ફાધર ફ્લેનેજને ખરચો ગણ્યો તો તે દોઢસો ડોલરમાં થોડાક સેન્ટ ઓછો હતો. આટલા પૈસા તો મિત્રો પાસે મદદ રૂપે ક્યારના ઉઘરાવી લેવામાં આવ્યા હતા. ખર્ચો જતાં પણ બીજા મહિનાનું ભાડું આપવા માટે થોડાંક નાણાં બચ્યાં હતાં.

અનાથ માણસો માટેની હોટલ કામ કરતી થઈ ગઈ હતી !

☞ ૧૧

## બેકારાશ્રમ

છતાં રહેવાની સગવડ માટે પડાપડી થતી નહોતી. એ પાછળથી થઈ. લોકોને ધીરે ધીરે વિશ્વાસ આવતો જતો હતો. પહેલી રાત્રે તો કામ કરનાર સ્વયંસેવકો અને થોડાક બીજા માણસો રહ્યા. ભૂખ્યા છતાં એ શ્રદ્ધાળુ નહોતા. ફાધર ફ્લેનેજન તેમનું સ્વાગત કરવા લોબીમાં ફર્યા કરતા. રસોડું શરૂ નહોતું થયું એટલે વાસી રોટલી અને પાટિયાંના બિછાન તેમને મળ્યાં. વાતાવરણ આવકાર અને માયાની ઉષ્માવાળું હતું અને એટલું જ આ માણસો માટે પૂરતું હતું.

બીજે દિવસે ત્રણ ત્રણ કે ચાર ચારના જથામાં માણસો આવવા લાગ્યા. પ્રથમ તો એક ખૂણામાં હોટલ સામે ઊભા રહી તેઓ જોયા કરતા અને કોઈક ઓળખીતું દેખાતાં તેઓ અંદર દાખલ થતા. પહેલા અઠવાડિયામાં સત્તાવન મહેમાનો નોંધાયા. જોતજોતાંમાં એ આંકડો સો કરતાં વધી ગયો. અહીંનાં સમૂહગાનો અને ભ્રાતૃભાવ જોઈને ફ્લેનેજનને પોતાના લીજન ખાતેના કુટુંબનું સ્મરણ થતું. ઝાડુ કાઢવાનું, વાસણ માંજવાનું, રસોઈ કરવાનું, સામગ્રી ઉઘરાવી લાવવાનું કામ જુદા જુદા માણસોને વહેંચી આપવામાં આવ્યું. વળી કેટલાક માણસો નવા આવનારાઓની મુલાકાત પણ લેતા.

અલબત્ત, આમાં કેટલાક તોફાનીઓ પણ હતા. એક દિવસ ફાધર ફ્લેનેજને બીજે માળે બૂમાબૂમ સાંભળી અને ઉપર જઈને જોયું તો કેટલાક માણસો મારામારી કરતા હતા; પણ ફાધરના એક જ ઘાંટે બધા શાંત થયા !

"આ બધું શું છે?"

"પણ, ફાધર—"

એક માણસ ઓરડો ધોતો હતો અને તેણે પોતાને માથે ચોળો રૂમાલ બાંધ્યો હતો તે ચીંધી બીજાએ આવી કહ્યું કે, "પેલી ઘરડી ડોસીને જુઓ." અને એમ કહેતાં ઝઘડો થયો. બધાને ઉદ્દેશી ફાધર ફ્લેનેજને પૂછ્યું કે તેઓ હમણાં ક્યાં ને કેવી રીતે રહે છે તે ભૂલી ગયા કે શું?

"આ કંઈ લડવાની જગ્યા નથી. તમારી માને ઘેર તમે આમ લડશો ખરા?"

"જરૂર."

"ભલે, પણ અહીં તો નહિ જ."

છતાં બધું સરળતાથી ચાલતું. ફાધર ફ્લેનેજને મદદરૂપે આવતાં જૂનાં કપડાં સાંધવા માટે દરજીની દુકાન શરૂ કરવાની સૂચના કરી. આમાં એક દરજી પણ હતો. તે આ કામ કરવા કબૂલ થયો અને તેના બદલામાં ફાધર ફ્લેનેજને તેને થોડો પગાર આપવાનું પણ કબૂલ્યું અને ભોંયતળિયે એણે દુકાનનું પાટિયું લગાવી દુકાન શરૂ કરી.

એક સવારે ઓમાહાની ત્રણ ગૃહિણીઓને આવતી જોઈ. તે પૈસાદાર કુટુંબની લાગતી હતી. આથી હોટલનો "સ્ત્રીમદદનીશ" વિભાગ શરૂ થયો. તેમાં સર્વ સંપ્રદાયના સામાજિક કાર્યકર્તાઓ ભાગ લેતા. એમનું કાર્ય કેવળ નાણાં ઉઘરાવવાનું જ નહિ, પણ ઓરડાઓ શણગારવાનું, રસોડામાં કામ કરવાનું તેમ જ ખરીદી કરવાનું પણ હતું. ફાધર ફ્લેનેજન પોતાનું દેવળનું કામ તો નિયમિત કરતા જ. આ તો એમનું વધારાનું કામ હતું અને એથી એમને આનંદ પણ થતો.

માણસોને કામ પણ શોધી આપવામાં આવતું. નોકરી શોધી આપવાનું ખાતું પણ શરૂ કરવામાં આવ્યું અને ઓમાહામાંના ઘણા નોકરી વગરના બેકારો અહીં આવી નોકરીને માટે પોતાનાં નામ નોંધાવી જતા.

જ્યાં સુધી આ મહેમાનો પાસે કામ નહોતું ત્યાં સુધી એ લોકો કશું આપ્યા વિના રહી શકતા. પણ ધંધો મળતાં એમને રહેવાખાવાના પૈસા આપવા પડતા. રહેવાના દસ સેન્ટ અને એક ખાણાનાં પાંચ સેન્ટ

એ આ હોટલનો દર હતો. કાયમના રહેનારાઓની સંખ્યા પોણોસોની હતી. કેટલીક આવજા પણ થતી. ઘણી વાર રહેનારાઓની સંખ્યા સો ઉપર થતી અને ત્યારે કેટલાકને વરંડામાં પલંગ ઉપર પણ સૂવું પડતું. પણ ફાધર ફ્લેનેજનને માટે એક ગૌરવની વાત એ હતી કે કોઈને ના પાડી પાછો કાઢવામાં નહોતો આવ્યો.

શિયાળાની આખર સુધીમાં તો હોટલનું સંચાલન ઘણું સરળ બની ગયું. અને આ કામ માણસો એવી રીતે શીખી ગયા કે 'શ્રીમદદનીશ' વિભાગમાંથી તો ફરિયાદ પણ ઊઠી કે એમને માટે હવે કશું કામ રહ્યું નથી. પણ જેમ જેમ વસંત આવતી ગઈ તેમ તેમ માણસો પોતપોતાને કામે પાછા જવા તૈયાર થયા. જૂન સુધીમાં તો બધા ચાલ્યા ગયા અને ફરી પાછી બર્લિંન્ગટન હોટલ ઉજ્જડ બની. ફાધર ફ્લેનેજનને હવે હિસાબ કરવાનો સમય મળ્યો. આર્થિક દષ્ટિએ એ સફળ થયા હતા. જેઓએ હપ્તે ધીરાણ કર્યું હતું તેમણે પણ થોડા નફાથી સંતોષાઈ પોતાનો હિસાબ માંડી વાળ્યો. ઉપરાંત તેમણે નાણાં, સામગ્રી, કપડાં વગેરેની મદદ પણ કરી હતી. હવે ફાધર ફ્લેનેજનને આવા કાયમના કેન્દ્રની આવશ્યકતા વિશે ખાતરી થઈ, જેમાં કેવળ પાક લણનારાઓને જ નહિ પણ જેને જરૂર હોય તે સૌને આશ્રય મળી શકે. પણ એવી મોટી યોજના માટે વિશાળ જગ્યાની આવશ્યકતા હતી. એણે વધારે વિશાળ હોટલ શોધી કાઢવાનો નિર્ધાર કર્યો.

નવી ચાર માળની, ઘણાને રાખી શકાય એવી વિશાળ 'લાઈવઝી ફ્લેટ'માં એણે હોટલ શરૂ કરી. એનું ભાડું થોડું અને પહેલી હોટલ કરતાં એનું સ્થળ વધારે સારું હતું. શિયાળા માટે કામ કરનાર માણસો માટેની આ હોટલ શરૂ પણ કરી દેવામાં આવી. એ વર્ષે પાક ઘણો સારો ઊતર્યો છતાં માણસો ફાધર સાથે રહી શકે એ માટે આ નવી હોટલમાં આવવા લાગ્યા.

"જો બધાને ખબર પડશે તો તમારે માટે મુશ્કેલી ઊભી થશે. દારૂડિયા અને તોફાની માણસો એમાં આવી તમને મુશ્કેલીમાં મૂકશે."

આવનારાઓએ ચેતવણી પણ આપી.

ફાધર ફ્લેનેજનને ગ્લાનિ થઈ. કદાચ આવા ગુંડાઓનું સ્વાગત કરવાનો પણ વખત આવે. એને સલાહ જોઈતી હતી. આવા ગુંડાઓ સાથે કેમ કામ લેવું. જાતજાતનાં સૂચનો થયાં. બધાએ આગ્રહ કર્યો કે ખરાબ પ્રકારના માણસોને હોટલના એક ભાગમાં જુદા જ રાખવા.

“ આ તમારી સલાહ યોગ્ય લાગે છે,” ફાધરે તેમને કહ્યું, “ તમને શું લાગે છે, જો આપણે આવા તોફાનીઓને નીચેના ભાગમાં રાખીએ તો ? ”

માણસો સંમત થયા. “ તેઓ કશું નુકસાન ન કરી શકે એવા નીચેના દૂરના ભાગમાં ભલે રાખો. ”

ત્યારથી હોટલનો નીચેનો ભાગ ‘ નીચેના વિભાગ ’ તરીકે જાણીતો થયો. ધારવા પ્રમાણે ૧૯૧૪ના શિયાળામાં આવા સમાજના હલકા માણસો ખોરાક અને આશ્રય શોધવા ફાધર ફ્લેનેજનની હોટલમાં આવી પહોંચ્યા. એમાંના ઘણા ભયંકર ગુનેગારો હતા. આ આશ્રયસ્થાન તેમને સગવડ ભરેલું થઈ પડ્યું; કારણ અહીં ગાળાગાળી નહોતી થતી અને પૈસા કરતાં દયા ખાતર એનું સંચાલન થતું. ફાધર ફ્લેનેજનને જાણે શયતાન આહ્વાન આપી પૂછતો હતો કે “ હું આ બધાને ઈશ્વરથી દૂર રાખવા માગું છું. તું એ બધા વિશે શું કરી શકે એમ છે ? ”

●

☞ ૧૨

---

જીવનપલટો

પરંતુ આમ કરવામાં એને ઝાઝી સફળતા મળી શકી નહિ. ફાધર ફ્લેનેજનની કલ્યાણ કેન્દ્ર સમી મજૂરોની આ હોટલમાં બધી જ જાતના

માણસો આવ્યા. જીવનની કોઈ તરાહમાં તેઓ બેસી શકે એમ નહોતું. કેટલાક કમનસીબ હતા. કેટલાક દારૂડિયા હતા તો વળી કેટલાક પોલીસ જેની શોધ ચલાવે એવા રીઢા ગુનેગારો હતા. તેઓને કોઈ પ્રશ્નો પૂછવામાં નહોતા આવતા. તેઓને તો જે કહેવું હોય તેટલું જ તેઓ કહેતા. પૈસા હોય તો આપતા, નહિ તો અહીં રહેવાખાવાનું તો તેઓને મળે એમ હતું જ.

ઑક્ટોબર સુધીમાં તો આ ગૃહમાં લગભગ રોજના પાંચસો માણસો જમતા. તોફાનીઓને લીધે પુષ્કળ મુશ્કેલીઓ ઊભી થતી, પણ ફાધર ફ્લેનેજનને ખબર પડી જતાં આવા તોફાનીઓને તળિયે મોકલી આપવામાં આવતા. ખાસ કાળજી પણ અહીં રાખવામાં આવતી, કારણ હિંસા ક્યારે ફાટી નીકળે તે કહી શકાય એમ નહોતું.

“આ માણસો ક્યારે ઝઘડો કરી બેસે તે કહી શકાય એમ નથી, કારણ એમાંના ઘણાએ ભયંકર રીતે ખરાબ જીવન ગાળ્યું છે” ફાધરે કહ્યું.

એક રાત્રે એક ત્રીસેક વર્ષનો જુવાન આવ્યો. એનાં કપડાં ફાટેલાં હતાં પણ એક કાળે તે ઘણાં કીમતી હોવાં જોઈએ. પોતે એ રાત્રે રહી શકે ખરો એમ ઘણા મોટા ગૌરવથી એણે પૂછ્યું.

“મારી પાસે પૈસા નથી.” અવાજ ઉપરથી યુરોપિયન લાગતો હતો.

“હું તમને તમારે ક્યાં સૂવાનું છે તે બતાવું. અમારી પાસે ખાનગી ઓરડાઓ નથી.” પાદરીએ સ્મિતસહ કહ્યું.

ઘણા મહિનાઓથી તેઓ હોટલ ચલાવતા હતા અને તેમણે અનેક પ્રકારના માણસો જોયા હતા. પણ આ નવીન ઉમેરો કંઈક અદ્ભુત લાગતો હતો. એ ઘણો સહકાર આપતો હતો છતાં પોતાના ભૂતકાળ માટે એણે કશું કહ્યું નહિ. બધામાં એ પ્રિય થઈ પડ્યો. એ બુદ્ધિશાળી અને મહેનતુ કારીગર હતો. પણ એ એટલો ઓછાબોલો હતો કે એને માટે અનેક વાતો ચાલી; અને અહીં તો ગમે તે વાત સાચી જ ઠરે. આમ છતાં ફાધરે એને રાતના કારકુનની જગ્યા આપી. પણ એમને ચિંતા હતી કે ગુંડાઓ

જોડે આ નાનકડો જુવાન કેવી રીતે કામ લઈ શકશે. પણ એ કામ લેવામાં પણ એ કુશળ નીવડયો. બધા ઝગડા ઘણી સરળતાથી એ પતાવી શકયો.

એક રાતે જ્યારે બન્ને ભેગા હતા ત્યારે કારકુને પૂછ્યું, "હું ધારું છું, ફાધર, તમને મારે માટે આશ્ચર્ય થયું હશે, પણ કોઈ પૂર્વગ્રહ બાંધશો નહિ. હું હંગેરીનો ઉમરાવ છું અને ઊંચા કુટુંબનો છું." એણે પોતાની વાત સરળતાથી કરી.

અહીં ગરીબો જોડે આટલી સરળતાથી ભળતો માણસ એક કાળે ઘણો ધનિક હતો અને અમેરિકામાં પોતાનું શિક્ષણ પૂરું કરવા આવ્યો હતો.

"પછી યૂરોપમાં યુદ્ધ શરૂ થયું. મારા માણસોનું શું થયું તે મને ખબર નથી, પણ હું તેમની પાસે જઈ શકયો નહીં. મારા પૈસા ખરચાતા જતા હતા અને નોકરી મને મળી નહીં. મને એનો અનુભવ પણ નહોતો."

પૈસા પૂરા થયા પછી રસ્તા ઉપર એ રખડવા લાગ્યો. ગુંડાઓ સાથે ભળ્યો, થોડુંક કામ શીખ્યો અને જ્યારે ઓમાહામાં આવ્યો ત્યારે એને આ હોટલની ખબર પડી. ફાધરને એ વાત કહી શકયો એટલે બીજે દિવસે એ દિવસના કારકુનને પણ કહી શકયો. તરત જ ઝડપથી વાત ફેલાઈ ગઈ અને બધાએ ઉત્સાહપૂર્વક સાંભળી અને કોઈ ઉમરાવ તેમની સેવા કરે છે જાણી બધા અભિમાન પણ લેવા લાગ્યા.

જીવનભર ફાધર ફલેનેજન એના આભારવશ રહ્યા. એણે ઘણા પ્રસંગોએ ફાધર ફલેનેજનને શારીરિક હુમલા અને મૃત્યુમાંથી બચાવ્યા હતા. એમના જીવનમાં ઘણા ભયો હતા. એમને માત્ર કમનસીબ માણસો જોડે કામ નહોતું લેવાનું, પણ રીઢા ગુનેગારો સાથે પણ કામ લેવાનું હતું— જેઓ આમ શાંત દેખાય પણ એક પલકમાં હિંસાખોર બની જાય. એક રાત્રે એક માણસે ઊભેલા ફાધર ફલેનેજન ઉપર હુમલો કરી એને નીચે પાડી નાખ્યા. પણ પેલો હંગેરિયન કાઉન્ટ એના ઉપર કૂદ્યો અને

બીજાઓની મદદથી એને વશ કરી નીચે મોકલી આપ્યો. બીજે દિવસે પેલા ગુંડાને પોતે કરેલા ખૂની કૃત્ય વિશે કશું યાદ પણ નહોતું.

આ હોટલમાં રહેતા ઘણા માણસો એની પ્રશંસા કરતા થયા હતા. રાત્રે ભેગા મળી બધા વાત કરતા. તેમના જીવનમાં ધાર્મિક ભાવનાની ઊણપ હતી. એમાંથી કોઈ દેવળમાં જતું નહોતું. એ બધા કામમાં મદદ કરવા તૈયાર હતા. પાસે પૈસા હોય ત્યારે આપતા પણ ખરા. પણ ધર્મ કે ઇશ્વરની વાત આવે ત્યારે ઝાંખા પડી ચાલ્યા જતા.

તેઓ કહેતા, "ફાધર, અમે ઘણા મોટા થયા છીએ. ધર્મ શીખવાનું અમારે માટે ઘણું મોડું થઈ ગયું છે." એમાં થોડા અપવાદો પણ હતા. થોડાક દેવળમાં જતા થયા હતા, પણ મોટા ભાગના ઉપર પ્રમાણેનો જવાબ આપતા.

"મેં ઘણાં ખોટાં કામ કર્યાં છે, ફાધર. પણ હવે મારી ટેવો બદલી શકું એમ નથી. આટલાં બધાં વર્ષો પછી તો નહીં જ." એકે કહ્યું.

પણ તેમનામાં હિંમત ઘણી હતી. લડાઈ શરૂ થઇ એટલે એમાંના ઘણા યુદ્ધમાં સૈનિક તરીકે જોડાયા અને કેટલાક તો વીર પણ પુરવાર થયા. કેટલાક લડાઇમાં માર્યા પણ ગયા. આ વસ્તુએ ફાધર ફ્લેનેજનને પ્રતીતિ કરાવી કે તેમનામાં સારું તત્ત્વ પણ છુપાયેલું છે. સારાની આજુબાજુ એક પડ બાઝી ગયું છે. તે બધું કરી શકે છે પણ એક ઇશ્વરની વાત આવતાં તેઓને લાગે છે કે સમય જતો રહ્યો છે.

કોઇક વાર એક નાનકડો છોકરો પણ આવી ચઢતો. ફાધરને આવા નાના છોકરાને ગુનેગારો જોડે રાખવામાં રહેલો જોખમ દેખાયો. એટલે તેને દૂર ઉપરના માળ પર રાખવામાં આવતો. આવા બાળકોને માટે થોડા ઓરડાઓ ઉપર અલગ રાખવામાં આવ્યા હતા. એમાંથી જ બાળનગરનો જન્મ થયો.

☞ ૧૩

## પહેલ થઈ

એક દિવસ ફાધર ફ્લેનેજન વરંડામાં એકલા ઊભા હતા. ત્યાં સામેથી એક નવ વર્ષનો છોકરો આવ્યો. એનું શરીર ધૂળવાળું હતું, સ્વેટર ફાટી ગયું હતું, માથે હૅટ નહોતી અને એ ધ્રૂજતો હતો.

"તમે કાળો સૂટ પહેરનારા માણસ છો?" છોકરાએ પૂછ્યું.

"હા, હું તેમાંનો એક છું." ફ્લેનેજને કહ્યું.

"મારે કાળા સૂટવાળા માણસ જોડે વાત કરવી છે."

"તારે મને શું પૂછવું છે?"

"હું અહીં રહી શકું?"

આવી જ અરજ એને ભવિષ્યમાં વારંવાર સાંભળવાની હતી. પાદરી તેની પાસે બેસી ગયા.

"તારે અહીં શા માટે રહેવું છે?"

"તમે અહીં લોકોને મફત નથી રાખતા?"

"હા, રાખીએ છીએ. પણ, છોકરાઓને નહીં. તારા જેવા છોકરાએ તો ઘેર રહેવું જોઈએ."

"ના, ના. મારે ઘર નથી." છોકરાએ આગ્રહપૂર્વક જણાવ્યું.

એનું નામ પોલ હતું. એની મા થોડાંક અઠવાડિયાં પહેલાં મૃ[ત્યુ] પામી હતી. ત્યારથી એ રખડતો થયો હતો. ગઈ રાતે એ બહાર સૂઈ ર[હ્યો] હતો. ચોવીસ કલાકથી એને કશું ખાવાનું પણ મળ્યું નહોતું.

"આપણે બધાએ ખાવા બેસીએ તે પહેલાં હાથપગમાં ધોઈ નાંખ[વા] જોઈએ." પાદરીએ કહ્યું.

પછી ફાધરે છોકરાને સારી રીતે જમાડ્યો અને ઉપરના ઓરડામાં હૂંફાળા બિછાનામાં લઈ જઈ સુવાડી દીધો. પોલના પ્રશ્ને ફાધર ફ્લેનેજનને ચિંતા ઉપજાવી. ગમે તે દિવસે સરકારને આ રખડતા છોકરાની વાતની ખબર પડશે. પોલને રાજ્યના અનાથઘરમાં મોકલી આપવામાં આવત. પોલને ફ્લેનેજન એક સંતાનવિહોણાં દંપતી પાસે મૂકી આવી શક્યા.

પણ પોલની તપાસ કરતાં ખબર પડી કે એનું કોઈ સગું જીવતું નહોતું. દુઃખની વાત તો એ હતી કે આવા છૂટાછવાયા બનાવો નહોતા, પણ દરેક શહેરમાં ઘણી મોટી સંખ્યામાં આવાં બાળકો હતાં. અને પ્રત્યેક વખતે બાળક અનાથ પણ નહોતો. ઘણી વાર માબાપ રસ અને પ્રેમને અભાવે પણ પોતાનાં બાળકને રસ્તા ઉપર રખડતા મૂકી દેતાં અને એવાં બાળકો પણ અનાથ જેવાં જ હતાં.

રોજ છાપામાં ફાધર ફ્લેનેજન પોલીસના હાથમાં ઝડપાતાં આવાં બાળગુનેગારો વિશે વાંચતા. ન્યૂયોર્કમાં એણે એવાં જોયાં પણ હતાં. ધીરે ધીરે આ નવ વર્ષની ઉંમરના મહેમાનના પરિચયમાં આવતાં એના મગજમાં નવો વિચાર સૂઝ્યો. છેલ્લાં ત્રણ વર્ષોથી પુખ્ત ઉંમરના માણસો જોડે એ કામ કરતા હતા પણ તેમાં એમને નિષ્ફળતા મળી હતી. એ ખોરાક તથા રહેઠાણ પૂરું પાડનારા હોટલમાલિક જ બની ગયા હતા. રખડુઓને આટલું જ જોઈતું હતું. બીજી વાતોમાં તેમને ઘણું મોડું થઈ ગયું લાગતું.

પણ જો નાનાં બાળકો માટે કોઈ દરકાર રાખનારું હોય તો તેમને માટે ઘણું મોડું નહોતું થયું. ખોટી બાજુથી કામ શરૂ કર્યાનું ભાન એમને થયું. આત્માના ઉદ્ધારનું કાર્ય પણ બીજા કુદરતીના કાર્ય જેવું છે પણ તે સંપૂર્ણપણે ભાંગી પડે તે પહેલાં કરવું જોઈએ. અને માણસ બાલ્યાવસ્થામાં હોય ત્યારે જ એ શરૂ કરવું જોઈએ.

•

☞ ૧૪

# હિંમતે મર્દા

શરૂઆતથી જ ફાધર ફ્લેનેજનને લાગ્યું હતું કે કોઈ પણ ગુના-વિષયક કાયદાને બાળકના કાયદાથી છૂટા પાડી વિચારવો નહિ. જો માનવીને સુધારવો હોય તો બાળક સાથે જ શરૂ કરવું જોઇએ. અને ઈશ્વરપ્રેમ કેળવ્યા સિવાય બધા ગુનાઓ સુધરી શકે એવી કોઈ દવા નથી. એને ગુનાશોધક ખાતાના ડાયરેક્ટર જે. એડગર હુવરની અનુમતિ પણ મળી. બન્નેને લાગ્યું કે ગમે તેવી આકરી શિક્ષા કે આકરાં પગલાં લેવામાં આવે તો પણ તે ગુનાની વૃત્તિ ઓછી કરી શકે એમ નથી. એ પગલાં કદાચ સંખ્યા ઓછી કરી શકે પણ તેનાં મૂળ દૂર કરી શકે નહિ. એ કેવળ સામાજિક કાયદો જ નથી. પણ નૈતિક અને આર્થિક કાયદો પણ છે. ફાધર ફ્લેનેજનને આ કાર્ય ઘણું મહત્ત્વનું લાગ્યું અને ગુનાઓ અટકાવવા બાળકોને એ કૃત્યોમાંથી બચાવવાનું અત્યંત આવશ્યક જણાયું.

વારંવાર એ અદાલતમાં જવા લાગ્યા. હોટલ તો ચાલુ હતી જ, પણ મુખ્ય પાદરીની પરવાનગીથી એમણે આ નવા કાર્યનો આરંભ કર્યો. એ સમય વર્ગમાં અભ્યાસમાં ગાળેલા સમય જેવો હતો. ફ્લેનેજને અદાલતના ન્યાયાધીશો સાથે પણ ઓળખાણ કરી. વારંવાર પોતાના ખંડોમાં તેઓ આવા કિસ્સાઓ વિશે ચર્ચા કરવા એમને બોલાવતા. એણે જોયું કે મર્યાદામાં કામ કરવા છતાં આ માણસો પ્રમાણિકપણે કાયદાનો ઉકેલ લાવવા મથે છે.

એણે એક દિવસ બાળગુનેગાર અદાલતના ન્યાયાધીશને પૂછ્યું પણ ખરું.

"શા માટે તમે નાના, મોટા, અનાથ બધાને કહેવાતી બાળસુધાર શાળામાં મોકલો છો ?"

“કારણ કે, ફાધર, બીજાં એવાં કોઈ સ્થળો જ નથી. તેમનાં ઘણાં નકામાં છે. અમારે તેમને ક્યાંક તો મોકલવાં જોઈએ ને!”

આ સાદી વાતે એમને ચમકાવ્યા. લોકોની ઉદાસીનતા અને ઊભરાતી અદાલતો અને ઊભરાતી સંસ્થાઓએ બાળકને સુધરવાની કોઈ તક રહેવા દીધી નહોતી. વધારે માહિતી મેળવવાની જિજ્ઞાસાએ જુદી જુદી સંસ્થાઓને એમણે પત્રો લખી સંખ્યા અને પદ્ધતિ વિશે માહિતી ભેગી કરવા માંડી.

આવાં ગેરરસ્તે દોરવાયેલાં બાળકોને મદદ કરવાની કોઈ પણ ચળવળનો અભ્યાસ કરવાનું એ જવા દેતા નહોતા. પાછળથી ઘણી સંસ્થાઓએ એમને મુલાકાત માટે બોલાવ્યા હતા અને પોતાની યોજના સમજાવવા વિનંતિ કરી હતી. જુદે જુદે સ્થળે આવા હેતુ માટે સ્થપાયેલી સઘળી સંસ્થાઓનો એમણે ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો. પોતાનું રોજિન્દુ કાર્ય પૂરું થાય એટલે રોજ રાત્રે આ જ કાર્ય પાછળ એ મંડી પડતા. પ્રત્યેક યોજનામાં એમને કંઈ ને કંઈ પ્રશંસનીય લાગતું પણ બધામાં મોટી ખામી હતી તે એ કે એમાં માયાળુતા અને ઇશ્વરનો અભાવ હતો. માનસશાસ્ત્ર સામે પણ એને વિરોધ નહોતો. ઘણી વાર એ ગંભીરતાપૂર્વક કહેતા :

“બાળકને ગુનો કરતો રોકવો એ ગુનાનાં મૂળ દૂર કરવા બરાબર છે. જો આપણે આપણાં બાળકોને ગુનો કરતાં ન રોકીશું તો આપણે સંસ્કૃતિ ગુમાવી બેસીશું. આ પ્રશ્નને નિવારવાનું આ ઘણું મોટું આહ્‌વાન છે.”

આ માટે જ એ અદાલતોમાં જતા, સંસ્થાઓમાં જતા, તેમનો અભ્યાસ કરતા. હજી સુધી ચોક્કસ માર્ગ એમને લાધ્યો નહોતો. પણ માર્ગ હતો અને તે જરૂર જડશે એવી એમને શ્રદ્ધા હતી. આવા કામનો એને શોખ પણ હતો. પાદરી તરીકેની પોતાની ફરજ દરમ્યાન તોફાની છોકરાઓના કિસ્સા એમની સમક્ષ લાવવામાં આવતા. તોફાની વૃત્તિનાં કારણોમાં એમને ઘરનું વાતાવરણ જણાતું અને જો તે એક વાર સુધારવામાં આવે તો તોફાની વૃત્તિ પણ જતી રહેતી.

હોટલમાં પણ આવતા આવા છોકરાઓને એમણે જોયા હતા.

અદાલતના અધિકારીઓને જણાયું કે એની પાસે સુન્દર વિચારો છે. ઉપયોગી હકીકતો પણ છે.

એક દિવસ અદાલતના સમય પછી જજે એમને પોતાની પાસે બોલાવી પૂછ્યું :

“ ગઈ રાત્રે ખુલ્લામાં સૂતેલા પેલા બે છોકરાઓને તમે જોયા ? ”

“ હા !” ફાધર ફ્લેનેજને જવાબ આપ્યો, “ પણ તેમને તો ઘર છે–”

“ હા, છે.” જજે ઉતાવળમાં કહ્યું. “બાપ દારૂડિયો છે, મા ધાક રાખી શકતી નથી. છોકરાઓ ખરાબ નથી; પણ તેઓની કાળજી લેવાવાની જરૂર છે. હું એમને મોકલી દેવા માગતો નથી. હું જરા વિચાર કરતો હતો... ”

એ જરાક પાદરીને અનુલક્ષી સ્મિતસહિત વિરમ્યા.

“ મને લાગે છે, હું તેમને તમારી કાળજીમાં સોંપી શકું. ”

તેમની પાસે રાખવાની જગ્યા નહોતી છતાં તેઓ સંમત થયા. પેલા બાર અને ચૌદ વર્ષના છોકરાઓ જોડે વાત કરી અને અઠવાડિયામાં એક રાત્રે તેમની સાથે મુલાકાત ગોઠવી. તેઓ હોટલમાં આવી ગુંડાઓ જોડે સંપર્કમાં આવે એવું એ ઇચ્છતા નહોતા, એટલે શેરીમાં એક ટેલિફોન કંપનીના મકાન સામે દીવા નીચે મુલાકાતસ્થાન નક્કી કર્યું. આ મુલાકાતો દરમ્યાન આ છોકરાઓએ પોતાની શાળાની, રમતગમતની, છાપાંના વેચાણની પ્રગતિનો હેવાલ આપ્યો. જો તેઓને કશી મુશ્કેલી નડી હોત તો તેઓ કહેત, પણ એણે તેમની વાર્તાના ખરાખોટાપણા વિશે કશી તપાસ કરી નહિ.

“ તમે બન્ને સારા છોકરાઓ છો અને હું તમારા પર વિશ્વાસ રાખી શકું છું. ” એણે તેમને કહ્યું.

દીવાના ઝાંખા અજવાળામાં એ ઈશ્વર વિશે પણ તેમને વાત કરતા. એમનાં માબાપ દેવળમાં જતાં નહોતાં અને છોકરાઓને ઈશ્વર કોઈ શાસક હોય અને કોઈ દિવસ કચડી નાખવાનો હોય એવો ખ્યાલ હતો.

"ઇશ્વર તમને તમારા ખરાબ કામ માટે શિક્ષા કરે છે." એક મુલાકાતમાં નાની ઉંમરના છોકરાએ કહ્યું.

"તમારે ઇશ્વરનો ડર રાખવો જોઇએ નહીં," પાદરીએ કહ્યું. "એ તો મમતાળુ પિતા છે. છોકરાઓ કેવી રીતે મુશ્કેલીમાં આવી પડે છે તે એ જાણે છે, એની ખબર તમને નથી ? ઇશ્વર પ્રત્યે તમારે વફાદાર રહેવું જોઇએ અને તમારા જીવનમાં ઇશ્વરને પણ ભાગ લેવા દેવો જોઈએ."

એમનો બાપ હજી દારૂ પીતો હતો અને મા સંભાળ લઈ શકે નહિ એવી માંદલી હતી. છતાં છોકરાઓ મુશ્કેલીમાં નહોતા. હવે રાત્રે બહાર રખડવાને બદલે પોતાને ઘેર સૂતા હતા. ફલેનેજનની દેખરેખ હેઠળ આ છોકરાઓ કંઈક અંશે સારું જીવન જીવતા થયા. ન્યાયાધીશોએ આ જોયું અને બીજા છોકરાઓને પણ એની દેખરેખ હેઠળ સોંપવામાં આવ્યા. પણ એની પાસે જગ્યાની સગવડ ન હોવાને કારણે હજી એને શેરીઓમાં મળવું પડતું. પણ છોકરાઓને સમજવાની, તેમનામાં વિશ્વાસ રાખવાની એની ચાવી અહીં પણ એટલી જ સફળ થઈ. અદાલતના અધિકારીઓને પણ આશ્ચર્ય થયું કે એની દેખરેખ હેઠળનાં બાળકો અદાલતમાં પાછાં આવતાં નહોતાં. કયા પ્રકારનો જાદુ એની પાસે હતો ?

એ જાદુ પ્રેમ અને સમજણનો હતો એ આ અધિકારીઓ સમજી શકે એમ નહોતું. એ જ રીતે તેમનામાં વિશ્વાસ રાખી એણે પોતાની પૂછપરછ ચાલુ રાખી. એક વાર છોકરાઓને ખબર પડી કે એ તેમના મિત્ર છે એટલે તેઓ એની આજુબાજુ ટોળે વળવા લાગ્યા. એક દિવસે એક નાના છોકરાએ પૂછ્યું : "ફાધર, તમે કઈ રીતે જાણો છો કે અમે [illegible]રા થતા જઈએ છીએ ?"

"એનો એક જ જવાબ છે અને તે એ કે મને વિશ્વાસ છે કે ઈશ્વરના માર્ગને અનુસરો છો." પાદરીએ એક ક્ષણ વિચાર કરી કહ્યું.

અને ખરેખર ઘણા સામાજિક કાર્યકરો સાંભળીને ગુસ્સે થાય છતાં

ફાધર ફ્લેનેજનને સોંપાયેલા આ બધા ઇશ્વરના માર્ગને અનુસરતા હતા. શેરીના દીવા હેઠળની સભાઓ ફળદાયી બની હતી. એમાંના ઘણાએ હળવા ગુનાઓ કર્યા હતા છતાં મોટા ગુનાઓ કરતાં અટકાવવાનું એનું મુખ્ય કામ હતું.

એક દિવસ ઓમાહામાં લૂંટ, ચોરી અને ભયંકર તોફાનોનું મોજું ફરી વળ્યું. એની પાછળ દક્ષિણ ઓમાહામાંના કેટલાક યુવાનોનો હાથ હતો એમ કહેવાતું.

માબાપોના મનમાં ગભરાટ ફેલાયો કે પોતાનાં બાળકો પણ એ અસર નીચે આવી જાય. એ લોકો ઇચ્છતા હતા કે આવી ટોળી વિખેરી નાખવામાં આવે. આવી ટોળીઓના સરદારને એવે સ્થળે લઈ જવા જોઇએ કે જ્યાં તેઓ છોકરાઓને અસર કરી શકે નહિ. પોલીસે તકેદારી રાખી એ ટોળીના તોફાની છોકરાઓને પકડયા. એક સવારે જ્યારે પોલીસ એ ટોળીના સાત નેતાઓને પકડીને લઈ આવી ત્યારે ફ્લેનેજન અદાલતમાં હાજર હતા. એમને લોકોના અભિપ્રાયની પણ ખબર હતી. એ છોકરાઓ ખરેખર ખરાબ હતા. તે દયાને પાત્ર નહોતા. ન્યાયાધીશની સમક્ષ તેમને ખડા કરવામાં આવ્યા. તેઓ એક હારમાં ઊભા રહ્યા. ફાધર તેઓના ચહેરાનું અવલોકન કરવા આગળ નમ્યા. આ તોફાનીઓમાંથી ભાગ્યે જ કોઈની ઉંમર પંદરથી વધારે હશે. કાગળિયાં ઉપર તો તે ઉદ્ધત અને ભયંકર ચીતરાયેલા હતા. તોહમતનામાંમાં ચોરી, લૂંટ વગેરેના આરોપો મૂકવામાં આવ્યા. એમાંથી કોઇએ પોતાના આરોપોનો ઈન્કાર કર્યો નહિ. ખરેખર, એ બધા સમાજવિરોધી અને ન સુધરી શકે એવા હતા. અત્યારે તો તેઓ ખરેખર બીધેલા હતા અને ફ્લેનેજનને માટે એ જ મહત્ત્વનો મુદ્દો હતો. જો તેઓ ખરેખર રીઢા થયેલા ગુનેગાર હોત તો અત્યારે તેમના મુખ ઉપર એની રેખાઓ અંકિત થયેલી હોત અને હજી પણ નઠોરતાથી અહીં ખડા રહ્યા હોત. તેમના મુખ ઉપર વ્યક્ત થતો ડર એ સમજવાની ચાવી હતી, હજી તેઓ નાના હતા અને સુધરી શકે એવા હતા.

ન્યાયાધીશોએ તેમને ઊભા થવા કહ્યું. જેવી સજા ફરમાવવાની શરૂઆત

એણે કરી કે તરત જ ફાધર ફ્લેનેજન ઊભા થયા. ન્યાયાધીશ સહેજ અટકયા અને પૂછ્યું, "આ કેસની બાબતમાં તમારે કંઈ કહેવું છે?"

'હા', ઘોઘરો અવાજ આવ્યો, "હા, નામદાર, હું જાણવા માગું છું કે આ છોકરાઓનો હું જામીન થઈ શકું ખરો?"

આ સાંભળી અદાલતમાં સનસનાટી વ્યાપી ગઈ. ન્યાયાધીશોને ફાધર ફ્લેનેજનની આવા ગુનેગારો સાથેની સફળતાની ખબર હતી, છતાં બીજા પ્રમાણમાં હળવા ગુનેગારો હતા.

"તમને ખબર છે કે આ કેવા છોકરાઓ છે? એમને વિશેના પુરાવાઓ તો તમે જોયા છે?" તેણે પૂછ્યું.

"હા, હું પુરાવાઓ જાણું છું." ફ્લેનેજને ઉત્તર આપ્યો, "અને જે સંજોગોમાં અને જે રીતે તેઓ રહે છે તેની પણ મને ખબર છે. એ વિશે મેં વાંચ્યું પણ છે. પ્રલોભનો, કાળજીનો અભાવ– "

"અને છતાં તમને લાગે છે કે તમે આવાઓને પણ સુધારી શકશો?"

પેલા સાત ન સુધરી શકે એવા ગણાતા પાસે જ ઊભા હતા. ન્યાયાધીશને માટે નિર્ણય લેવાનું કાર્ય સહેલું નહોતું. અને ઉગ્ર પ્રજામત પણ આવા છોકરાઓને શિક્ષા થાય એવી અપેક્ષા રાખતો હતો. રાજકારણમાં પડેલા નેતાઓ પણ લોકોને નિરાશ કરી આવાઓને જતા કરવા ઇચ્છતા નહોતા. ન્યાયાધીશ ડાહ્યો માણસ હતો. એણે આ પાદરીની શકિત જોઈ હતી. આખરે એણે કહ્યું,

"ફાધર, તમે માગો છો તે તક હું તમને આપું છું. મને આશા છે કે તમે આ છોકરાઓને સુધારી શકશો. હું એ બધાને તમારા કબજામાં સોંપું છું."

ન્યાયાધીશે કેદીઓ તરફ ફરી કહ્યું, "તમને તક મળે છે. મને ખબર [illegible]થી કે એ તમને સુધારી શકશે કે નહીં. ફાધર ફ્લેનેજનને વિશ્વાસ છે [illegible]એ તમને ઉપયોગી બની શકશે. મને આશા છે કે તમે હમેશાં યાદ

રાખશો કે એને કારણે તમે છૂટા થાવ છો. નહિ તો અત્યારે તમે સુધાર-શાળામાં પહોંચી ગયા હોત."

આખા અદાલતખંડમાં સૌથી વધારે કોઈ ડઘાઈ ગયું હોય તો તે છોકરાઓ પોતે હતા. એ બધા આંખ ફાડી એકબીજા સામે અને પછી પાદરી સામે જોઈ રહ્યા. આ ક્ષણ સુધી તેઓ જેલમાં જવાની રાહ જોતા હતા. ફાધર ફલેનેજને આ જોયું, પણ જણાવા દીધું નહીં. એણે તો પેલા છોકરાઓને પોતાની પાછળ આવવાનું કહ્યું. સૌ ચકિત નેત્રે જોઈ રહ્યા!

☞ ૧૫

## જીવનકાર્યની પ્રેરણા

અદાલતના ઉંબરમાં ફાધર ફલેનેજને પોતાના ગજવામાંથી ચોકલેટનું એક પડીકું શોધી કાઢ્યું. ગંભીર ચહેરે પેલાઓને એણે ચોકલેટ વહેંચી આપી. ગંભીરતાથી એ સૌ ખાવા લાગ્યા, તે પણ એણે જોયા કર્યું. અત્યાર સુધી ડઘાયેલા લાગતા છોકરાઓ મુક્તિ મળતાં વાત કરવા લાગ્યા.

"હું પેલા જજથી બીધો હતો!" એક ગણગણ્યો.

"અરે જા!"

"પેલા લુખ્ખા ચહેરા..."

"છોકરાઓ, એ લુખ્ખા ચહેરાની વાત અને અપ્રિય એવું જે કંઈ હોય તે બધું ભૂલી જાવ." ફાધરે કહ્યું.

"અમે કેવી રીતે ભૂલી શકીએ? અમારે રોજ અદાલતમાં હાજરી આપવા જવાનું છે ને?" એકે પૂછ્યું.

"તમારે તમારો હેવાલ મને જ આપવાનો છે. અદાલતનું હું સંભાળી લઈશ. આપણે ભવિષ્યનો વિચાર કરવાનો છે." ફાધર ફ્લેનેજને કહ્યું.

એ બધાએ ચાલ્યા જ કર્યું. એમાંના એકે હિંમતપૂર્વક પૂછ્યું, "ફાધર, તમે મને શું કરશો?"

"હજી હું જાણતો નથી" નિખાલસ રીતે એણે જવાબ આપ્યો, "પણ મને ખાત્રી છે કે તું એક સરસ 'બેઈઝબોલ' ખેલાડી થશે."

"ખરેખર, પણ એ રમતથી શું? તે કંઈ શિક્ષા કહેવાય?"

"તમને શિક્ષા નથી થઈ." એણે મોટે અવાજે કહ્યું. "એટલું યાદ રાખો કે તમારે સીધા ચાલવાનું છે. હું કહું છું તે યાદ રાખજો. આજથી નવું જીવન શરૂ કરો." આગળ ચાલતા ખાલી જગ્યા આવી. ફાધરે એ ચોકસાઈથી જોઈ અને કહ્યું, "આ ચાલશે. આપણે અહીં બેસીએ અને વાતો કરીએ."

"જરૂર."

પાદરીના મગજમાં શું ચાલતું હતું તેની છોકરાઓને ખબર ન હતી. એમણે ધાર્યું કે હવે સારું જેવું ભાષણ સાંભળવા મળશે. પણ તેમને પોતાની ભૂલ સમજાઈ. પાદરી સાથેના વાર્તાલાપ દરમ્યાન એમણે કદી પણ પાપનો ઉલ્લેખ સાંભળ્યો નહોતો. ઉલ્લેખ તો 'બેઈઝબોલ'નો થયો હતો. તેમને એ જાણીને આનંદ થયો કે કઠોર ચહેરાવાળા પાદરી પાપ વિશે તેઓના જેટલું જ જાણતા હતા.

"આ ખુલ્લા મેદાનની આજુબાજુ કોઈ ઘરો જણાતાં નથી." ફાધરે કહ્યું, "હું મેદાનના માલિક સાથે વાત કરી લઈશ. આ મેદાનનો તમારે સારો ઉપયોગ કરવો જોઈએ. અહીં તમે 'બેઈઝબોલ'ની રમત શરૂ કરી શકશો." હવે તેઓને ખાત્રી થઈ કે પાદરી તેમનો મિત્ર છે. તેણે ચેતવણી ઉચ્ચારતાં કહ્યું કે, "જો આપણે એક સાથે કામ કરીશું તો આપણે ઘણા સફળ થઈશું અને એમ કરતાં આપણને કોઈ અટકાવી શકશે નહિ.

રમતની વાત કરવાના ઉત્સાહમાં એ બધા ભૂલી ગયા કે શા માટે તેઓને અહીં લાવવામાં આવ્યા છે અને તેઓને થોડા સમય પહેલાં જ ગુનેગાર માનવામાં આવ્યા હતા.

"આપણે ક્યારે શરૂ કરીશું ?"

આ પ્રશ્ને પાદરીને વિચાર કરતા કરી મૂક્યા. એને પોતાની દેવળમાંની ફરજો તો અદા કરવાની હતી જ. પોતાની હોટલ પણ હજી ચલાવવાની હતી. પોતાની સંભાળ હેઠળનાં બીજાં બાળકોને પણ અઠવાડિયે એક વાર મળવાનું હતું. એ ઉપરાંત આ સાત ગુનેગારો છે. આટલા બધા એકસાથ ભેગી દેખરેખ માગી લે એવા હતા.

"તમારે તમારે ઘેર રહેવા જવું પડશે. પણ આપણે દર અઠવાડિયે ત્રણ વાર સાંજના નાસ્તા પછી અહીં મળીશું."

ઉનાળો આવતો હતો, સન્ધ્યા હવે લાંબી બની હતી અને એમાં 'બેઝબોલ' રમવાની પુષ્કળ તક મળતી હતી. બાકીના વખતમાં એ લોકો શું કરતા હશે? એવો વિચાર આવતાં ફાધર ફ્લેનેજન પ્રાર્થના કરતા અને એ વિચાર ઈશ્વર ઉપર છોડી દેતા. રમત માટે આવશ્યક સામગ્રી ફાધર ફ્લેનેજન ઉઘરાવી લાવ્યા. જોવા આવનારા છોકરાઓને રમતમાં ભાગ લેવા દેવામાં આવ્યા. સાતની સંખ્યામાંથી સંખ્યા વધી બે ટુકડીઓ રચાઈ. એની કીર્તિ ચોમેર ફેલાઈ. અને એને પોતાની સામે રમતો રમવાનાં આહ્વાન ચોમેરથી આવવા લાગ્યાં. જમીન ઉપર છૂટેલા હોવાથી આવી રીતે રમતો રમી શકાય કે નહિ તે વિશે એમના મનમાં શંકા હતી.

"શા માટે નહિ?" ફાધર ફ્લેનેજને જવાબ આપ્યો. "તમે નિરાશાવાદી છો. આપણે તે બધાને હરાવી શકીએ એટલા બળવાન નથી એમ શા માટે માનો છો? તેમની રમત જોવા એ હાજર રહેતા અને તેમને પ્રોત્સાહન પ્રેરતા. માત્ર રમતમાં જ નહિ પણ તેમની બધી પ્રવૃત્તિઓમાં એ રસ લેતા. કેટલાકને એમણે નોકરી પણ શોધી આપી.

હતી. અને સાતે જણા પોતપોતાનાં દેવળોમાં પણ જતા થયા હતા. એ બધાં ફિરસ્તાની માફક તો વર્તતા નહોતા. વારંવાર ઝઘડા કરતા. સંયમનો પાઠ શીખવાનું તેમને માટે કપરું હતું. છતાં હવે તેઓ કાયદાભંગની પ્રવૃત્તિ કરતા નહીં. થોડાંક નાનાં ઘર્ષણો થતાં ખરાં, પણ સાતેમાંથી એકે તે વખતે કે જીવનમાં કોઈવાર પછી પોલીસ સાથે અથડામણમાં આવ્યો નહોતો.

વધારે ને વધારે છોકરાઓને એની સંભાળ હેઠળ હવે સોંપવામાં આવતા હતા. પોતાની પાદરી તરીકેની અનેકવિધ પ્રવૃત્તિ હોવા છતાં અદાલતની એ કે વિનંતિ એણે નકારી નહિ. એને જે લાગતું તે એ કે આ બધું અવ્યવસ્થિત હતું. એની પાસે કોઈ સાધનો નહોતાં, કોઈ વ્યવસ્થા નહોતી, બાગમાંની પાટલી જ મુલાકાતનું સ્થળ બની રહેતી. એનો કાર્યક્રમ ચાલુ રહેતો. એનો મૂળ ખ્યાલ બરાબર હતો. કોઈ છોકરો ખરાબ નહોતો. પુનર્વસવાટના મુખ્ય કાર્યક્રમમાં આવશ્યક વસ્તુ બાળકને પ્રેમ આપવાની અને ધર્મના માર્ગ ઉપર મૂકવાની હતી. એક વખતે એ પોતાની હોટલના એક ઓરડામાં બેઠા હતા ત્યારે એમના મનમાં વિચાર આવ્યો કે આ છોકરાઓને સુધારવાનું કાર્ય પવિત્ર છે અને સંપૂર્ણ સમય માગી લે એમ છે.

એને પોતાની હોટલ છોડી દેવી પડશે. બેકાર માણસોની સંભાળ રાખવાનું બીજી સંસ્થાઓને સોંપવું પડશે. પણ એને તો પોતાના આખા જીવનનું કાર્ય કરવાનું હતું, પોતાની હોટલ એ તુરતાતુરત બંધ કરવા નહોતા ઇચ્છતા. આવતી વસંત સુધી તો એને ચાલુ રાખવી પડે એમ હતું જ. એપ્રીલ મહિના સુધીમાં એના નવા સાહસની તૈયારી થઈ જશે.

“પણ આ બધું કેવી રીતે કરી શકાશે?” એણે જ પોતાના મનને પ્રશ્ન પૂછ્યો. એ તો દેવળની ટૂંકી આવક ઉપર જીવતા હતા. પોતાની પાસે કોઈ એવી દોલત નહોતી, બીજે કશેથી નાણું લાવી શકાય એવો ખ્યાલ પણ એને નહોતો. પણ છતાં એને શ્રદ્ધા હતી કે પોતાની નવી યોજના માટે પૈસા ઊભા કરી શકાશે. તે રાત્રે એણે પોતાના જીવનનો અતિ

મહત્ત્વનો નિર્ણય લીધો.

પોતાના આ દર્શનમાંથી એણે કદી પાછી પાની ભરી નહિ. એ નિશ્ચય તે-ઘરવગરના, ઉપેક્ષિત અને ખોટે રસ્તે દોરવાયેલા છોકરાઓ માટે નવા પ્રકારનું ઘર સ્થાપવાનો !

•

☞ ૧૬

## મુસીબતનો લ્હાવો

દેવળના મુખ્ય અધિકારી જેરેમી હાર્ટી પણ ફ્લેનેજન પ્રત્યે સમભાવથી જોતા હતા. એને મદદ કરવાની હાર્ટીની ઇચ્છા હતી. ઉપેક્ષિત, ગેરરસ્તે દોરવાયેલાં બાળકોની કરુણ કથની રોજ ને રોજ નિયમિત આવ્યા કરતી. આવા કોઈ ગૃહની જરૂર છે એવી જ્યારે એમની સમક્ષ અરજ ગુજારવામાં આવી ત્યારે તુરત એમને એ મહત્ત્વનું જણાયું. એક અનાથાશ્રમ તો ચલાવાતો જ હતો. એ ઉપરાંત ગરીબોને મદદ પણ કરવામાં આવતી હતી. ભંડોળ ઘણું મર્યાદિત હતું અને નવા સાહસ માટે નાણાં ફાજલ પાડી શકાય એમ નહોતું.

"તમે સમજી શકો છો. આ આખું સાહસ તમારે તમારા આધારે કરવાનું છે." મુખ્ય ધર્માધિકારીએ નમ્રતાથી કહ્યું. ફ્લેનેજને માથું ધુણાવ્યું. ફ્લેનેજને વધારે કોઈ આશા રાખી નહોતી, પણ આવું ગૃહ ઊભું કરવાની એને પરવાનગી પ્રાપ્ત થઈ.

હવે એને રોકડ નાણાંની જ જરૂર હતી. મુશ્કેલી ઓછી નહોતી છતાં એના મનમાં આનંદ હતો, આવી બાબતમાં એ નવીન નહોતા. હોટલ શરૂ

કરવામાં એને સારી તાલીમ મળી હતી. પણ હવેનું કામ વધારે આકરું હતું. લોકો નિરાધાર, ન કામ કરી શકે એવા વૃદ્ધોને મદદ કરવાનું સમજી શકતા હતા. પણ રસ્તે રખડતા, ગુના કરનારા છોકરાઓને તે વળી મદદ કેવી? અનાથાશ્રમો અને રાજ્યસંચાલિત ઉદ્યોગ અને સુધારશાળાઓ નહોતી?

ઉમ્મર કરતાં અનુભવમાં એ પુખ્ત થયા હતા. આવું કાર્ય કરવામાં જીવનને જરૂરી એવા આરામનો પણ ત્યાગ કરવો પડે એમ હતું. એને બધી જ વસ્તુઓ છોડી દેવી પડે એમ હતું. વાંચન જેવા નિર્દોષ આનંદને માટે પણ અવકાશ મળતો નહોતો. આમ છતાં એને ડર નહોતો.

ફાધર પી. એ.ના ઘરમાં ખાણાના ટેબલ ઉપર આ સમાચાર એણે કહ્યા. બાળગૃહ કાઢવાના અણધાર્યા સમાચાર વિશે કોઇએ તરત અભિપ્રાય નહિ આપ્યો.

"તું છોકરાઓ સાથે અત્યાર સુધી કામ લેતો હતો એ ખરું," માએ કહ્યું, "પણ હવે તો તું તેમને કુટુંબમાં આશ્રય આપે છે. અને તને કુટુંબ ચલાવવાનો અનુભવ નથી."

એણે માત્ર સ્મિત જ કર્યું.

"પણ મા, હું જે મોટા ઘરમાં રહ્યો, ત્યાં જે શિક્ષણ પ્રાપ્ત કર્યું, તારા જેવી પાસેથી સૌએ શું શું કરવાનું છે તે શીખ્યા, એટલું પૂરતું છે. આ છોકરાઓને એવા જ ઘરની જરૂર છે."

"એ ખરું, પણ એમાં તો અમે બધાં તને મદદ કરતાં હતાં. અહીં તો સ્ત્રીઓ રાંધવાનું અને કપડાં સીવવાનું કામ કરતી, પણ આ કારાગૃહમાં કોણ કરશે?"

"તું અને નેલી તૈયારી રાખશો એવી મને આશા છે. મુખ્યાધિકારીએ કહ્યું છે કે થોડીક બહેનોની પણ હું મદદ લઈ શકું. ઇશ્વર પણ મને દોરવણી આપશે." એણે કહ્યું.

એણે નક્કી કરેલી યોજનામાંથી એને પાછો વાળી શકાય એમ

નહોતું. એક કલાકમાં એણે બધાંને ખાત્રી કરાવી આપી. છેવટે વાત સમેટતાં ફાધર પી. એ.એ કહ્યું, "જો એને કરવું જ હશે તો એ કદાચ કરશે જ. અને આપણે તો એને મદદ જ કરવાની રહે છે."

પણ આમાહામાંના બીજા એની સાથે જોડાવા તૈયાર નહોતા.

એવા પણ નાગરિકો હતા જે એમ માનતા કે અનાથ બાળકો, અને દુઃખમાં આવી પડેલાં બાળકોનો આખો પ્રશ્ન સરકાર તરફથી જ ઉકેલાવો જોઈએ.

"એ તો પોલીસ અને અદાલતના કાર્યની વાત છે," એક જણે કહ્યું, "ફાધર, તમારું કાર્ય તો ધર્મનો પ્રચાર કરવાનું છે. એ કરો. આ પ્રશ્ન તો વ્યવહારુ બાબત છે."

"અને ઈશ્વરના શબ્દો એ છોકરાના જીવનમાં ઉતારવાના કાર્યનું કશુંએ છોકરાઓના જીવનમાં વ્યવહારુ મૂલ્ય નથી?"

"આપણે ત્યાં સંસ્થાઓ છે. એમને આ કામ કરવા દો."

"અને જે બની રહ્યું છે તે ભૂલી જઈએ?"

"જો આ સંસ્થાઓમાં કંઈ ઊણપ હોય તો લોકોએ તે શોધી કાઢી દૂર કરવી જોઈએ." પેલા ટીકાકારે કહ્યું.

"આપણે સારા છોકરાઓને બધા લાભો આપીએ છીએ. જેની તમે વાત કરો છો એ બગડેલા છે. એની કાળજી કાયદાને જ લેવા દો. એ માટે તો આપણે કર આપીએ છીએ." બીજા પાદરીએ કહ્યું.

એ બધા સહાનુભૂતિ વિનાના હતા એમ નહિ. પણ ઉપેક્ષિત, ગરીબ બાળકો વિશે તેમ જ સુધારશાળાઓમાં ચાલતી ભયંકરતા વિશે એમને ખાતરી નહોતી થતી. એની સાથે આવીને નજરે જોવા એ બધા તૈયાર નહોતા. ભવિષ્યમાં આવાં વલણોનો વારંવાર એને સામનો કરવો પડવાનો હતો.

પણ શહેરમાંના બીજા વગવાળા એને સમજી પણ શકયા હતા.

જુદા જુદા સંપ્રદાયના માણસોએ જેમ હૉટલ શરૂ કરવામાં મદદ કરી હતી તેમ આમાં પણ મદદ કરી.

એક દિવસ ગાડીમાં મુસાફરી કરતાં કરતાં આ યોજના વિશે એણે પોતાના એક મિત્રને કહ્યું,

"એ બધા એટલા બધા અસ્થિર છે, હજી ! પ્રથમ મારે એક મકાન શોધી કાઢવું જોઈએ અને તે એવી જગ્યાએ હોવું જોઈએ જ્યાં નજીકમાં કોઈ પ્રલોભનોનાં સ્થાન નહિ હોય. એનું ભાડું પણ થોડું હોવું જોઈએ." એણે કહ્યું.

ગાડી ઊભી રહી અને એમાં કેટલાક મુસાફરો દાખલ થયા. એમાં એક સુન્દર સ્ત્રી હતી. ફાધર ફ્લેનેજનના મિત્રે તેના તરફ હાથ હલાવ્યો. "એનું નામ કેથેરાઈન શીલ્ડઝ છે. એ મકાનના વ્યવસાયમાં પડ્યાં છે."

બન્ને તેની પાસે ગયા અને પેલા મિત્રે એ વિશે વાત કરી. તરત જ એ બોલી ઊઠી, "હા, હું એક મકાન જાણું છું. એ અહીં નજીકમાં જ છે. આપણે અહીં ઊતરવું જોઈએ. કન્ડકટર, બસ ઊભી રાખ."

પચીસમા મોહલ્લામાં આવેલા એક બે માળના મકાન સમક્ષ તેઓ આવ્યા. મકાન તેમણે જોયું. આખું મકાન કામ આવે એવું હતું, પણ નેવું ડૉલર ભાડા પેટે આગળથી આપવાના હતા.

ફાધર ફ્લેનેજને કહ્યું કે એટલાં નાણાં તાત્કાળિક એના હાથ ઉપર નહોતાં. એના ગજવામાં તો નેવું સેન્ટ કરતાં પણ ઓછાં નાણાં હતાં તે એણે કહ્યું નહીં.

"તમે એકાદ દિવસ રાહ જોઈ શકશો ?"

પહેલા મહિનાના ભાડાના નેવું ડૉલર એક મિત્ર પાસે ઉછીના લેવામાં આવ્યા.

●

૧૭

## કસોટી

શરૂઆતમાં પાંચ છોકરાઓ હતા. પેલી બેઈઝબોલ ટીમમાંથી કોઈ આવ્યા નહોતા, કારણ તેમને ઘર હતાં અને ફાધર ફ્લેનેજનનો આગ્રહ હતો કે તેઓએ ઘેર જ રહેવું જોઈએ. પાંચમાંથી ત્રણ અનાથ હતા અને ૧૯૧૭ની બારમી ડિસેમ્બરે ફ્લેનેજનની સંભાળમાં સોંપવામાં આવ્યા હતા. બે એને સીધા કોર્ટમાંથી લાવી બીજા ત્રણ સાથે રાખવામાં આવ્યા હતા. બારણાં આગળ એનું સ્વાગત કરવા બધા જ આવ્યા હતા. એમાં બે સાધ્વીઓ હતી, જેમની નોકરી મુખ્ય ધર્માધિકારી હાર્ટી તરફથી ઉછીની આપવામાં આવી હતી. પેલા નવાઓને આ મકાન ઘણું અદ્ભુત લાગતું હતું. ફ્લેનેજનનાં માબાપ, ભાઈબહેને બારણે બારણે ફરી ફરનીચર ઉઘરાવ્યું હતું. આ બધાંને પરિણામે ચિત્રવિચિત્ર આકૃતિની વસ્તુઓ ભેગી થઈ હતી. મુખ્ય ધર્માધિકારીએ આવી મકાનને ભોંયતળિયે 'ક્રોસ'ની સ્થાપના કરી.

આવી રીતે ફાધર ફ્લેનેજનના 'બાળઘર'ની સ્થાપના થઈ. એના પાંચ છોકરાઓમાંના આઠથી દસ વર્ષના છોકરાઓ ઉંમરના પ્રમાણમાં સારી રીતે વર્તતા હતા. એક વાર પોતાની વસ્તુઓ 'બહેનો'ને સોંપી એટલે તેમણે આખા મકાનને અવલોકવા માંડ્યું. પણ બારી પાસે કોને પથારી મળે એ બાબતમાં ઝઘડો શરૂ થયો. ખાણા વખતે એમણે ફાધર ફ્લેનેજન ઉપર પ્રશ્નોની ઝડી વરસાવવા માંડી: "બીજા છોકરાઓ આવવાના છે? તે નિશાળે જશે ખરા? તેઓ બહાર રમવા જશે?" એણે આ બધા પ્રશ્નોના નિખાલસતાથી ઉત્તર આપ્યા.

"મને હજી કશી બાબતની ખબર નથી. પણ શાળા તો હશે જ. રમવાનું પણ મળશે. જો હવા સારી હશે તો બહાર. પણ હવે મોહલ્લામાં રખડવાનું તમારે છોડી દેવું પડશે."

આ પાંચ છોકરાઓમાંથી કોઇએ કશો ગુનો કર્યો નહોતો. એઓનો મોટામાં મોટો ગુનો એ હતો કે તેઓને પોતાનું ઘર નહોતું. જે બેને અદાલતે સોંપ્યા હતા તે ભાઈઓ હતા. ઘણાં વર્ષો પછી બીજા યુદ્ધ દરમ્યાન એમાંના એકે ફાધર ફ્લેનેજનને પેસીફીકમાંના કોઈ સ્થળેથી લખ્યું હતું :

“૧૯૧૦ના ડિસેમ્બરની તે સવાર હજી મારા મનમાં અંકાયેલી છે. તે દિવસે મને અને મારા ભાઈને અદાલતે તમારા કબજામાં સોંપ્યા અને તમે મને ચોકલેટ આપેલી. તે મને ઘણું સારું લાગેલું.” એ સિવાય પોતાને ત્યાંની વ્યક્તિઓ અને ખાવાની વસ્તુઓનાં જે જે સ્મરણો હતાં તે પણ એણે લખ્યાં હતાં.

ફાધર ફ્લેનેજન આ બધા મોટી ઉંમરના હોય એ રીતે તેમની સાથે વાત કરતા હતા. “આપણે અહીં ઘણું કરવાનું છે, ઘણું શીખવાનું છે. અહીં શાળા શરૂ કરવાની છે. અને તમારે માટે નવાં કપડાં પણ તૈયાર કરાવવાનાં છે.”

આવી વાત કરતા ત્યારે એના અવાજમાં પોતાના કાર્ય માટે ચિંતા વરતાતી. ઘણા સંશયગ્રસ્તો એને અવ્યવહારુ સમજતા—આખો દિવસ ઈશ્વરની પ્રાર્થના કર્યા કરનારો માણસ શું કરી શકવાનો છે? રોજ ને રોજ એને ખૂટતાં નાણાંનું સ્મરણ થતું. આવતી કાલનો વિચાર એને કરવો પડતો. મદદ મોડેથી મળવા લાગી, પણ તે એઓને જોઈતા ખોરાક માટે પૂરતી થાય એમ નહોતું. છોકરાઓની સંખ્યા પણ રોજ ને રોજ વધતી જતી હતી અને તેથી ખાદ્યસામગ્રીની પણ વધારે જરૂર પડતી હતી. ન્યાયાધીશો બાળકોને મોકલતા ખરા પણ નાણાં પૂરાં પાડી શકે એમ નહોતા.

વળી રખડુઓ માટેની હોટલ ચલાવવા અને બાળકો માટેનું ગૃહ ચલાવવા વચ્ચે તફાવત પણ હતો. એ માત્ર હોટલ ચલાવનારા મેનેજર નહોતા, પણ ઉત્સાહથી ઉભરાતા છોકરાઓના માતા અને પિતા બન્ને હતા—કુટુંબના વડા હતા. બે કામ વચ્ચે એ મુંઝાતા હતા. એક બાજુ

મદદ મેળવવા રોજ ને રોજ પત્રો લખવાના અને બીજી બાજુ કામ અને રમતનો રોજનો કાર્યક્રમ નક્કી કરવાનો.

ગૃહની શરૂઆત થયા પછી એક રાત્રે એમણે એક છોકરાને રડતો સાંભળ્યો. તપાસ કરતાં માલમ પડ્યું કે છોકરો પથારીમાં બેઠો બેઠો રડતો હતો. એના કાનમાં દુઃખતું હતું. ફાધર ફ્લેનેજનને માટે આ નવીન અનુભવ હતો. એણે શું કરવું ? ડાક્ટરને બોલાવવો ?

"મારો જ્યારે કાન દુઃખતો ત્યારે મારી મા ઊંચકીને ગીત ગાતી." એક છોકરાએ વિના પૂછ્યે જ કહ્યું.

પાદરીએ આ પ્રશ્ન વિશે ગંભીરતાપૂર્વક વિચાર કરવા માંડ્યો. તરત જ એણે છોકરાને ઊંચકીને આમતેમ ફરવા માંડ્યું અને પોતાની મા પોતાના બચપણમાં જે હાલરડું ગાતી તે ધીરે સાદે ગાવા માંડ્યું. થોડા વખતમાં છોકરો ઊંઘી ગયો અને પાદરીએ પોતાના અવાજમાં રહેલી શક્તિ વિશે ગૌરવ અનુભવ્યું.

પેલા પાંચ છોકરાઓ મદદરૂપ થવા બનતો પ્રયાસ કરતા પણ મોટે ભાગે મદદરૂપ બનવાને બદલે ઉપાધિરૂપ થઈ પડતા, રકાબીઓ ફોડી નાખતા અને એવી એવી અનેક ઉપાધિ ઊભી કરતા. પહેલા અઠવાડિયાના અંત સુધીમાં તો સંખ્યા વધીને પંદરની થઈ. બધાં જ બિછાનાં રોકાઈ ગયાં. એનું કામ હવે કપરું બન્યું. પણ તરત જ મુખ્ય ધર્માધિકારી હાર્ટીનો પત્ર આવ્યો કે એને હવે આ નવીન કાર્યના મહત્ત્વ વિશે ખાત્રી થઈ છે અને તેથી ફ્લેનેજનને દેવળની બધી જ ફરજોમાંથી મુક્ત કરવામાં આવે છે. આ સમાચાર ઘણા વેળાસરના હતા.

'હું જ્યારે જ્યારે બહાર જોઉં છું ત્યારે ત્યારે એકાદ નવો છોકરો અદાલતમાંથી આવતો હોય છે. મને ખબર નહોતી કે આટલાં બધાં બાળકો ઘર વિનાનાં હશે.'' એક દિવસ એણે રોઝને કહ્યું.

ગૃહની શરૂઆતના એ અઠવાડિયામાં નાતાલ સુધીમાં તો આ ગૃહમાં પચીસ છોકરાઓ આવ્યા. મકાનનો આખો બીજો માળ રોકાઈ

ગયો. એમાં બધા જ રંગના અને ધર્મ સંપ્રદાયના છોકરાઓ હતા. એણે કોઈ જાતના ભેદ પાડ્યા નહીં. ફાધર ફ્લેનેજનને મન રંગભેદ કે સંપ્રદાય-ભેદ હતા જ નહીં. એને તો એટલું જ જોઈતું હતું કે પ્રત્યેક છોકરો પોતપોતાના સંપ્રદાયના દેવળની પ્રાર્થનામાં નિયમિત જાય. કેથોલિક સાધ્વીઓની મદદ વડે કેથોલિક પાદરીએ શરૂ કરેલું આ બાળગૃહ અંત સુધી અનેક અનાથ બાળકોનું બિનસાંપ્રદાયિક ગૃહ રહ્યું. પણ ફાધર ફ્લેનેજનની આટલી મહેનત અને શુભેચ્છા છતાં છોકરાઓ એક રાતમાં ફિરસ્તાઓ બની જતા નહોતા.

પહેલા અઠવાડિયામાં તો સંચાલન બરાબર ચાલ્યું, પણ બીજા અઠવાડિયામાં સંખ્યા વધતાં મુશ્કેલીઓ જણાવા લાગી. કોઈ વાર અંધારામાં મોટી ચીસ સંભળાય અને ફાધર અને સાધ્વીઓ પોતપોતાની પથારીઓમાંથી ઉપર દોડી જઈ જુએ તો છોકરાઓ લડતા હોય અથવા કોઈ વાર કોઈ છોકરો ઓથારથી ગભરાઈ ઊઠ્યો હોય. એક જણે, બંબાવાળાનો પાઠ એક દિવસ ભજવવા માંડ્યો. ચાદર ફાડી નાંખી એક છેડો પલંગ જોડે બાંધી બારીએથી બહાર ઊતરવાનો પ્રયત્ન કરતાં અડધેથી ગભરાઈ બૂમાબૂમ કરવા લાગ્યો. ફાધરે એને બચાવ્યો ત્યાં તો મુખ્ય મકાનમાંથી બૂમાબુમ સંભળાવા લાગી. પાંચ છોકરાઓ રહેવાનો ઓરડો સાફ કરતાં કરતાં ઝઘડી પડ્યા અને સરસ ખુરસી ભાંગી નાખી. અને ત્યાં પ્રવેશદ્વારની ઘંટડી વાગી અને બીજા બે છોકરાઓ અંદર આવ્યા.

આ દુનિયામાં અનેક વસ્તુઓની શરૂઆત મુશ્કેલ હોય છે. આ બધી મુશ્કેલી છતાં ફાધર ફ્લેનેજને હિંમત ગુમાવી નહિ. જાતજાતની ફરિયાદો એને રોજ સાંભળવી પડતી. થોડોક વખત કાઢી એ પોતાનાં ભાઈબહેનો પાસે જઈ આવતા અને એ બધાં એમની વાત ગંભીરતાપૂર્વક સાંભળતાં. એક વાર હસતાં હસતાં એણે કહ્યું, "એ બધા અદ્ભુત છે. તે બધું વધારે સારું થશે. પણ કોઈક વાર એ બધા એવું કરી બેસે છે માટે એઓ એમ કરે છે તે જ સમજાતું નથી."

એની માતાએ સ્મિત કર્યું.

“શા માટે કરતા હશે, ફાધર એડવર્ડ? તમે નાના હતા ત્યારે શા માટે એવું વિચિત્ર કામ કરતા?” એણે પૂછ્યું.

આ બધાની સરખામણીમાં આવે એવું કર્યાનું એને કશું યાદ આવ્યું નહિ. પણ એ બધા પરથી એને એમ લાગ્યું કે આ કાર્ય માટે અપાર ધૈર્યની જરૂર છે. પણ ત્યાં ગયા પછી સાધ્વીઓ પાસેથી એને એની ગેરહાજરીમાં જે બન્યું તેના સમાચાર મળ્યા. કોઈક ભૂતની રમત રમ્યા હતા, કોઈ વળી કાતરથી લડ્યા હતા, કોઇકે નળ ખુલ્લા રાખવાથી પાણી ગળતું હતું, પણ એટલામાં તો નવી ધમાલ થઈ અને ફાધરને જલદીથી ઉપર બોલાવતા અવાજો આવવા લાગ્યા. ઉપર જઈ જોયું તો ડેની નાસી ગયો હતો. એ તો ભારે વિચિત્ર કહેવાય. એ વારંવાર નાસી જતો એટલે તો એને અહીં લાવવામાં આવ્યો હતો. માંદી મા અને ક્રોધી બાપને કારણે છોકરો ઢીલો અને જલદી ગભરાઈ ઊઠે એવો બની ગયો હતો. ઘરથી દૂર આ સ્થળે એ સુધરતો જતો લાગતો હતો.

શોધખોળ શરૂ થઈ. આખું મકાન ખૂંદી વળવામાં આવ્યું. ડેનીનાં કપડાં અને સામાન હતો, પણ ડેનીની નિશાની નહોતી. બીજા માળ ઉપર એક ઓરડી હતી. ફાધર ફ્લેનેજનને ત્યાંથી પસાર થતા લાગ્યું કે એણે કોઈ અવાજ સાંભળ્યો છે. બારણું ખોલી નાખતાં એણે જોયું તો ડેની જમીન ઉપર બેસી જોરથી હસતો હતો. ખેદ સાથે એણે ડેનીને ઠપકો આપવા માટે સાધ્વીઓને સોંપ્યો અને પોતે અનાજનાં બીલો પતાવવા પોતાના કાર્યાલયમાં ગયા.

નાતાલના તહેવારને એક દિવસ બાકી રહ્યો હતો. એણે અને સાધ્વીએ મળી તહેવારને દિવસે શું જમણ કરવું એનો વિચાર કરવા માંડ્યો.

“આપણી પાસે સામાન્ય જમણ માટે ચાલે એટલી સામગ્રી પણ નથી.” સીસ્ટર રોઝે કહ્યું, “શહેરની સ્ત્રીઓ જો મદદ મોકલે તો જ—”

બારણાંની ઘંટડી સંભળાઈ. પણ આ વખતે કોઈ નવો છોકરો નહોતો, પણ નવાં પાર્સલ સાથે માણસ આવ્યો હતો. આથી નવી આશા

જન્મી. કોઈકે નાતાલ માટે સુન્દર ખાદ્યસામગ્રી મોકલી હતી સૌએ પોતપોતાના સંપ્રદાયની પ્રાર્થના કરી આનંદથી નાતાલની ઊજવણી કરી.

"મને લાગે છે કે આજે આના કરતાં પણ આપણી પાસે કંઈક વધારે સારું હોત તો સારું! પણ જેટલું છે તે માટે આપણે દયાળુ પરમાત્માનો આભાર માનવો જોઈએ." બધાં બાળકોએ ભેગા મળી ઘણી ગમ્મત સાથે નાતાલ ઊજવી.

●

☞ ૧૮

## "આ ગુનેગાર નથી"

શિયાળો એ ઘણો કપરી કસોટીનો સમય હતો. આવતી કાલના અનાજની ચિન્તા તો હતી જ તે ઉપરાંત આવતા મહિનાના ભાડાની પણ ચિન્તા હતી. એના ટીકાકારો જાણવા માગતા હતા કે આ પેની વગરનો પાદરી શું સારું કામ કરી રહ્યો છે. આવા ખીચડા જેવા ઘરમાં, જેમાં સારું ખાવાનું પણ ભાગ્યે મળી શકે એમ છે ત્યાં, જેણે જ્યાં સારું ખાવાનું મળે છે એવી સંસ્થાઓની ટીકા કર્યા કરી છે તે શું કામ કરી રહ્યો છે! બરાબર આ જ વખતે જ્યારે એ ટીકાકારોને જીતવા પ્રયત્ન કરી રહ્યો હતો ત્યારે ધર્માદા ખાતાના અધિકારીનો વિશ્વાસ ફાધર ફ્લેનેજને ગુમાવ્યો. છોકરાઓને પોતાને કંઈ કહેવું નહિ પડયું. ભૂખ શું છે તેની એને ખબર હતી. આ ભૂખ માત્ર એ લોકોને સહન નહોતી કરવાની, પણ ભયંકર એકલતા પણ એમને નસીબે હતી.

પણ ન્યાયાધીશ અને બાળગુનેગાર અદાલતના બીજા અધિકારીઓ એની મદદે આવ્યા. તેમને ખબર હતી કે પ્રેમ, સમભાવ, કાળજી, ધૈર્ય

જેવા અમૂલ્યો ગુણો એની પાસે આ બાળકોને આપવા માટે હતા જેની ગણતરી નફાતોટાને હિસાબે થઈ શકે એમ નહોતું. ન્યાયાધીશોને આ બધા વિશે પ્રતીતિ થઈ જ ગઈ હતી, પણ કેટલાક ધંધાદારી સમાજસેવકોને આ સમજાતું નહોતું. તેમની ચોપડીમાં તો ગરીબી એ જ ગુનાના કારણ તરીકે લખાઈ ગઈ હતી. જ્યારે આ પાદરી તો કહેતો હતો કે ગરીબી એ તો એક નાનું કારણ છે, મુખ્ય કારણ નથી. વાસ્તવમાં તો એની સાથે રહેતા છોકરાઓ ગરીબીમાં જ રહેતા હતા અને એમાંથી બોધપાઠ શીખતા હતા. જોડાની દોરી અને પ્રાર્થનાને જોરે ચલાવવામાં આવતા આ ગૃહમાં એ પોતાનો મુદ્દો સાબીત કરતો હતો.

જે છોકરાઓ શાળામાં ન સુધારી શકાય એવા ગણાયા તે છોકરાઓ એની દેખરેખ હેઠળ સુધરવા લાગ્યા અને એથી જ ન્યાયાધીશે જેટલા એનાથી સંભાળાય તેટલા કિસ્સાઓ એની પાસે મોકલવા માંડ્યા. હવે તો છોકરાઓ સંસ્થાઓ અને ખાનગી ઘરોમાંથી પણ આવવા લાગ્યા. તસુએ તસુ જગ્યા રોકાઈ ગઈ હતી એટલે હવે જેને વધારે આવશ્યકતા હોય તે ધ્યાનમાં રાખીને આવનારાઓમાંથી એને પસંદગી કરવાની રહી. જાન્યુઆરી મહિનાના અંત સુધીમાં એ ગૃહમાં છોકરાઓની સંખ્યા પચાસની થઈ. આ બધાને ખોરાક, કપડાં, પ્રસંગોપાત દવા, ભણતર અને રમતગમતનાં સાધન વગેરે પૂરાં પાડવાનાં હતાં. આ બધુ પૂરું પાડવા માટે પૂરતા સમયનો નોકરવર્ગ એને રોકવો પડે.

જે ભેટો મળતી હતી તે ભેટ આ કર્મચારીઓ રાખવા જેટલી નહોતી. હજી સુધી ફાધર ફ્લેનેજન, બે સાધ્વીઓ અને એક નવો આગંતુક એટલા જ હતાં. ઘણી વાર માં અને નેલી આ છોકરાઓનાં કપડાં ધોવા સાંધવા માટે લઈ જતાં. કોઈ વાર આ કામ ભારે થઈ પડવા જેવું લાગતું ત્યારે ફાધર એડવર્ડ તેઓને એમ ન કરવા કહેતો. નેલી જવાબ આપતી:

"અમે તો મોટું કુટુંબ ચલાવવાને ટેવાયેલાં છીએ. અમને તો લીએગના જૂના દિવસો પાછા આવ્યા હોય એવું લાગે છે."

પણ શિક્ષણની વ્યવસ્થા કરવાનું કાર્ય અટપટું હતું. ઘર ભાંગી જતાં અથવા બેદરકારીને કારણે એઓમાંથી ઘણાનું શિક્ષણ બગડી ગયું હતું. સંગીન શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવાની આવશ્યકતા હતી. આ ઘર સાધનસંપન્ન નહોતું એટલે એણે પબ્લિક સ્કૂલના કમીશ્નરોને બોલાવી આખો પ્રશ્ન સમજાવ્યો. ઓમાહાના બીજા છોકરાઓની માફક આ છોકરાઓ આવી શાળાઓમાં જાય એવી એની ઇચ્છા હતી.

"આ બધા ખરાબ નથી. તમે સમજી શકશો," એણે અધિકારીઓને ખાત્રી આપી, "એ બધા ઘરવિહોણા છે અને એમની સંભાળ લેવામાં નથી આવી. આ ગૃહમાં એઓ ઘણા સુધર્યા છે. પણ એમને શિક્ષણની જરૂર છે અને એ મેળવવાનો એમને અધિકાર છે."

આ વાત અધિકારીઓને બેહૂદી લાગી, કારણકે ઘણા છોકરાઓ તો કાયદાભંગ કરવામાં સંડોવાયેલા હતા. એની એ બધાને ખબર હતી. પાદરીએ તેમની વર્તણૂંક માટે જામીનગીરી આપી અને આ અધિકારીઓએ એક તક આપવાનું કબૂલ્યું. થોડા ડોલરો આપી એણે એક ઘોડાગાડી ભાડે કરી અને તેમાં આ છોકરાઓને શાળામાં મોકલવામાં આવતા. સાંજના વખતમાં રમતગમત અને કસરતના કાર્યક્રમની પણ દેખભાળ રાખવામાં આવતી.

છતાં હજી શાંતિભંગ બંધ થયો નહોતો. તેઓ વચ્ચે ઝઘડાઓ થતા અને નિયમોનો ભંગ પણ થતો. પહેલેથી જ આ બાળગૃહમાં શારીરિક શિક્ષાની બંધી હતી. એક તમાચો કે સપાટો મારવો એ નિષ્ફળતા પુરવાર કરવા જેવું હતું. મારની ધમકીથી હુકમપાલન પળાવી શકાય એમ નહોતું. ચારિત્ર્યના ઘડતર માટે એ કદી પણ પૂરતું થઈ પડે એમ નહોતું. શિસ્તપાલન કરાવવા માટે શિક્ષાનું મુખ્ય સાધન એમના કેટલાક હક્કો લઈ લેવાના અને વધારે પાઠો આપવાના હતાં. અથવા તો શિક્ષામાં છોકરાને વિશિષ્ટ સારો ખોરાક ન ખાવાની કે શનિ કે રવિવારની સાંજે ફરવા જવાની બંધી કરવામાં આવતી.

જો કે આર્થિક સંકડામણ તો ઊભી જ હતી, છતાં ધીરે ધીરે આ ગૃહ એક સુવ્યવસ્થિત એકમ બનતું જતું હતું. સંકડામણ પણ વધતી જતી હતી અને સાથે સાથે મદદ પણ વધતી જતી હતી. કોઈક ખેડૂત અને તેની પત્ની તરફથી બટાકા, તો કોઈક વૃદ્ધા સવારના બારણું ખખડાવી ગરમ બિસ્કીટ આપી જતાં. જૂનાં કપડાં, જૂના જોડા, સાવરણી એવું એવું પણ ખુશીથી સ્વીકારવામાં આવતું. ધીરે ધીરે ઘરને સ્વચ્છ રાખવાનું અને ઓરડાઓને વ્યવસ્થિત રાખવાનું છોકરાઓ શીખી ગયા. ઘરની વ્યવસ્થામાં મદદ કરવી એ યોજનાનું મહત્ત્વનું અંગ હતું. પોતાનાં બિછાનાં ને કબાટને વ્યવસ્થિત રાખવા ઉપરાંત બીજા કામમાં પણ છોકરાઓએ મદદ કરવી પડતી.

શિયાળો પૂરો થાય એ પહેલાં આ ગૃહની કીર્તિ ફેલાતી ગઈ, ખાસ તો સ્ત્રીઓમાં. ફાધર ફ્લેનેજનને ઉત્સાહ આપતા અનેક પત્રો આવવા લાગ્યા. કોઈક વાર નાની રકમના ચેકો પણ આવતા. છતાં વિરોધ પણ વધતો જતો હતો. કેટલાક જડ લોકો હજી માનતા હતા કે આવા છોકરાઓને સુધારવાનો એક જ રસ્તો છે અને તે દંડો. સુધારશાળા જ એ માટેનું યોગ્ય સ્થાન છે.

ફાધર ફ્લેનેજને આ નવા ખ્યાલો ભાંગવા જોઈએ.

કોઈક વાર પોતાની યોજના સમજાવવા કે મદદ માગવા ફાધર ફ્લેનેજન સભાઓ ભરતા તો ત્યાં આવાઓનો ઘણો સામનો એમને કરવો પડતો.

"આવા બાળગુનેગારોને લાડ લડાવી પ્રેમ અને સમભાવ જેવા અર્થહીન સાધનોથી તમે કેવી રીતે સુધારી શકશો ?"

ઘણી શાંતિથી એ સમજાવતા કે આ તો ગુનેગારો નથી પણ બાળકો છે. એમને પ્રેમ અને ભયમાંથી મુક્ત કરવાની જરૂર છે. "ઘણા છોકરાઓને તો જે ખરું છે તે જ કરવું છે. એમને પોતાનાં વખાણ થાય એ જોવાં છે, પણ પ્રશંસા મેળવવાનો ખરો રસ્તો કોઈક વાર તે જાણતા નથી,

અને તેથી તેઓ ખોટું કરી બેસે છે. તમારે તેમને સાચું શું છે તે તાલીમ અને ઉદાહરણથી સમજાવવું જોઈએ."

કોઈક વાર એ પ્રતીતિ કરાવી શકતા પણ ઘણી વાર એના આવા શબ્દો નિષ્ફળ જતા. એને ખબર હતી કે પોતાનું આ બાળગૃહ હજી અવિકસિત છે. સમાજ એવો ખ્યાલ સ્વીકારવાને તૈયાર નથી કે બાળકના વિકૃત માનસ માટેની પ્રધાન જવાબદારી માબાપની છે. તે તો એમ જ માને છે કે કેટલાંક બાળકો જન્મે છે ત્યારથી જ તેમનાં હૃદયમાં સેતાન ભરાયો હોય છે. પણ ઘરમાં ગુનેગાર બન્યા હોય એવા છોકરાઓ અને કેટલાક નિરાધાર બન્યા હોય એવા છોકરાઓ વચ્ચે તેઓ ભેદ પાડી શકતા નહિ.

૧૯૧૮ની વસંત સુધીમાં ફાધર ફ્લેનેજનનું ભાવિ નાગરિકોને ઘડવાનું આ ઘર આબાદ થવા લાગ્યું. એની આર્થિક વિટંબણાઓ તો ઓછી થઈ જ. થોડાક મિત્રો નિયમિત મદદ મોકલતા હતા. જ્યાં શક્ય હોય ત્યાં છોકરાઓનાં માબાપ કે સગાંઓને થોડુંક આપવાનું કહેવામાં આવતું. કોઈ પણ વખત દાખલ ફી લેવામાં આવતી નહિ, મોટે ભાગે તો છોકરાઓનો બોજો ઉપાડે એવું કોઈ હતું જ નહિ, પણ કોઈ વાર કોઈને માબાપ, કાકા કે કાકી હતાં અને તેઓ ખુશીથી આપતા પણ ખરા. આજે પણ એ જ પ્રથા ચાલે છે. વળી ફાધર ફ્લેનેજને બેટબોલ જેવાં રમવાનાં સાધનો પણ ઉઘરાવ્યાં અને તે વડે ફુરસદને સમયે બહાર મેદાનમાં છોકરાઓ ટુકડીઓમાં રમતા.

સંગીતનો વિભાગ પણ શરૂ કરવામાં આવ્યો હતો. પહેલાં તો આમાં ાવાનું જ હતું; પણ ધીરે ધીરે એમાં વાજિંત્રો પણ દાખલ કરવામાં ાવ્યાં. આ વાજિંત્રોનું આગમન એ ઘણો મોટો બનાવ હતો. કોઈ તેને ાડતાં જાણતું નહીં. પણ બધા પ્રયત્ન કરી જોવા માગતા હતા. ફાધર નેજનના કાન વાજિંત્રોના અવાજથી બહેરા થઈ જતા છતાં અખતરાઓ લુ રાખવાનું એમણે કહ્યું, "આપણે આપણી ટુકડી ઊભી કરવી છે." પેલી

મજૂરોની હોટલ બંધ થઈ ગઈ હતી અને એનો આખો સમય ઘર પાછળ જ ખરચાતો. હવે તો એને વધારે જગ્યાની જરૂર હતી. રોજ ને રોજ જેને ઘણી જરૂર હોય એવાઓને પણ ના પાડવી પડતી હતી.

એટલે એણે ફરી ઘર માટે શોધખોળ કરવા માંડી. હવે એ ડોજ હાઉસમાં મકાનનું ભાડું આપતા હતા એના કરતાં વધારે ભાડું આપી શકે એમ હતા. એને વધારે ઓરડાવાળા મકાનની જરૂર હતી. એક દિવસ એક મિત્રે આવી ખબર આપી કે થોડા ભાડામાં મળી શકે એવું એક મકાન છે. ફાધર ફ્લેનેજન તરત જ ઊપડયા. મકાન બે માળનું હતું, ઘણા ઓરડા-ઓવાળું હતું અને ફરતે વિશાળ જગ્યા હતી. એણે તરત જ એજન્ટને કહ્યું કે એને આવા જ મકાનની જરૂર હતી.

"હું એને અત્યારે ને અત્યારે જ લઈ લઈશ."

એક કાળે આ મકાન 'જર્મન–અમેરિકન હોમ' તરીકે જાણીતું હતું અને એમાં જર્મન વંશના માણસો સભા અને ગીત માટે ભેગા થતા. હવે કોઈ સભાઓ થતી નહોતી, કારણ અમેરિકાએ જર્મની સામે લડાઈ જાહેરકરી હતી.

●

☞ ૧૯

---

## મઘમઘાટ

જૂનમાં તેઓ નવા ઘરમાં ગયા. વહેલી સવારના જ્યારે તેઓ મકાન બદલતા હતા ત્યારે પાદરીના ગજવામાં એક યાદી હતી. માલસામાનની નહિ, પણ જે છોકરાઓને જગ્યાને અભાવે આશ્રય માટે ના પાડવામાં આવી હતી તેની નામાવલિ હતી. આ જ કારણસર એઓને નવા આશ્રય-

સ્થાનની શોધ કરવાની જરૂર પડી. પહેલાં અઠવાડિયામાં ત્રીસને સ્વીકારવામાં આવ્યા. ટૂંકા ગાળામાં તો ઘરની વસ્તીની સંખ્યા સોનો આંકડો વટાવી ગઈ. આ વધેલી સંખ્યાએ નવા પ્રશ્નો ઊભા કર્યાં. સો છોકરાઓ જોડે કામ લેવાનું સરળ તો નહોતું જ. એ માટે ઘણા માણસો રોકવાની આવશ્યકતા જણાઈ. પણ એનાથી ઉત્સાહ પણ વધ્યો. છોકરાઓમાં થતાં પરિવર્તનો પણ નોંધપાત્ર હતાં.

અહીં એવા છોકરાઓ હતા જેમાં કોઈએ એક વર્ષ પહેલાં પોતાના પાડોશીના પૈસા ચોર્યા હોય, કોઈકે જૂદી રીતે કાયદાભંગ કર્યો હતો. પણ હવે તેઓ સુધારશાળામાં મોકલવા યોગ્ય ગુનેગારો રહ્યા નહોતા. પ્રેમનો સિદ્ધાંત જે કેટલાકોને અવ્યવહારુ લાગતો હતો તે ધીરે ધીરે ફળતો જતો હતો. ભવિષ્ય વિશે તો એ ઝાઝો વિચાર કરી શકયા નહીં પણ એ ઘણો આશાસ્પદ તો લાગતો જ હતો. આ જ જર્મન–અમેરિકન ઘરમાં બાળ-નગરના જગતપ્રસિદ્ધ કાર્યક્રમો શરૂઆતના મહિનાઓમાં શરૂ કરવામાં આવ્યા હતા. ઉ. ત. કસરતના કાર્યક્રમો. છોકરાઓ માત્ર બેઈઝ બોલ કે ક્રિકેટની રમતો જ નહોતા જાણતા પણ સઘળા પ્રકારની રમતો જાણતા હતા. તેઓ અંદર અંદર ટુકડીઓમાં વહેંચાઈને રમતો રમતા તેમજ હાર અને જીત હસતે મોઢે સ્વીકારી લેવાનું પણ તેઓ શીખતા જતા હતા. જીતવાનો ઉત્સાહ તેઓમાં ધીરે ધીરે વધતો હતો.

ઉનાળાની શરૂઆતમાં પોતાનાં વાજિંત્રો વગાડવાના પણ તેમણે પ્રયત્નો શરૂ કર્યા. ફાધર ફ્લેનેજને ઓમાહાના સંગીતકારોના મંડળની મુલાકાત લીધી. આ લોકો પોતાની આવડતનો ઉપયોગ ધંધાર્થે શા માટે નહિ કરી શકે? આ સંગીત મંડળે પોતાનાં વાજિંત્રો ભેટ આપ્યાં અને એક સંગીત શિક્ષકે પોતાની સેવા આપવાનું પણ જાહેર કર્યું. અત્યાર સુધી જે બેસૂરું બોલતું હતું તેમાં સંવાદિતા આવવા લાગી.

એક દિવસે પહેલીવાર ફાધર ફ્લેનેજને આ છોકરાઓને નાનકડી મુસાફરી કરવા મોકલ્યા. જાહેર જનતાને એ બતાવવા માંગતા હતા કે

આ છોકરાઓ કેવા પ્રકારના છે અને કેવું કામ કરવાને શક્તિમાન છે. રેલી વાજાં વગાડનારી ટુકડીએ અનેક ઠેકાણે પોતાનાં વાજાં વગાડયાં. એમાં અગત્યનું તો એ હતું કે એ વાજાં એક કેદખાનામાં પણ વગડાવવામાં આવ્યાં હતાં અને સળિયા પાછળના કેદીઓને એથી ઘણો આનંદ આવ્યો.

બીજો કાર્યક્રમ ખેતી કરાવવાનો હતો. આ અણધારી રીતે જ શરૂ થયો હતો. એક દિવસ એક ખેડૂત ગાય દોરી લઇને આવ્યો. ગાયનું નામ લ્યૂસી રાખવામાં આવ્યું. લ્યૂસીને પાછળના વાડામાં રાખવામાં આવી અને એને કોણ દુહે તે વિશે સ્પર્ધા ચાલવા લાગી. પણ ફાધર ફ્લેનેજને ફરમાવ્યું કે વારા ફરતી બધાએ જ ગાય દોહવાનું શીખવાનું છે. એમાંના ઘણાં છોકરાઓ ખેડૂતના હતા અને ફાધર ફ્લેનેજનને લાગતું હતું કે આ છોકરાઓએ ખેતી શીખવી જોઇએ. અહીં જ પ્રથમ વૈજ્ઞાનિક ખેતીના પ્રયોગો શરૂ કરવામાં આવ્યા અને આજે બાળનગરમાં કરવામાં આવતી ખેતી રાજ્યની કોઈ પણ ખેતીવાડી કોલેજની સરખામણીમાં ઊભી રહી શકે એવી છે. એક જમીનનો ટુકડો સાફ કરી રાખવામાં આવ્યો અને તેમાં શાકભાજી ઉગાડવા બિયારું નાંખવામાં આવ્યું પણ પાક ઊતર્યો નહિ. આ નાનકડા ખેડૂતોએ જે કંઈ કરવું જરૂરી હતું તે સઘળું ફાધર ફ્લેનેજનની સૂચનાનુસાર કર્યું. પાણી પાયું, નીંદામણ કર્યું, અને ફણગાની આશા રાખી રાહ જોતા બેઠા છતાં ફણગો ફૂટયો નહિ. આમ કેમ થયું તે જાણી શકાયું નહીં, છતાં બીજે વર્ષે પણ તેમણે પ્રયોગો કર્યાં અને એનાં ફળ પણ પ્રાપ્ત થયાં. મરઘા ઉછેરમાં તેમને સારી સફળતા પ્રાપ્ત થઈ.

આ બધા ઉપરાંત આવતા કાગળોની વ્યવસ્થા કરવાનો પ્રશ્ન પણ હતો. રોજના કાગળો લખવા, આવેલાના જવાબો આપવા વગેરે કામ માટે કોઈ મંત્રી રાખવાની જરૂર હતી પણ એ માટે નાણાં નહોતાં. આનો નીવેડો કેવી રીતે લાવી શકાય? આજુબાજુ રહેતાં ઘણાં સ્ત્રી–પુરુષો કારકુનો હતાં. તેમાંના કેટલાંક સાંજને વખતે અથવા શનિ–રવિ દરમ્યાન આવી આ કાર્ય કરી આપતાં.

અને ઘણી રાહત સાથે પોતાના ભત્રીજા પેટ્રીક નોર્ટનને પોતાના મદદનીશ તરીકે એણે રાખ્યો. આ રીતે જીવનભરની અને ઘણા મહત્વના સંબંધની શરૂઆત થઈ. નોર્ટન ફાધર ફ્લેનેજનનો મુખ્ય મદદગાર જ નહીં પણ પરમ મિત્ર પણ બન્યો. મહેનત અને વિકાસનાં વર્ષોમાં બન્ને સાથે રહ્યા હતા. અને શરૂઆતના દિવસોના સાહસના બન્ને ભાગીદારો બન્યા હતા. પાછલાં વર્ષોમાં નોર્ટન બાળનગરનો વ્યવસ્થાપક બન્યો અને એ હોદ્દો હજી સુધી એ ધરાવે છે. ફાધર ફ્લેનેજનના મૃત્યુ સમયે નોર્ટન જ હાજર હતો.

નોર્ટન અને સ્વયંસેવકોની મદદથી પત્રોનો પ્રશ્ન કંઈક અંશે મટી ગયો. પણ મોટો પ્રશ્ન તો આ સો છોકરાઓને ખવડાવવા પિવડાવવા ને સ્વચ્છ રાખવા અંગેનો હતો. થોડી સાધ્વીઓ માટે એ કઠણ હતું. ફરી પાછા પડોશી મદદે આવ્યા. બાળકોને ઉછેરવાની મુશ્કેલીઓની જેમને ખબર છે એવી સ્ત્રીઓ માતા, ગૃહિણી, બહેન, કાકી—વગેરે મદદે આવ્યાં. આ બધાંને બાળકને કેવી રીતે ચાહવાં એની ખબર હતી.

આ નવું ગૃહ લીધા પછી પડોશની સ્ત્રીઓએ એક સભા બોલાવી અને પોતે આ કાર્યમાં કેવી રીતે મદદરૂપ થઈ શકે એની ચર્ચા વિચારણા કરવા લાગી. આ સ્ત્રીઓ કપડાં ધોઈ આપવા લાગી, ઇસ્ત્રી કરી આપવા લાગી. બધું મળીને વીસ સ્ત્રીઓ હતી. તેમની મદદથી ગૃહના કાર્યમાં ઘણી રાહત થવા લાગી. આ સ્ત્રીઓને કારણે આ ગૃહમાં થતા કાર્યની કીર્તિ ચોમેર પ્રસરી ગઈ. આવો પ્રચાર કરવાનું ફાધર ફ્લેનેજનને આવશ્યક લાગ્યું. જાહેર જનતાએ જાણવું જોઈએ કે આ તિરસ્કૃત છોકરાઓ સારું કાર્ય કરી રહ્યા છે ને ફરી ખોટું કરવા પ્રેરાતા નહોતા. પદ્ધતિસરનું જીવન જીવી સારા નાગરિકો બનવાના હતા. આ હેતુથી એમણે પોતાનું પત્ર 'બોયઝ હોમ જર્નલ' શરૂ કર્યું. એમાં ફાધર ફ્લેનેજન અને છોકરાઓ લેખો લખતા અને ઓમાહાની એક દુકાન એને છાપી આપતી. પત્રકારત્વની અજોડ સિદ્ધિ મળી. એમાં આ ગૃહમાં થતાં કાર્યો, આવતી ભેટો અને રમતગમતના સમાચારો છપાતા. આજે એ પત્ર પ્રગટ નથી

હતું પણ એને બદલે 'બોય્ઝ ટાઉન ટાઇમ્સ' નામનું પત્ર ત્યાં જ છપાય છે, અને વ્યવસાયી પત્રકારત્વની પદ્ધતિથી ચાલે છે.

શરૂઆતની એક ખોટા અખતરા રૂપ બીજી પ્રવૃત્તિ સાબુ બનાવવાની હતી. આ પણ છોકરાઓ જ કરતા. સાબુ બન્યા પછી એને રંગીન કાગળમાં વીંટવાનું અને ઘેરઘેર ફરીને પહોંચાડવાનું કાર્ય પણ છોકરાઓ જ કરતા. એનું પરિણામ તો ઘણું થોડું આવ્યું, નફો પણ થોડો મળ્યો અને ફ્લેનેજને ફરમાવ્યું કે સાબુ માત્ર પોતાના ઉપયોગ માટે જ બનાવવો. કપરા કાળમાં મદદ આવી મળતી. પૈસાદારો તરફથી તો ખાસ નહિ, પણ જે પાઈપાઈ બચાવી જીવન જીવતા તેમના તરફથી ઘણા પ્રમાણમાં. ભેટ આપનારાઓની યાદી બેત્રણ કૉલમોમાં પથરાતી. કોઈ દુકાન તરફથી વીજળીના ગોળા, કોઈના તરફથી ડઝન પગરખાંની જોડ. એક દિવસ એક સ્ત્રી જમવાની થાળીઓ ફાધર ફ્લેનેજનના પોતાના ઉપયોગને માટે ખરીદી લઈ આવી.

"ઘણા દિવસ સુધી એણે તૂટેલી થાળીમાં ખાધું. હવે એણે સારી થાળીમાં ખાવું જોઈએ અને અખંડિત કપમાં પીવું જોઈએ." રોજ ને રોજ જોઈતાં નાણાં, કપડાં અને ખાદ્યસામગ્રી આવતી રહી. ફાધર ફ્લેનેજનને શ્રદ્ધા હતી કે ઈશ્વર એની પ્રાર્થના સાંભળશે અને એને તથા એના છોકરાઓને માટે જોઈતી સામગ્રી મોકલશે.

દૂર દૂરનાં શહેરોમાંથી અને રાજ્યોમાંથી છોકરાઓ આવતા જતા હતા. પણ ઓમાહામાં કેટલાકને આ ગૃહ વધારે ને વધારે અણગમતું થઈ પડ્યું હતું. આ છોકરાઓમાંથી ઘણા કાયદાભંગ કરનારા હતા અને થોડાક નિરાધાર હતા. ધર્મ કે રંગ કે સંપ્રદાયના કોઈ ભેદનો વિચાર છોકરાને દાખલ કરતી વખતે કરવામાં નહોતો આવતો. આવી ઉદારતાના ઘણા ટીકાકારો હતા. કેટલાક એ ગૃહને જુવાન ચોરોને સુધારવાની શાળા તરીકે ઓળખાવતા તો કેટલાકને વળી ચીની, નીગ્રો અને ગોરા છોકરાઓ કોઈ પણ જાતની ભિન્નતા વિના સાથે રાખવામાં આવતા હતા તે ખૂંચતું

હતું. એક જણે પૂછ્યું પણ ખરું કે "જો ઈશ્વરને બધા માણસો સરખા જ કરવા હતા તો એણે જાતજાતના રંગો શા માટે સર્જ્યાં ?" ફ્લેનેજને તરત જ જવાબ આપ્યો, "તો મને કહો, આત્માનો રંગ કેવો છે ?" કોઈ પણ પ્રકારની કેળવણી લીધા વિનાના ગોરા, પીળા અને કાળા છોકરાઓ આવતા જ રહ્યા.

હવે આ સો બાળકોને કેળવણી આપવાનો પ્રશ્ન ફાધર ફ્લેનેજનને માટે વિકટ બન્યો. જ્યારે તેઓ ડોજ સ્ટ્રીટમાં હતા ત્યારે તો ત્યાંની સાર્વજનિક શાળામાં એ બધાને મોકલવામાં આવતા. ફ્લેનેજન હોમમાંનો છોકરો શાળામાં બધાનું ઘણું ધ્યાન ખેંચનારો થઈ પડતો. ઘણી વાર અવધિ થતી. આ છોકરાઓને ગુનેગાર કે ચોરો તરીકે ઓળખવામાં આવતા અને એમને ટોણા મારવામાં આવતા. ઘણી વાર છોકરાઓ શાળા છૂટયા પછી ઝઘડાઓ કરી મોઢા ઉપર કે આંખ ઉપર ઇજાઓ કરી આવતા. એક છોકરાએ ફરિયાદ કરી કે "લોકો અમને ફાધર ફ્લેનેજનના ગુંડાઓ કહે છે." વળી કેટલાક ભાંગી ગયેલાં દાંપત્યમાંથી આવેલા છોકરાઓને વ્યકિતગત કાળજીની જરૂર હતી, જે આ શાળાઓમાં મળી શકે એમ નહોતું.

નવા ગૃહની શરૂઆત પછીના પહેલા ઉનાળામાં એણે પોતાની શાળા શરૂ કરી. એમાંના ઘણા છોકરાઓ નાના હતા અને ભાગ્યે જ પાંચમા ધોરણ સુધી પહોંચ્યા હતા એટલે એણે પ્રાથમિક શાળાની શરૂઆત કરી. એ શાળામાં સાધ્વીઓ, પેટ્રીક નોર્ટન અને ફાધર ફ્લેનેજન એટલા જ હતાં. એ નવા પ્રકારની શાળા હતી. જે છોકરાઓના ભણતરમાં વિક્ષેપ આવ્યો છે અને કેટલાકનું તો શરૂ પણ નહોતું થયું એવાઓની આવશ્યકતાને અનુરૂપ આ કેળવણી ઘડવામાં આવી હતી. તે ઉનાળાથી જ બાળનગરને પોતાની શાળા થઈ. આજે તો એ કેળવણીના કેન્દ્ર જેટલી વિકસિત થઈ છે.

•

૨૦

## નવું કદમ

૧૯૧૮માં કોઈ પણ ચમત્કારિક મદદ વિના આ બાળનગર આર્થિક સ્થિરતા ઉપર આવી ગયું. ધીરે ધીરે પણ ચંચળ ઉત્સાહથી એનો વિકાસ થયો. હજી પણ મદદ તો મુખ્યત્વે 'બોય્ઝ જર્નલ'ના વેચાણ દ્વારા તેમજ નાની ભેટો દ્વારા જ મળતી રહેતી હતી. કપડાં પણ જૂનાં જ આવતાં, અનાજ પણ સ્થાનિક વેપારીઓ તરફથી આવી મળતું. જોડા અને ખમીસ માટે પણ એવું જ હતું.

૧૯૧૮માં આ ગૃહ સ્થિર થયું અને વિકસતું જતું હતું ત્યારે ફાધર ફ્લેનેજનને અમેરિકાના નાગરિકના અધિકાર પ્રાપ્ત થયા. ૧૯૨૦માં ઓમાહાના બિશપ પોતાના ઓદ્ધાની રૂએ એના પ્રમુખ થયા. અને પ્રથમ પ્રમુખ મુખ્ય ધર્માધિકારી હાર્ટી હતા, જેણે આ ગૃહ શરૂ કરવાની પરવાનગી આપી હતી. રાષ્ટ્રવ્યાપી પ્રચાર નહોતો કરવામાં આવ્યો છતાં વકીલો અને ન્યાયાધીશોમાં, ડાકટરો અને સામાજિક કાર્યકર્તાઓના વર્તુળમાં એ વિશે ચર્ચાઓ થતી. ધીરે ધીરે મુલાકાતીઓ પણ વધતા ગયા. પહેલાં તો ધંધાર્થે જ કોઈ આવતું. પછી તો જોવા નીકળનારાઓ, કોન્ગ્રેસમેન, પરદેશી રાજદ્વારી પુરુષો, વેપારીઓ, સીનેમા નટો પણ આ ગૃહની મુલાકાતે આવતા.

૧૯૨૧ના સપ્ટેમ્બરની પહેલી સુધીમાં આ ગૃહમાં ૧૨૫૧ છોકરાઓને આશ્રય આપવામાં આવ્યો હતો; જેમાંના મોટા ભાગના ઓમાહામાંથી જ આવ્યા હતા; પણ થોડાક પૂર્વમાં ઓહીઓ અને પશ્ચિમમાં વોશિંગ્ટન જેવા બીજાં સોળ રાજ્યોમાંથી ય આવ્યા હતા. ઘણા થોડાક મહિના અહીં રહી જતા અને પછી નવી રીતે જીવન શરૂ કરવા પોતાનાં કુટુંબોમાં પાછા જતા. કેટલાંકને સારાં કુટુંબો દત્તક લઈ લેતા. પણ તે પહેલાં એ કુટુંબની પૂરેપૂરી તપાસ ફાધર ફ્લેનેજન કરતા.

અને છતાં પ્રત્યેક મહિને આ જૂનું અમેરિકન–જર્મન ઘર વધારે ભરાતું ગયું. કોઈકે તો એમ પણ કહ્યું કે આ 'આત્માના કારખાનાને' વિસ્તારવાની જરૂર છે. એ જગ્યામાં એક પણ અનાજનો દાણો ઉગાડી શકાયો નહોતો એ ફાધર ફ્લેનેજન ભૂલ્યા નહોતા. હવે તો એને એવી જમીનની જરૂર હતી, જેમાં અનાજ પણ ઉગાડી શકાય અને ઢોર પણ પાળી શકાય.

મિત્રોએ ઓમાહાના ઉત્તર સીમાડા ઉપર આવેલ 'સેવન ઓક્સ' નામની જમીન ખરીદવામાં મદદ કરી અને અંતે તે આ ગૃહની મિલકત બની ગઈ. અહીં ખેતીવાડીની બીજી યોજના અમલમાં મૂકવામાં આવી. અલબત્ત, એ વિશેની જરૂરી સૂચના તો દૂર રહીને જ આપવી પડતી. એક ગણોતિયો ખેડૂત જ એમાં મોટા ભાગનું કામ કરતો; પણ અઠવાડિયાને અંતે છોકરાઓને અહીં લાવવામાં આવતા અને તેમને વાવણી, લણણી વગેરે શીખવવામાં આવતું તેમજ તેમની પાસે અનાજ અને શાકભાજી ઘેર ઉંચકાવી જવામાં આવતું.

પાક થતો હતો છતાં જોઈએ તે પ્રમાણમાં નહોતો થતો, તેમ જ છોકરાઓ પણ ખાસ શીખતા નહોતા; એટલે ફાધર ફ્લેનેજને એ જમીન વેચી કાઢી અને એનાં નાણાંમાંથી બીજી ચાલીસ એકર જેટલી જમીન લીધી. અહીં પાક પણ વધારે ઊતરતો હતો અને છોકરાઓ સારું શીખતા હતા. છતાં ફાધર ફ્લેનેજનને માત્ર ખેતી જ નહિ, પણ પોતાનું આ વિકાસગૃહ પણ અવ્યવસ્થિત લાગ્યા કરતું હતું. વાસ્તવમાં એ ગૃહ સાંકડું પડતું એટલે ફાધર ફ્લેનેજને નવા મકાનની ફરી શોધ આદરી.

આ વખતે જે લોકવિરોધ અત્યાર સુધી શાંત રીતે સંભળાયા કરતો હતો તે અસરકારક થયો. કોઈ એમને પોતાના પડોશી તરીકે રાખવા માગતા નહોતા. ક્ષણભર તો એને પેલી ચાલીસ એકરની જમીન ઉપર મકાન બાંધવાનો વિચાર આવ્યો, પણ કેટલાકે જણાવ્યું કે એમ કરવું બહુ ઇચ્છનીય નથી. એટલે કોઈ બીજું સ્થળ એણે શોધવું જોઈએ.

ઓમાહામાં પહેલાં શાળા તરીકે વપરાતા એક મકાન ઉપર એની નજર ગઈ. એ વિશાળ પણ હતું અને માલિકો વેચી પણ દેવા ઇચ્છતા હતા.

પણ ત્યાંના લોકોએ આ સામે વિરોધ કર્યો, અલબત્ત, ઘણી નમ્રતાથી. પડોશમાં રહેનારી વસ્તી પોતાના વિરોધમાં મક્કમ હતી. એક ઠરાવ પસાર કરવામાં આવ્યો અને તેમાં જણાવવામાં આવ્યું કે આ ગૃહ ગુનેગાર અને ન સુધરી શકે એવા છોકરાઓનું છે અને તે અડોશ-પડોશના નૈતિક વાતાવરણને બગાડે એવો સંભવ છે. એ દરમ્યાન વિરોધ ખુલ્લો પડ્યો અને ફાધર ફ્લેનેજનના અવાજમાં નવો ધ્વનિ ઉમેરાયો.

"વિરોધીઓની શુભેચ્છા હું સમજું છું" ફાધર ફ્લેનેજને પત્રકારોને કહ્યું, "પણ તેઓ જે વિશે કશું નથી જાણતા તે વિશે ઠરાવો પસાર કરે છે. તેઓ મારી શાળાને સુધારશાળા કહે છે. એ એવી નથી. એવી રાજ્યની સુધારશાળા તો માત્ર એક જ છે અને તે કર્નીમાં. મારું બાળઘર તો બધા અર્થમાં ઘર જ છે. બરાબર નિયમિત અને શિસ્તબદ્ધ–ઓમાહાના કોઈ પણ ઘર જેવું." ત્યાર પછી ખબરપત્રીઓને આવા ગૃહની આવશ્યકતા એણે સમજાવી. 'એ અઠવાડિયાં પહેલાં જ મને સોળમા નંબરની શેરીમાંથી બોલાવવામાં આવ્યો હતો. ત્યાં એક નાનો છોકરો આશ્રય માટે એક માટીના ઢગલામાં સંતાતો હતો. એનો બાપ માના ખૂનને માટે જેલમાં સજા ભોગવતો હતો. જો એને ત્યાં માટીના ઢગલામાં જ રહેવા દીધો હોત તો બીજે દિવસે સવારે ઠરીને એનું મુડદું જ થઈ ગયું હોત."

બીજા છોકરાઓ માટે પણ એણે કહ્યું: "આ બધા ખરાબ છોકરાઓ નથી. એમને માટે ખોટી ગેરસમજ ફેલાએલી છે. જો એ બધા એઓને સમજી શકે એવાના સંપર્કમાં આવે તો ઘાટ ઘડી શકાય એવા બને છે."

વિરોધીઓને જવાબ આપવો એટલું જ પૂરતું નહોતું. આ છોકરાઓને જ્યાં તેઓની જરૂર નથી તેવા વાતાવરણમાં રાખવા યોગ્ય નહોતા. એવા વાતાવરણને કારણે જ ઘણા છોકરાઓ આ ઘરમાં હતા.

આ જ વખતે ઓમાહાની પશ્ચિમે બધી બાજુ વિસ્તરતી ટેકરીની ટોચ ઉપરની જમીન યાદ આવી. આ જગ્યા કોઈ પણ વસ્તીના વસવાટની બહાર હતી. એટલી દૂર હતી કે ખરાબ અસર થવાની કોઈ ફરિયાદ કરી શકે એમ નહોતું. અનેક મકાનો બાંધી શકાય એવી એ જગ્યા હતી. એમાં ખેતી થઈ શકે એમ પણ હતું.

આ જગ્યા ચોરાણું એકર જેટલી હતી અને ઓવરલૂક ફાર્મ એનું નામ હતું. એમાં ખેડૂતોનાં મકાનો હતાં જેમાં આ છોકરાઓને રાખવામાં આવનાર હતા. એમાં એક મકાનમાં ડેનિયમ કેટલેટ નામનો ગણોતિયો રહેતો હતો. પણ ફાધર ફ્લેનેજનને લાગ્યું કે આમાં કામચલાઉ મકાનો બાંધી શકાય એમ છે. પાછળથી પોતાની જરૂર પૂરતું સરસ મકાન બાંધી શકાય એમ હતું. જોસેફ ઓ'કીફ એ મિલકતનો વ્યવસ્થાપક હતો. એ નરમ સ્વભાવનો હતો. એને ફ્લેનેજનના કાર્યમાં રસ હતો છતાં વ્યવહારુ વેપારી પણ હતો. એણે કહ્યું, “આ મિલકતની કિંમત કેટલાક હજાર ડોલરોની થશે. હું તમને નિરાશ કરવા નથી માગતો, પણ ફાધર, તમારી પાસે એટલા પૈસા છે ખરા?”

ફાધરે વિષાદપૂર્ણ સ્મિત કર્યું. એની પાસે થોડીક રકમ બેન્કમાં હતી ખરી. થોડા ડોલર નવા મકાન માટે એ બાજુએ મૂક્યા કરતા હતા તેમાંથી એ જમા થયા હતા.

“પણ એટલા પૈસા તો આ મિલકતની કિંમતના એક પંચમાંશ જેટલા થયા. એટલામાં તમે એને ખરીદવાનો વિચાર પણ કેવી રીતે કરી શકો?”

“પણ અમે પૈસા મેળવી શકીશું,” પેલાને વિશ્વાસ નથી આવતો એ જોઈને એણે આગળ કહ્યું, “અમને મદદ મળે છે,, પણ ધીરે ધીરે મળે છે. એ જ અમારી ખરી મૂડી છે. લોકોની શુભેચ્છા અમારું કાર્ય સમજીને ફાળો આપે છે. જો અમારી પાસે સમય હોય તો—”

ઓ'કીફ આ માણસની ધૃષ્ટતા જોઈ જ રહ્યો. એનામાં એવું

કહેવાની હિંમત નહોતી કે ઓવરલૂકની કિંમત એક લાખ ડોલર જેટલી છે. આ પાદરીની ઇચ્છા નવી જમીનની કિંમતના બદલામાં ઊતરતા પ્રકારની ચાલીસ એકર જમીન તથા થોડીક રોકડ અને બાકીના હપ્તાઓમાં આપવાની ઇચ્છા હતી. આ હપ્તા માટે આવતી મદદ ઉપર જ આધાર રાખવાનો હતો.

ઓકી'ફે જણાવ્યું કે મિલકતના માલિક ડેવીડ ઓમ અને તેનાં પત્ની છે. ઓમ એ ઓમાહાનો એક સફળ વેપારી હતો. "એ માણસ સારા સ્વભાવનો છે પણ સાથે સાથે પાકો વેપારી પણ છે."

જ્યારે પાદરીએ પોતાના સ્વપ્નાની રૂપરેખા દોરી બતાવી ત્યારે ઓમ ગંભીર મૌન ધારણ કરી જોઈ જ રહ્યો. પાદરીએ કહ્યું,

"મદદ તો આવશે જ, હંમેશ આવે છે તેમ. લોકો ભલા છે અને જ્યારે એમને અમે શું કરીએ છીએ તેની ખબર પડે છે ત્યારે મદદ મોકલે છે અને તે ભેગી થાય છે."

ડેવીડ ઓમે ગંભીરતાપૂર્વક સાંભળ્યા પછી અશક્ય જેવી લાગતી બાબત વિશે કહ્યું, "તમે ભલા પાદરી છો, પણ હું પાકો વેપારી છું. તમે નિષ્ફળ જાવ તો તમને કોઈ ઠપકો આપે એમ નથી. પણ મારે તો જવાબદારી છે, ભાગીદારો છે અને હિત પણ છે. મારે તેમનો વિચાર પણ કરવાનો છે અને તેઓને મોટી ખોટ ન જાય એ પણ જોવાનું છે."

"પણ મિ. ઓમ, આ એક સારું રોકાણ નથી? આ છોકરાઓ મોટા થશે ત્યારે સારા અમેરિકનો બને એ લાભ મોટો નથી?"

"એ તો એક જુગાર જેવું છે. એક વેપારનો જુગાર. તમે મને ખરાબ છોકરાઓની મૂડી ઉપર જુગાર ખેલાવો છો."

"ખરાબ છોકરાઓ?" ફાધર ફ્લેનેજન બૂમ પાડી ઊઠયા, "મિ. ઓમ, તેઓ ખરાબ છોકરાઓ નથી. કેવી રીતે તેઓને ખરાબ છોકરાઓ કહી શકાય? તેઓ તો બાળકો છે, ભગવાનનાં બાળકો."

પોતાના કપાળેથી એણે પરસેવો લૂછયો. આવો લાગણીનો ઊભરો

કાઢવાની એની ઇચ્છા નહોતી. આ તો ધંધાની મુલાકાત હતી.

"હું દિલગીર છું, મિ. બોમ" એણે કહ્યું, "હું આમ બોલું છું એનું કારણ એ છે કે આ છોકરાઓ ઘણા અદ્દભુત છે. મને ખબર છે કે મારી પાસે ઘણી થોડી મૂડી છે."

"તમારી મોટામાં મોટી મૂડી એ તમારી શ્રદ્ધા છે," બોમે જવાબ આપ્યો.

ફાધર ફ્લેનેજનને બિચારાને ભાગ્યેજ ખબર હતી કે એના લાગણીના ઊભરાએ એને સફળતા મેળવી આપી છે. બોમે ઉતાવળા શબ્દોમાં કહ્યું,

"હું ચાળીસ એકર જમીન આની કિંમત પેટે લઈ લઈશ. બાકીનું તમે ભવિષ્યમાં હપ્તાઓમાં આપજો."

અલબત્ત, આ ભારે આશ્ચર્યજનક સોદો હતો. એક પાદરીના સ્વપ્ન ઉપર હજારો ડોલરોનો જુગાર ખેલવામાં આવતો હતો! બોમે રોકડ લેવાની ના પાડી.

"એ કદાચ તમારી યોજનાને જોખમમાં મૂકી દે." એણે કહ્યું, "ત્યાં રસ્તાઓ બાંધવા, ઘરો ઊભા કરવા માટે એકેએક સેન્ટ જોઈશે."

રસ્તા ઉપર ચાલતાં ચાલતાં બોમને માટે ઈશ્વરનો આભાર માનતાં જાણે ઇશ્વરેજ એની પાસે બોલાવ્યા હોય એમ "એ બધા ખરાબ છોકરાઓ નથી" એ શબ્દો ફ્લેનેજન યાદ કરવા લાગ્યા. આ ટૂંકા વાક્યે એને આનંદિત કર્યા. એટલામાં બધુંજ આવી ગયું હતું.

ભવિષ્યનાં વર્ષોમાં ફાધર ફ્લેનેજનનું નામ આ સાદા વાક્ય સાથે અવિસ્મરણીય રીતે જોડાવાનું હતું. આ છોકરાઓ સાથે કામ કરતા દરેકે દરેક કાર્યકરે આ વાક્ય વાપર્યું છે. પણ એનો ખરો અર્થ તો ફાધર ફ્લેનેજનેજ સમજાવ્યો હતો. આટલી સ્પષ્ટતાથી એણે આ કદી પણ ઉચ્ચાર્યું નહોતું. એના ધર્મમાં તો સૌ માણસો પાપમાંજ જન્મ્યા છે. પણ લોકો છોકરાઓ માટે એમ માનતા નહોતા. તેમને મતે તો ગરીબ, અનાથ અને ગૃહવિહોણા બીજા માણસો કરતાં વધારે પાપી અને અનિષ્ટોથી

ભરેલા છે. અને આ તેમની ભયંકર ભૂલ હતી. ઈશ્વર તો જેના આશ્રય હેઠળ, પ્રેમ, ઉછેર અને રક્ષણ માટે આ બાળકો સોંપાયેલાં છે તેને જ આ બાળકોને ગેરરસ્તે જવા દેવા માટે જવાબદાર ગણશે. આ ધન્ય પળે જ્યારે નવું કદમ ઉપાડતા હતા ત્યારે એને એ પણ સમજાયું કે પોતે જે ઉચ્ચાર્યું" તે ખરેખર એને હૈયે હતું. એ છોકરાઓ ખરાબ નથી. માબાપ, વાતાવરણ ખરાબ છે. એ જ એનો વિશ્વાસ અને એની શ્રદ્ધા હતી.

*

☞ ૨૧

---

## ઝુંબેશ

'ઓવરલૂક'માં જવાની વાત સાંભળી છોકરાઓમાં અનેરો ઉત્સાહ જન્મ્યો. પ્રાથમિક તૈયારીઓમાં મદદ કરવા માટે તેમજ પહેલા પહોંચી જવાની હરીફાઈ થવા લાગી. આખા ઉનાળા દરમિયાન ફાધર ફ્લેનેજન થતી તૈયારી જોવા જુદી જુદી ટુકડીમાં છોકરાઓને લઈ ગયા. આ ઘરો બધાં લશ્કરની બેરેક જેવાં તૈયાર થતાં હતાં. એમાં શાળા, ભંડાર, રસોડું, દીવાનખાનું, દેવળ, વગેરે બધું જ આવી જતું હતું. એક મકાન હુન્નર-ઉદ્યોગ શીખવવા માટે જુદું રાખવામાં આવ્યુ હતું.

૨૨મી ઑક્ટોબર ત્યાં જવાના દિવસ તરીકે નક્કી કરવામાં આવ્યો. છોકરાઓને મોટર ખટારામાં ભરીભરીને લઈ જવામાં આવ્યા. છેલ્લા જથામાં ફાધર ફ્લેનેજન અને કાર્લો નામનો કૂતરો ગયા. કૂતરો જવા નારાજ હતો, છતાં ગયો. છોકરાઓને મકાનમાં ફરી વળવાનો અનેરો ઉત્સાહ હતો. પહેલી જ વાર એ આ ઠેકાણે મુક્તતાથી ફરતા હતા જ્યાં પોલીસ તેમની પાછળ નહિ પડતી હોય. આ બધાના ઉત્સાહમાં ફાધર

ફ્લેનેજન પણ જોડાયા. આજે એ ખરેખર મગરૂર હતા. દેવું થવા છતાં આટલા બધા એકરના એ માલિક બન્યા હતા. આખી જમીન એ આનંદથી જોઈ વળ્યા.

પહેલી જ વાર ફાધર ફ્લેનેજનને પણ પોતાનું રહેઠાણ મળ્યું. એ મકાન ભોંયતળિયે તબેલાવાળા એક માળનું હતું. એના બે ઓરડાને એણે રહેઠાણમાં ફેરવી નાંખ્યા.

ઉનાળામાં ગણોતિયા સાથે મળીને ખેતીનું કામ શરૂ કર્યું. બધાને જ ખેતીનું કામ કરવું હતું, પણ તે સિવાય બીજાં કામો પણ કરવાનાં હતાં. હવે તો રમતગમત માટે પણ વિશાળ મેદાન તૈયાર થઈ ગયું હતું. વધારામાં એક ઔદ્યોગિક શાળા શરૂ કરવામાં આવી. શરૂઆતમાં તો તે સુથારી કામ જ શરૂ કરી શકયા. ધીરે ધીરે કુશળ શિક્ષકની દેખરેખ હેઠળ છોકરાઓ ટેબલો, પુસ્તક માટેની ઘોડીઓ ને આ ઘર માટે વધારે જરૂરી હતું તે કરતા શીખી ગયા. આ જ સમયે ફાધર ફ્લેનેજને બીજો મહત્વનો નિર્ણય લીધો કે પોતાના વસવાટની આજુબાજુ ઊંચી દીવાલો, દરવાજા અને તાળાં રાખવાં નહીં.

"હું જેલ બાંધતો નથી," એણે ઓમાહાના ગભરાયેલા લોકોને કહ્યું, "આ તો ઘર છે. તમે તમારા ઘરના માણસોને દીવાલ પાછળ નથી રાખતા."

પણ ફાધર ફ્લેનેજનનાં કેટલાંક કુટુંબીજનોને પણ ચિંતા થવા લાગી. આ બધી મહેનતની અસર એની તબિયત ઉપર હવે જણાવા લાગી. હવે એને ખાસ આરામની જરૂર હતી. અને જ્યારે એણે જણાવ્યું કે રજાઓને માટે સમય નથી, ત્યારે તો એનાં મા નોરાએ ત્યાં જઈને રહેવાનું નક્કી કર્યું.

હવે તો એને લીએગ જેવું લાગવા માંડ્યું. મા આવી ગઈ પણ તે ઘણા મોટા કુટુંબમાં રહેવા. હવે તો એ સાફસુફી અને રસોઈ ઉપર ધ્યાન આપવા લાગી, ખાસ તો એનો પુત્ર રહેતો હતો તે તબેલા ઉપર. નોરા

આ બાળનગરમાં એક અદ્દ્ભુત બળરૂપ બની રહી. એક બાજુ બાળકો અને બીજી બાજુ ફાધર ફ્લેનેજનના બાળપણને સાંકળતી એ કડી બની. આ બધા છોકરાઓની જોડે પોતાના છોકરાઓની માફક એ વર્તવા લાગી. અને એના મદદગાર તરીકે પસંદ થવાનું ગૌરવરૂપ ગણાવા લાગ્યું. ફાધર ફ્લેનેજન માને પૂછતા કે એની આટલી બધી પ્રિયતા, એના આકર્ષણને કારણે છે કે રસોઈને કારણે? અને મા જવાબ આપતી, "બન્નેને કારણે."

હજી પણ જગ્યાની તંગી પડતી. નવા છોકરાઓ વધુ સંખ્યામાં દાખલ થવાને ઈચ્છતા હતા. કોઈક તો ગળે ચિઠ્ઠી લટકાવીને આવતા અને તેમાં માત્ર એટલું જ લખ્યું હોય, "ફાધર ફ્લેનેજન, આ છોકરાને રાખી લેશો, કારણ હું એને સંભાળી શકું એમ નથી." લખનાર ભાગ્યે જ નીચે પોતાનું નામ લખતો. એ આવા છોકરાને દાખલ કરતા, અને તેમના માબાપ વિશે વાતચીત દ્વારા જાણવાનો પ્રયત્ન કરતા. પછી એ નક્કી કરતા. પણ જેને માબાપ કે સગું ન હોય કે જેને બાળકની જરૂરિયાત ન હોય તેવાને ઘેર પાછા કદી મોકલવામાં આવતા નહોતા. કોઈ વળી ટેલિફોનથી દાખલ થવા ઈચ્છતા તો કોઈ અદાલત તરફથી આવતા. પણ એ બધાને દાખલ કરી શકે એમ નહોતું. જગ્યા તો વિશાળ હતી પણ મકાનની સગવડ અને નાણાંનો અભાવ હતો.

કોઈક વાર તો માબાપ જાતે જ છોકરાઓને લઇને આવતા. એક દિવસ એક બાપ એક છોકરાને લઇને આવ્યો. છોકરાએ હાથમાં વાજું પકડ્યું હતું. મા ત્યજીને ચાલી ગઈ હતી. પોતે કામ પર હોય તેટલી વાર દરકાર રાખે એવું માણસ રાખી શકે એટલું બાપ કમાતો નહોતો. છોકરાનો હાથ પકડી એ ઓફિસમાં ઊભો ઊભો છોકરાની સંગીત શક્તિ વિશે બડાશ મારતો હતો.

"હું શિક્ષક તો રાખી શકું એમ નથી. આ છોકરાને આ વાજું જડ્યું અને એ જાતે જ શીખ્યો."

"એને અહીં જરૂર ગમી જશે. અમે વાજાંની ટુકડી ઊભી કરી છે. હજી અમારે વાજાં વગાડનારની જરૂર પણ છે."

"મને અહીં બિલકુલ નહીં ગમે," છોકરાએ કડવાશથી કહ્યું, "મારે તો મારું ઘર જોઈએ, મારાં બાપ ને મા જોઈએ."

અને જ્યારે ૧૯૨૫માં એ અહીં રહી સ્નાતક થયો ત્યારે ફાધર ફ્લેનેજને એને વિદાય-ભેટ તરીકે એ વાજાં આપ્યાં. અને જ્યારે એ બાળનગરમાં પાછો આવ્યો ત્યારે એ પ્રસિદ્ધ વાજિંત્રવાદક બન્યો હતો. એની સાથે એક બાઈ હતી. એને ફાધર ફ્લેનેજન પાસે લઈ આવ્યો હતો કારણ બન્નેનાં લગ્ન ફાધર ફ્લેનેજન કરે એવું એ ઇચ્છતો હતો!

જ્યારે તેઓ 'ઓવરલૂક' ખાતે ગયા ત્યારે ત્યાંનાં કામચલાઉ તૈયાર કરવામાં આવેલાં મકાનો બધું દેવું પતી જાય અને જરૂરી ભંડોળ ભેગું થાય ત્યાં સુધી ચાલુ રાખવાની યોજના કરવામાં આવી હતી. રોજ ને રોજ છોકરાઓની કતાર આવતી જતી એટલે એ તો સ્પષ્ટ જ હતું કે બધાંને વ્યવસ્થિત કરવા વધારે સગવડની જરૂર હતી. બસોની સંખ્યા તો ક્યારની થઈ ગઈ હતી; અને ઉભરાઈ ગયેલી કલ્યાણ સંસ્થાઓ તરફથી વધારેને દાખલ કરવાની માંગ તો થયા જ કરતી હતી. આ પરિસ્થિતિની વાત ઓમાહામાં ફેલાઈ ગઈ અને નાગરિકોની સભા બોલાવવામાં આવી. જેમાં ફાધર ફ્લેનેજનને આપણે કેવી રીતે મદદ કરી શકીએ એ વિષય ચર્ચા માટે રાખવામાં આવ્યો.

"એને શેની જરૂર છે તે આપણે બધા જ જાણીએ છીએ," એક વક્તાએ કહ્યું, "એને મોટા ઘરની જરૂર છે."

"જે જાતનું ઘર એને જોઇએ છે તે બાંધતાં લાખો ડોલરોનો ખર્ચ થાય એમ છે."

"બસ ત્યારે, આપણે લાખો ડોલરનું ફંડ ઉઘરાવો."

તે રાતે બે લાખ ડોલર ઊભા કરવાની ઝુંબેશ ઉપાડવામાં આવી. બાળનગરનું પ્રથમ મકાન જેમાં શાળા, કસરતશાળા અને ઉદ્યોગશાળાને

માટે ઓરડાઓ હોય.

હવે બધાને જ સમજાયું કે આ હેતુ ઉમદા છે અને તેથી એ માટે મોટી ઝુંબેશના સ્વરૂપમાં પ્રવૃત્તિઓ ઉપાડવામાં આવી. શરૂઆત કંઈ બહુ સારી થઈ નહીં. પ્રવૃત્તિ બરાબર શરૂ થાય એ પહેલાં કેટલાક શુભેચ્છકોને લાગ્યું કે ધંધાદારી ફંડ ઉઘરાવનારાઓને રોકવામાં આવે તો વધારે સારું. આ ઉઘરાવનારાઓને એ ખબર નહોતી કે આ બાબત તદ્દન જુદી જ છે. એમના મનમાં તો આ પણ એક સામાન્ય ધર્માદા બાબત જેવી જ બાબત હશે. એથી જ બીજી બાબતો માટે જેમ ઓમાહાના લોકોને દબાણ કરતા તેમ આ માટે પણ કરવા માંડ્યું. ઓમાહામાં લોકો પાસે જવાની આ રીત સારી નીવડી નહીં. ઓમાહાના લોકોને મન એક વાર ટીકાપાત્ર બનેલ પણ હવે સાર્વત્રિક રીતે પ્રશંસા પામેલ ફાધર ફ્લેનેજન એક વ્યક્તિગત સંપત્તિ જેવા હતા. અજાણ્યા માણસો એક સરખાં વાક્યો ઉચ્ચારી ફાળો ઉઘરાવે એ તેમને રુચ્યું નહીં. એક અઠવાડિયાને અન્તે જણાયું કે પ્રવૃત્તિ નિષ્ફળ નીવડી છે. ફંડ ઉઘરાવનારાઓને ઘેર મોકલી દેવામાં આવ્યા અને જેમણે ઝુંબેશ ઉપાડેલી તે પણ પડતી મૂકવાની તૈયારીમાં હતા.

પણ જે ઉત્સાહી હતા તે, લોકો પાસે પહોંચવાની નવી રીત વિચારતા હતા. ધંધાદારી માણસો કરતાં શા માટે સમાજના જ સ્ત્રી-પુરુષો લોકો પાસે જઈ ફાળા માટે વિનંતિ ન કરે? બધાની નજર જે. ડી. ડેવીડસન ઉપર ઠરી. એ ઊંચો, પાતળો અને ઘણો પ્રવૃત્ત માણસ હતો. પાછળથી નેબ્રાસ્કા પાવર કંપનીનો એ પ્રમુખ પણ બન્યો હતો.

થોડા જ દિવસ પહેલાં રમતગમત અને મનોરંજનના કેન્દ્ર માટેની ઝુંબેશ એણે ઉપાડી હતી. જ્યારે એણે નિષ્ફળતાની વાત સાંભળી ત્યારે એ આહ્‌વાન ઉપાડી લેવાનું એણે કબૂલ્યું. એણે પ્રવૃત્તિ ઉપાડી ત્યાં બધા જ સંપ્રદાયના મિત્રો તરફથી એને ટેકો મળ્યો. વિરોધીઓ દૂર થ ગયા. ભવિષ્યમાં એ જ ડેવીડસન બાળનગરનો ડાયરેક્ટર થવાનો હતો.

ડેવીડસન અને બીજાઓને લાગ્યું કે ખરી જરૂર તો લોકોનો ર

ફેરવવાની છે. એઓની પહેલી સભા રાત્રે શરૂ કરવામાં આવી. મશાલ લઈ મહોલ્લાઓમાં ફેરી કાઢી. લોકોનાં ટોળાં તેઓની પાછળ જતાં. થોડાં ગીતો ગવાતાં અને થોડી વાતો થતી અને પછી સભાના મુખ્ય વક્તા–ઊંચા ફાધર ફ્લેનેજન બોલવા ઊભા થતા.

"હજારો ઘર વિનાનાં બાળકો ઠેઠ ઓમાહાથી અમારી પાસે આવ્યાં છે." એ કહેતા, "તમારે આ નાના છોકરાઓને જોવા જોઈએ. એમનાં કપડાં ફાટેલાં છે, એમના ચહેરા ફિક્કા અને કરમાઈ ગયેલા છે. જો તમારા ઘરમાં તમારો છોકરો હોય તો, આ જેમને ઘર નથી એવા છોકરાઓનો પણ વિચાર કરજો."

અને પછી ફાળો ઉઘરાવવામાં આવતો.

બીજો સરસ ફાળો ઉઘરાવનાર ચાર્લ કેનવર્થી હતો. એ આ ગૃહમાંનો જ છોકરો હતો. આ ઝુંબેશ દરમ્યાન એને 'ફાધર ફ્લેનેજનના ગૃહનો બાળ-વક્તા' એવો ઇલ્કાબ મળ્યો. આ બાળવક્તા બધી સભાઓમાં બોલતો. એમાં બધા પ્રકારના લોકો આવતા અને એ છોકરો અને એના શબ્દો લોકોનાં હૃદયને સ્પર્શી જતા.

"ઓવરલૂક ફાર્મમાંથી રોજના ત્રણ છોકરાઓને પાછા કાઢવામાં આવે છે, કારણ અમારી પાસે ઓરડાઓ નથી. કોઈ છોકરાને ડોકું નીચું નાંખી પોતાનું પોટલું પકડી પાછો જતો જોઉં છું ત્યારે, રોજ રડું છું. પણ એ જશે ક્યાં?" "એને ઘર નથી, મિત્રો નથી, એનું ઘર શેરીઓમાં, ગલીઓમાં ગંદાં ઘોલકાંઓમાં છે, જ્યાં ગુનેગારો પેદા થાય છે." "હું તમારી પાસે કંઇક વેચવા આવ્યો છું. ઘર વગરના રખડતા છોકરાનો પ્રેમ હું વેચું છું. એ તમને વેચવાનો મારો ધંધો છે. આ જીવનમાં પૈસા કરતાં બે વસ્તુઓ મોટી છે: એક ઇશ્વર ઉપરની શ્રદ્ધા અને બીજો માનવપ્રેમ. તમારી પાસે લાખો ડોલર હશે પણ આ બે નહિ હોય તો તમારું જીવન નકામું છે."

"અમારે ખરાબ માણસો થવું નથી. અમારે સારા નાગરિકો થવું છે.

ખેતરમાં અમારી પાસે ગાય, મરઘાં, ઘોડાઓ છે, બધું છે. અમારે એને સ્વર્ગ જેવું બનાવવા માટે મકાનની જરૂર છે." એની બોલવાની ને અભિનય કરવાની પદ્ધતિ તો સિનેમા નટના જેવી હતી.

સ્ત્રીઓ તરફથી ઝુંબેશ ઉપાડવાનું કાર્ય શ્રીમતી આર્થર મુલ્લેહ કરતાં હતાં. એમણે જ ડોલ ટુકડી ઊભી કરી હતી. ઓમાહાએ આ પૂર્વે કદી આવું જોયું નહોતું. સ્ત્રીઓ ડોલ લઈ આવતી. પાંચ–છની ટુકડીઓમાં એ વહેંચાઈ જતી. શહેરમાં ઘરો અને લત્તાઓને વહેંચી નાખવામાં આવ્યાં હતાં. દરેક પ્રકારના માણસો આ ડોલમાં ઉઘરાણાનાં નાણાં નાખતા. સ્ત્રીઓ તરફની આ મદદ દ્વારા ડેવીડસન અને તેના મિત્રોએ ૨૧૫૦૦૦ ડોલરનો ફાળો ઉઘરાવ્યો. ૧૯૨૨ના માર્ચમાં, બોવરલૂક પહોંચ્યા પછીના વર્ષમાં, પાંચ માળનું મકાન બાંધવાનું શરૂ કરવામાં આવ્યું. ફાધર ફ્લેનેજનને ઘણો આનંદ થયો. એ ભવિષ્યવેત્તા તો નહોતા, છતાં એને ખબર નહોતી કે કપરો વખત હવે જ આવવાનો છે.

•

☞ ૨૨

## કપરો કાળ

હવે જ આકરી કસોટી થવા માંડી. વેપારીઓ પાસે પોતાના ચાલુ ખર્ચ માટે એ ઉધાર લઈ શકયો નહીં. વળી જે રોકડ એણે ઊભી કરી એ તો મકાન બાંધવા પેટે જ વપરાઈ જતી હતી. પાંચ માળનું મકાન બંધાતું જતું હતું અને હથોડાના અવાજો સંભળાતા હતા એ વખતે ફાધર ફ્લેનેજનને માટે ભારે આર્થિક કટોકટી ઊભી થઈ હતી. બાંધવાના

ખર્ચ પેટે જ ઘણા પૈસા જતા હતા એટલે ખોરાક કપડાં માટે ઘણું થોડું રહેતું હતું. કણિયાનાં અને દૂધનાં બીલ ચડતાં જતાં હતાં અને વેપારીઓ રોકડ નાણાં નહિ મળે ત્યાં સુધી માલ ન આપવાની તાકીદ કરતા હતા.

"જુઓ, ખાદ્યસામગ્રી ખટારામાં છે," માણસે કહ્યું, "પણ તમે પૈસા આપો નહિ ત્યાં સુધી હું એ અહીં ખાલી નહિ કરું. લોકોને તમારામાં વિશ્વાસ નથી. એ બધા તો માને છે કે આખી યોજના નિષ્ફળ જશે અને તમે નાણાં ચૂકવી શકશો નહીં."

ઘણી વાર આમ સામગ્રી પાછી લઈ જવામાં આવતી. પરિસ્થિતિ ઉકેલ માંગતી હતી. બારણામાં નીગ્રો યુવાન નાચતો હતો. છોકરાઓ તાળી વગાડતા હતા, કોઈ ગાતા હતા. આ જોઈ ફાધર ફ્લેનેજનને વિચાર આવ્યો કે આ છોકરાઓને બહાર લઈ જવામાં આવે અને આ ગૃહનું કાર્ય અને એની આવશ્યકતાઓ વિશે એક કાર્યક્રમની રજૂઆત કરવામાં આવે તો? પેલા નાચતા નીગ્રો છોકરાને તો ખ્યાલ પણ નહિ હોય કે આવા કાર્યક્રમ માટે એ પ્રેરણા બન્યો છે અને પાછળથી બાળનગરના ઇતિહાસમાં અદ્‌ભુત સાહસ કરનારો થશે.

પહેલાં એક વાર ફાધર ફ્લેનેજને છોકરાઓને બહાર મોકલેલા પણ તે વખતે તેમણે આગગાડીની મુસાફરી કરેલી. હવે તો એવી મુસાફરી મોંઘી થઈ પડે. શા માટે ઘોડાથી ખેંચાતા લાલ રંગે રંગેલા ખટારામાં મુસાફરી નહિ કરવામાં આવે? ઓમાહામાં આવા ખટારા બનાવવાનું કારખાનું હતું. એમાંથી સરકસને અનુરૂપ જૂના ખટારા એણે ખરીદ્યા. આ યોજના જાહેર થઈ ત્યારે કેટલાક માણસો બબડવા લાગ્યા.

નિરાશ થયા વિના ફાધર ફ્લેનેજને પોતાનો કાર્યક્રમ પાર પાડવાની યોજના ચાલુ રાખી. આ જાતના કાર્યક્રમ માટેની પૂર્વ તૈયારીઓ, પ્રયોગો પણ ચાલુ કરી દેવામાં આવ્યા. જેમને કશું નહોતું આવડતું તે બીજી રીતે લાલ કોટ પહેરી એમાં જવા તૈયાર થવા લાગ્યા. ખટારાની બન્ને બાજુ "ફાધર ફ્લેનેજનના છોકરાઓનો ખેલ-દુનિયાના સૌથી મોટા

બાળનટો" એમ લખેલું હતું. ખટારો જવાને તૈયાર થતાં ઓમાહાના લોકો ભેગા થઈ મોટે સાદે વિદાય આપવા લાગ્યા. ફાધરે રોકેલા માણસો ટીકીટો વેચવાની તરકીબ કરતા હતા. આખી મુસાફરી પેટ નોર્ટનની રૂપરેખ હેઠળ થવાની હતી, પણ ફાધર ફ્લેનેજન પહેલા મુકામ સુધી ગયા. એને પ્રથમ રાત્રીના ખેલમાં ગેરહાજર નહોતું રહેવું. પેલા ટીકીટના આડતિયાઓએ પોતાની કામગીરી સફળ રીતે પાર પાડી હતી. સ્થાનિક પેપરોમાં હકીકતો અને અડધા પાનાની જાહેરખબર પણ પ્રગટ કરી હતી.

આની ધારી અસર થઈ. શહેરનું થિયેટર ચીકાર ભરાઈ ગયું. શહેરમાંના ઘણા લોકો આ ખેલ જોવા આવ્યા. અને તેમને ખેલ પણ સારો જોવાનો મળ્યો. કેટલાકે વાજાં વગાડયાં, નૃત્યો કર્યાં અને ગીતો ગાયાં. કેટલાંક ગીતો તો એટલાં કરુણ હતાં કે પ્રેક્ષકો રડવા લાગ્યાં. ફાધર ફ્લેનેજનને આખી યોજનાની સફળતા વિશે ઘણી શંકા હતી. એમને લાગતું હતું કે કદાચ પ્રેક્ષકવર્ગ ઉપહાસ કરશે. પણ જેમ જેમ ખેલ આગળ ચાલતો ગયો તેમ તેમ લોકોની પ્રશંસા વધતી ગઈ. ફાધર ફ્લેનેજનને ઘણો સંતોષ થયો અને નોર્ટનના કબજામાં ભાવિની આખી યોજના સોંપી પોતે પાછા ફર્યા.

આખી વસ્તુ સરળતાથી પાર પડી. ખેલ કર્યા પછી પોતાનો સામાન ખટારામાં નાખી બધા નેબ્રાસ્કા તરફ આગળ વધ્યા. શહેરના છોકરાઓ એમનું સ્વાગત કરવા ભેગા મળ્યા અને વિદાય વખતે પાછળ પાછળ ચાલ્યા. એમાંથી કેટલાકને તો એમની સાથે જવું હતું, પણ નોર્ટને તેમને સમજાવ્યું કે તેમને તો ઘર છે અને એટલા એ નસીબદાર છે. પણ પણ એમાંથી એને કશો નફો મળી શકયો નહોતો. એ મેળવવાનો એમનો હેતુ હતો. અલબત્ત, બીજો હેતુ લોકોનો આખી યોજના વિશે પ્રેમ પ્રાપ્ત કરવાનો અને ભવિષ્યમાં વધુ મદદ મેળવવાનો હતો. એમાંથી મળતી રકમમાંથી ખર્ચો નીકળી રહેતો અને એ માટે રોકેલાં નાણાં ભરપાઈ થઈ રહેતાં. પણ જેમ જેમ છોકરાઓનો ઉત્સાહ નરમ પડતો ગયો તેમ

તેમ ધંધો ભાંગી પડવા લાગ્યો અને મુસાફરી, ખેલ બધું જ યંત્રવત્ બનવા લાગ્યું.

પણ તેમની સમક્ષ રહેલાં આવાં બીજાં મંડળોની જેમ એને પણ અણધારી આફત સહન કરવી પડી. આ બનાવ ઓમાહાની પશ્ચિમે આવેલા ગામમાં બન્યો.

તેઓ ગામમાં દાખલ થયા કે તરત જ તેમણે જોયું કે સ્વાગત કરવા કોઈ છોકરાઓ ભેગા નહોતા મળ્યા. આ કંઈક અણધાર્યું હતું. કારણ જ્યાં જ્યાં તેઓ ગયા હતા ત્યાં ત્યાં એમનું સારું સ્વાગત થયું હતું. નોર્ટન તપાસ કરવા નીચે ઊતર્યાં અને તરત એને ખબર પડી કે ટીકીટો વેચાઈ નથી અને કોઈ પણ થિયેટર તેમને મળી શકે એમ નહોતું. વધારે ખરાબ સમાચાર એ હતા કે આ ગામથી આગળના બીજા કોઈ પણ ગામમાં ટીકીટ વેચી શકાય એમ નહોતું. પૂર્વગ્રહને કારણે ટીકીટ વેચનારો આડતિયો મુશ્કેલીમાં આવી પડ્યો હતો અને તેમને ખબર કર્યા વિના જ ચાલ્યો ગયો હતો. આ બધું લાલ અને સુનેરી ભપકાવાળું મંડળ મુશ્કેલીમાં આવી પડ્યું.

નોર્ટને ફાધર ફ્લેનેજનને ટેલિફોન કર્યો અને જણાવ્યું કે તેઓ ભારે આફતમાં છે અને એક ટંકના ખાણા માટે ચાલે એટલા જ ડોલર રહ્યા છે.

"અહીં આ જ ગામમાં રહો. છોકરાઓને હંમેશ મુજબ ઊંઘવા દો. તેઓ ન ગભરાય એમ કરો. હું આવી પહોંચું છું." એમ ફાધરે ટેલિફોન પર જણાવ્યું.

ખટારામાં જ્યારે એ આવ્યા ત્યારે બધાને નિરાશ, પડેલા ચહેરાવાળા જોયા, પણ એણે નિરાશ થવાની ના પાડી. થોડા વધારે ડોલર એ સાથે લાવ્યા હતા. ખટારામાં ઓમાહામાં પહોંચવાનો ખર્ચ થોડો હતો. આખે રસ્તે એ સાથે રહ્યા.

આખી યોજના ઘડીભર કામિયાબ નીવડતી લાગી, પણ ધીરેધીરે પૈસા ઓછા થતા જતા હતા. લિંકન શહેરના સીમાડા ઉપર આવ્યા ત્યાં તો

બધાં જ નાણાં ખર્ચાઈ ગયાં. બપોર થઈ ગયા હતા. સવારના નાસ્તા પછી કોઈએ કશું ખાધું નહોતું. એણે એક જેલ તરફ જોયું. એ જ એમનો આશ્રય હતી. ફાધર ફ્લેનેજને કહ્યું કે, "જેલનો રક્ષક મારો મિત્ર છે અને ત્યાં અણધાર્યા મિત્રો મળશે."

લાલ-પીળો ખટારો જેલના દરવાજા તરફ ચાલ્યો. મિનારાઓમાંથી રક્ષકોએ પોતાની બંદૂક આ વિચિત્ર વણજાર તરફ તાકી. જ્યારે પાદરીએ કહ્યું કે એના છોકરાઓ મુખ્ય રક્ષકને મળવા ઇચ્છે છે ત્યારે એ બંદૂકધારીઓ એની પાછળ પાછળ ચાલ્યા. થોડી જ વારમાં મુખ્ય રક્ષકે ઉમળકાભેર પાદરીનું સ્વાગત કર્યું. પાદરી ઝંખવાણા પડી ગયા; એને ભાન થયું કે એ અને એના સાથીઓ વગર ખબર આપ્યે આવ્યા હતા.

"અલબત્ત, આ તો અદ્ભુત કહેવાય. કહો, ફાધર, તમે અહીં આવ્યા જ છો તો અમારા માણસો માટે તમારા છોકરાઓ ખેલ આપશે ને?" અધિકારીએ રાતના ખાણા માટે પણ આ લોકોને રહેવાનો આગ્રહ કર્યો કારણ ખેલ સાંજે હતો. જેલની દીવાલ બહાર ખટારા પડી રહ્યા.

જેલનો અધિકારી સંકોચ હતો. એ બધું સમજી ગયો. એણે કહ્યું, "ફાધર, તમે બપોરના જમણ માટે ઘણા મોડા પડ્યા છો. પણ સામેની જમીનમાં ઘણાં તરબૂચ છે તે તમારા છોકરાઓને જરૂર ભાવશે."

તે રાત્રે છોકરાઓએ સરસ ખેલ કર્યો અને એ પૂરો થયો ત્યારે વધારે ખેલ જોવા માટે કેદીઓએ બૂમાબૂમ કરી મૂકી.

"તેઓએ ઘણો સારો ખેલ કર્યો છે." ફાધર ફ્લેનેજને કહ્યું.

"પણ તેઓ જરા વધારે નહિ ગાઈ શકે?" અધિકારે પૂછ્યું.

ફરી તેમણે થોડાં ગીતો ગાયાં. હવે તો આ છોકરાઓ પૂરેપૂરા ધંધાદારી બની ગયા હતા. એમની સિદ્ધિ જેવી તેવી નહોતી. એમનાં ગીતોએ ભયંકર પ્રકારના ગુનેગારોના હૃદયની ઊંડામાં ઊંડી લાગણીઓને હલાવી મૂકી હતી. આ વખતે ફાધર ફ્લેનેજનના મનમાં જુદા જ વિચારો ચાલતા હતા. એને પોતાના ગૃહમાં સંગીતકારો-નિપુણ સંગીતકારોની

મંડળી ઊભી કરવી હતી. ખેલને અંતે છોકરાઓ જેલમાં આવી છૂટા પડ્યા. આરામ લઈ બીજે દિવસે સવારે 'ઓવરલૂક' તરફની મુસાફરી એમણે પાછી આરંભી.

આવો ઘેરો વિષાદ આ ગૃહમાં પહેલાં કદી વ્યાપ્યો નહોતો. ફાધર ફ્લેનેજનને માટે આ ભયંકર પરાજય હતો. લોકોનો સમભાવ મેળવવા માટેની આ યોજના હતી અને તે નિષ્ફળ ગઈ. પણ આમ માની લેવામાં ફ્લેનેજનની ભૂલ થતી હતી. આ નિષ્ફળતા તો ક્ષણિક જ હતી. મદદ પ્રાપ્ત કરવાના કાર્યમાં નિષ્ફળતા મળી નહોતી. નવા મિત્રો તરફથી પત્રો આવતા હતા. તેમાં જે શહેરમાં એમણે ખેલો કરેલા તે શહેરમાંના છોકરાઓનાં માબાપ, શિક્ષકો અને અધિકારીઓના પત્રો હતા. કેટલાક તો ચેકો પણ મોકલતા. બધા એક સરખો જ અભિપ્રાય વ્યક્ત કરતા હતા કે આ છોકરાઓ સરસ છે અને ભવિષ્યમાં સારા નાગરિકો થવાની આશા આપે છે. આવી મૈત્રીનો સંદેશ મળતાં ફાધર ફ્લેનેજનમાં નવો ઉત્સાહ આવ્યો. બહાર મંડળી મોકલવાની યોજના ફળદાયી નીવડી એમ એણે નોર્ટન અને બીજાઓને બોલાવી કહ્યું. એ યોજના ફરી અમલમાં મૂકવાનો એનો ઈરાદો હતો.

એણે ઓમાહાના શરાફ પાસે થોડાંક નાણાં ઉછીનાં લીધાં. આ વખતે છોકરાઓ ખટારામાં નહિ પણ આગગાડીમાં મુસાફરી કરનાર હતા, અને નજીકનાં રાજ્યોમાં જ્યાં આ ગૃહ જાણીતું થતું જતું હતું ત્યાં મોકલવાનો એમનો વિચાર હતો. આ નવા પર્યટન માટે એણે વધારે અનુભવી આડતિયાઓને રોક્યા. આ પર્યટનમાંથી મળેલી સફળતાએ ફાધર ફ્લેનેજનને આંજી નાખ્યા. પોતાના સર્કસ ખટારાની ખ્યાતિ મધ્ય પશ્ચિમ સુધી પહોંચી ગઈ હશે એમ એણે ધાર્યું નહોતું. પૂર્વગ્રહને કારણે લોકોએ મુસાફરી અટકાવી હતી, અને જેલમાં કેદીઓ રહ્યા હતા અને હસ્યા હતા તે વાત દંતકકથા જેવી બની ગઈ હતી. છોકરાઓએ ભરચક થિયેટરો આગળ ખેલો કર્યાં હતા, લોકો આ છોકરાઓને ઉત્સાહ આપવા માગતા હતા. નાતાલ પહેલાં હવે તો ખરેખરો નફો કરી આ છોકરાઓ ઘેર

આવી પહોંચ્યા !

ફાધર ફ્લેનેજનને માટે આ આનંદનો સમય હતો. મુખ્ય મકાન પૂરું થયું હતું. છોકરાઓ એમાં રહેવા પણ ગયા હતા. સંકટ પૂરું થઈ ગયું, જમીન અને મકાનનાં નાણાં ભરપાઈ થઈ ગયાં. ફાળો વધારે ને વધારે આવતો હતો. હવે ફાધર ફ્લેનેજન આશા અને શ્રદ્ધાપૂર્વક ભવિષ્યમાં મીટ માંડી શકે એવી સ્થિતિમાં હતા.

હવેનાં વર્ષોમાં એમણે જુદી જુદી મંડળી ઉનાળાના મહિનાઓ દરમ્યાન પશ્ચિમ અને દક્ષિણમાં મુસાફરી કરવા મોકલી આપી. દર વખતે નવા ખેલો રજૂ કરવામાં આવતા. હવે તો છોકરાઓ પોતાની જ મોટરમાં મુસાફરી કરતા અને તેના ઉપર "ફાધર ફ્લેનેજનના છોકરાઓનો ખેલ" એવું લખ્યું હતું. મોટરમાં રહેવાથી ઠંડીમાંથી બચાતું. છોકરાઓ પોતાનો ખોરાક હાથે રાંધી લેતા, અને હોટલનાં બીલ બચાવતા. ઘણી વખત નેલી મુસાફરીમાં મદદગાર તરીકે સાથે જતી. આવા ખેલો દરમ્યાન કેટલાક દંપતીઓ કોઈ છોકરાને દત્તક લેવાની ઇચ્છા પણ વ્યક્ત કરતાં.

"જો હું મારા છોકરાઓને દત્તક આપું તો પછી હું તો છોકરાઓ વગર જ ઘેર પાછો ફરું." ફાધર ફ્લેનેજન જવાબ આપતા. ખેલમાંથી સીધા કોઈ પણ છોકરાને દત્તક લેવા દેવામાં આવતા નહોતા. પણ પાછળથી અરજી કર્યા પછી તપાસ કરી દત્તક આપવામાં આવતા.

નવા છોકરાઓ આ મંડળીમાં હમેશાં દાખલ થવાને ઇચ્છા કર્યા કરતા. એક રાત્રે ગંદાં ને ફાટેલાં કપડાં પહેરેલો દસેક વર્ષનો છોકરો સીધો મોટર પાસે આવી પૂછવા લાગ્યો, "ફાધર, હું તમારી સાથે આવી શકું?" છોકરો પૂછતાં પૂછતાં ગભરાઈ ગયો હતો. ફાધરે એની બીક દૂર કરી એની પાસે વાત કઢાવવા માંડી. એનાં માબાપ ક્યાં હતાં તેની એને ખબર નહોતી. એ એક બીજા છોકરા જોડે ગંદી જગ્યામાં રહેતો હતો અને છાપાં વેચી પોતાનું ગુજરાન ચલાવતો. એનું નામ હાંસ હતું. બીજે દિવસે તપાસ કરતાં વાત સાચી જણાઈ. ઘણા દિવસથી એ દસ વર્ષનો

છોકરો ગંદા ઝૂંપડામાં રહેતો હતો. અત્યાર સુધી જે લોકો આ છોકરાની દરકાર નહોતા કરતા તે બધા દયા અને માન દર્શાવવા લાગ્યા. ખમીસ, જોડા વગેરે આપવા લાગ્યા. "જો પહેલેથી એને કોઈ એ ચાહ્યો હોત તો એની આવી દશા ન થઈ હોત" એમ ફાધર ફ્લેનેજને કહ્યું. સાત વર્ષના ગાળામાં આ મંડળી જગવિખ્યાત બની. પણ પેલી જેલમાં કેદીઓ સમક્ષ ગીતો ગાનાર મંડળી અને બાળનગરની વિશ્વવિખ્યાત મંડળી બનવા સુધીમાં એને ઘણો લાંબો માર્ગ કાપવો પડયો હતો. ફાધર ફ્લેનેજનને સંગીતની શક્તિમાં જબરી શ્રદ્ધા હતી. સંગીતદ્વારા છોકરાઓની શક્તિને વિકસાવવાનું સાધન મળતું. "જે કોઈ છોકરાને ગાતાં આવડતું હોય અથવા સંગીતપ્રેમ હોય તે ભાગ્યેજ ખરાબ છોકરો નીવડે" એમ ફાધર ફ્લેનેજન કહેતા.

છેલ્લાં વર્ષોમાં એ મંડળીની મુસાફરી બંધ કરવામાં આવી અને સંગીતની આખી પ્રવૃત્તિ બાળનગર પૂરતી જ મર્યાદિત રાખવામાં આવી હતી. છતાં કલાનિપુણ સંગીતમંડળી સ્થાપવાનો વિચાર ફાધર ફ્લેનેજને પડતો નહોતો મૂકયો. એ સ્વપ્નાને અમલી બનાવવા ૧૯૪૧માં થોડા જ મહિનાઓ પર દીક્ષિત થયેલા પાદરી ફ્રાન્સિસ સ્મિટને લાવવામાં આવ્યા.

"હું તમને આખા દેશમાં શ્રેષ્ઠ નીવડે એવી સંગીત મંડળી સ્થાપવા વિનંતિ કરું છું," ફાધર ફ્લેનેજને કહ્યું, "મને લાગે છે આપણી પાસે એટલી સાધનસામગ્રી છે."

ફાધર સ્મિટ નિપુણ સંગીતકાર અને વ્યવસ્થાપક હતા. થોડાંક અઠવાડિયાં સુધી તો એણે આ છોકરાઓની સાથે પ્રયોગો કર્યા. આ છોકરાઓ નિપુણ થઈ શકે છે એવું જણાતાં તેમને એણે એક જુદા ખંડમાં રાખ્યા. "આપણા જેવાઓની માફક જ એ બધા રહે છે પણ બૂમ પાડી પાડી પોતાનો ઘાંટો ખોખરો ન કરી નાખે તે જ આપણે જોવાનું છે." માળ ઉપર એણે સંગીતનું પુસ્તકાલય અને બીજાં સાધનો રાખ્યાં. છોકરાઓ જુદેજુદે વખતે જુદાજુદા સંગીતના કાર્યક્રમોમાં હાજરી આપવા જતા. ધીરેધીરે છોકરાઓ નિપુણ સંગીતકાર બનતા ચાલ્યા. ૧૯૪૬ માં

સેન્ટ પોલના દેવળમાં ચાલીસ છોકરાઓ ગાવાના હતા. હવે એ બધા ફાળો ઉઘરાવવાને માટે નહોતા ગાતા. આજે એ બધા નવ હજારના સભાગૃહ સમક્ષ ગાવાના હતા. આજે પણ ફાધર ફ્લેનેજન હાજર હતા. આખો કાર્યક્રમ ઘણો મહત્ત્વાકાંક્ષી હતો. જ્યાં એ બધા પોતાના કાર્યક્રમ માટે ગયા ત્યાં ત્યાં એમને ઘણી સફળતા મળી. આમાંથી કોઈ મોટો નફો નહોતો થયો કારણ ખર્ચો ઘણો ભારે થતો, પણ પ્રભાવિત થયેલા શ્રોતાઓ તરફથી ઘણી સારી મદદ આવી મળતી.

આ ગૃહમાંના પ્રત્યેક છોકરા પાછળ કોઈ ને કોઈ દુઃખદ કથની રહેલી હતી. કોઈને ઘરનો પ્રેમ નહોતો મળ્યો, કોઈને ઘર જ નહોતું, કોઈને મા કે બાપ છોડી ચાલ્યા ગયાં હતાં. આ છોકરાઓને પ્રસિદ્ધિ મળે, એમનાં નામો અને છબીઓ છાપાંમાં છપાય તેની અસર એમના પર શી થતી હશે? એમને હમેશ યાદ દેવડાવવામાં આવતું હતું કે આ પ્રસિદ્ધિ તેમની વ્યક્તિગત નહોતી, પણ આખી મંડળીની અને બાળનગરની હતી.

એક છોકરો પંદર વખત ગૃહ છોડી નાસી ગયો હતો. એનું નામ એનરિક હતું. એની પરીક્ષા માનસશાસ્ત્રીઓએ કરી અને તેમાં જણાયું કે છોકરાના મનમાં એવી ગ્રંથિ બંધાઈ ગઈ છે કે એનામાં કોઈ ક્ષેત્ર માટે શક્તિ જ નથી. એટલે એને માટે કોઈ ક્ષેત્ર શોધી કાઢવું જોઈએ. છોકરાનો અવાજ પણ સારો નહોતો. એમાં પણ એ નિષ્ફળ જતો. છતાં માનસશાસ્ત્રીઓએ ફાધર સ્મિટને પ્રયત્ન ચાલુ રાખવાનું કહ્યું. છોકરાને એમાં રસ પડ્યો નહિ. એને જ્યારે ભૂલો બતાવવામાં આવતી ત્યારે એ હસતો. પછી ધીરે ધીરે એણે હસવાનું છોડી દીધું. ગંભીરતાપૂર્વક કામ કરવા માંડ્યું અને એક નોંધવા જેવી હકીકત એ હતી કે છેલ્લાં ત્રણ અઠવાડિયામાં એણે નાસી જવાનો પ્રયત્ન કર્યો નહોતો. ત્રણ મહિના પછી ફાધર સ્મિટે રિપોર્ટ આપ્યો કે છોકરો સંગીત મંડળીનો સભ્ય બનવાને લાયક બન્યો છે, બીજી કક્ષાની મંડળીનો નહિ પણ પ્રથમ કક્ષાની મંડળીનો.

જ્યારે એનરીકે આ સાંભળ્યું ત્યારે એ જુદો જ માણસ બની ગયો. એની જીવનદૃષ્ટિ બદલાઈ ગઈ અને નાસી જવાનો આખો પ્રશ્ન ઉકલી

ગયો. થોડા મહિનાઓ પછી એ સ્નાતક બન્યો. ફાધર સ્મિટને એક દિવસ એના તરફથી પત્ર મળ્યો હતો જેમાં એણે જણાવ્યું હતું કે એણે રેડિયો ઉપર સાંભળેલા સંગીતમાં કેટલુંક ઊતરતાપણું હતું

•

☞ ૨૩

## ચિંતા

૧૯૨૭ સુધીમાં બે હજાર સ્નાતકો દુનિયાના જુદા જુદા વ્યવસાયોમાં ગયા. આ બધા જ એક વાર ગુનેગારો ગણાયા હતા. પણ ખરી રીતે તો રખડુ બાળકો જ હતાં. સુધરવાની બીજી તક મળ્યા પછી એમાંનો કોઈ ફરી કાયદાનો ભંગ કરવા માટે પકડાયો નહોતો. હવે આ ગૃહ અને તેના વ્યવસ્થાપક જાણીતા બની ગયા હતા અને લોકો અહીં થતા કાર્યને જોવા માટે પણ આવતા. આયર્લેન્ડના જાણીતા પ્રેસિડન્ટ ડી'વેલેરા પણ ફાધર ફ્લેનેજનને મળવા થોભ્યા હતા અને એવી બીજી ઘણી નામાંકિત વ્યક્તિઓ અહીં આવતી.

જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ નવા વિષયો શાળાના કાર્યક્રમોમાં ઉમેરાતા ગયા. નવા ઉદ્યોગો પણ શિખવાવા લાગ્યા. નવા શિક્ષક શિક્ષિકાઓ પણ ઉમેરાતા ગયાં. ખેતીના કાર્યમાં પણ વિકાસ સધાતો ગયો અને ખેતીને અદ્યતન વૈજ્ઞાનિક ધોરણે મૂકવાના પ્રયાસો પણ થયા. શરૂઆતમાં અત્યાર સુધી તબેલા જેવા ઘરમાં રહેતા ફાધર ફ્લેનેજનને પણ ઉંદરોના ત્રાસને કારણે પોતાને માટે નવું ઘર બાંધવાની જરૂર પડી.

કાળ પણ પોતાનું કામ કરતો આવ્યો. શરૂઆતમાં આ કાર્યમાં

મદદ કરનારા મિત્રો ચાલતા થયા હતા. એના પિતા, મુખ્ય ધર્માધિકારી પાદરી, જેમણે શરૂઆતમાં પ્રેરણા આપી હતી તે, મૃત્યુ પામ્યા હતા. શરૂઆતમાં તો એનાં મા અહીં આ ગૃહમાં રહ્યાં, પણ છોકરાઓ સાથે કરવા પડતા સખત કામને કારણે એમની તબિયત લથડી અને પોતાનાં દીકરી જોડે રહેવા ગયાં. માની જગ્યાએ નેલી આવી. એક વખત થોડીક રજા લઈ નેલી અને ફ્લેનેજન યૂરોપની મુસાફરીએ ઊપડયાં. રસ્તામાં ઇન્સબ્રુકમાં બન્ને ઊતર્યાં અને ફ્લેનેજન જે મકાનોમાં રહી ભણ્યા હતા તે તેમણે નેલીને બતાવ્યાં. જે પર્વતો ઉપર એ ચડયા હતા તે ઉપર બન્ને ચડયા.

ઉંમર પણ વધતી જતી હતી, શરીર પાતળું બનતું ગયું હતું અને સખત કામનાં ચિહ્ન શરીર ઉપર દેખાતાં જતાં હતાં; છતાં છોકરાઓ સાથે કામ કરવાની એમની દૃષ્ટિ બદલાઈ નહોતી. ઊલટું અનુભવે વધારે પરિપક્વ અને ઊંડી કરી હતી. બધા જ પ્રયોગોના પાયામાં પ્રેમ, ધૈર્ય અને ઊંડી સમજ રહ્યાં હતાં. એણે એ પણ શોધી કાઢયું હતું કે કેટલાક એવા કાયદાઓ હતા જે બધા છોકરાઓ અને તેમની મુશ્કેલી દૂર કરવા માટે લાગુ પાડી શકાય. જે વ્યક્તિત્વ એ દરેક છોકરામાં વિકસાવવા ઇચ્છતા હતા તે તો ચોક્કસ પ્રકારનો ઉપાય માગે એમ હતું. એના છેલ્લા દિવસોમાં એની મુખ્ય ચિંતા વધતા જતા ભૌતિકવાદ વિશે હતી. ધાર્મિક શ્રદ્ધા ઓછી થતી જતી હતી અને જડવાદ વધતો જતો હતો. પરિણામે કુટુંબો ભાંગતાં જતાં હતાં અને માબાપની ઉદાસીનતાને કારણે બાળકો નિરાધાર બનતાં જતાં હતાં.

☞ ૨૪

## મહાન ઘડી

ભૂતકાળના ભણકારની માફક ડાકટરો પાછા ફ્લેનેજનને પોતાના કાર્યને ધીરું પાડવાની સલાહ આપતા થયા હતા. પહેલાંની માફક આકરા કામને કારણે ગંભીર માંદગી તરફ એ ઝડપથી ધસતા જતા હતા. ગૃહનો વિકાસ પણ ઝડપથી થતો જતો હતો અને હજી ઘણું કરવાનું બાકી હતું. એની મિલકત વધીને પાંચ લાખ રૂપિયા જેટલી થઈ હતી. એનો ખર્ચો પણ વધતો જતો હતો પણ મોટે ભાગે એ ખર્ચો નાની મદદો-માંથી પૂરો થતો હતો. આજે પણ બાળનગરનો મુખ્ય આધાર એને મળતી નાની મદદ ઉપર જ છે.

નાનાં દાનો તો જ્યાં સુધી લોકોનો સમભાવ હોય અને ગૃહમાં થતાં કાર્ય વિશે લોકો માહિતગાર રહે ત્યાં સુધી જ આવતાં રહેશે એની એને જાણ હતી. એના કાર્યનું એક અંગ પ્રજાને આ માહિતી આપવાનું પણ હતું. એ માટે રોજ હજારો વાર્તાલાપો દેશના દરેક ભાગમાં કરવા પડતા. આ વાર્તાલાપ અને મુસાફરીએ એની ઘણી શક્તિ હણી લીધી. અને ગૃહની વ્યવસ્થા કરવાનું કાર્ય તો ઊભું જ હતું.

માણસો વધ્યા છતાં ફાધર ફ્લેનેજનનું કાર્ય તો એટલું જ રહેતું. કોઈ છોકરાને ઓપરેશન કરાવવાનું હોય તો ફાધર ફ્લેનેજન જાતે ડાક્ટરની વ્યવસ્થા કરતા. હોસ્પિટલમાં એ દરમ્યાન ખરા પિતાની જેમ જાતે હાજર રહેતા. કોઈ છોકરો નાસી જતો તો ફાધર ફ્લેનેજન પોલીસ સાથે જાતે જઈ તેને હાથ પકડી તેડી લાવતા અને સુધરવાની બીજી તક આપતા. વધતા જતા કાર્યક્રમો વગેરેને કારણે વહીવટી કાર્ય પણ વધતું ચાલ્યું. બીજા પાંચ ફાયરપ્રુફ મકાનો બાંધવા, તરવાના હોજ સહિતની નવી કસરતશાળા, ઉદ્યોગશાળા તથા વિદ્યાશાળા પ્રમાણે રહેવાનાં છાત્રાલયો બાંધવા માટે ફાળો ઉઘરાવવાની નવી ઝુંબેશ ઉપાડવામાં આવી. ૧૯૨૯ના સપ્ટેમ્બરમાં નવા

કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યા અને એક મહિનાથી પણ ઓછા ગાળામાં દેશ મંદીમાં ડૂબ્યો, ડૉલરકટોકટી ઊભી થઈ.

બજારો તૂટી જતાં કેટલાકને લાગ્યું કે આ મકાનયોજના પડતી મૂકવી જોઈએ. પણ ફાધર ફ્લેનેજને મક્કમતાપૂર્વક એવું કરવાની ના પાડી. ગમે તે રીતે એ પોતે પાર પાડશે. જેણે અનેક તોફાનો વટાવ્યાં હોય અને વિશાળ અનુભવ લીધો હોય તે જ આવી પરિસ્થિતિમાં પણ શ્રદ્ધા રાખી શકે. ભયંકર મંદીમાં પણ મકાનો બાંધવાનું ચાલુ રહ્યું. એવી વિનાશકારક પરિસ્થિતિમાં પણ મદદ આવતી રહી.

૧૯૩૦ના વર્ષમાં તો મકાનો બંધાઈ ગયાં. ફાધર ફ્લેનેજનના જીવનની મહાન ઘડીઓ આવી પહોંચી. એના સમર્પણની વિધિ વખતે મોટા મોટા ધર્માધિકારીઓ પાદરીઓ, સરકારી અમલદારો અને જીવનના દરેક ક્ષેત્રમાંની પ્રસિદ્ધ વ્યક્તિઓ હાજર રહી હતી. આ વખતે કેટલાકે એમ પણ કહ્યું કે થોડાંક વર્ષો પૂર્વે થોડાક ફાટયાંતૂટયાં કપડાંવાળા છોકરાઓ સાથે નાનકડા ઘરમાં રહેતા આ પાદરી માટે આ શક્ય હોય ખરું?

૧૯૩૧માં એમને બીજું મોટું માન મળ્યું. અમેરિકાના ઉપનગરે એને ઓમાહાના પ્રથમ નાગરિકનો ઇલ્કાબ બક્ષ્યો. આ વિધિ વખતે ફ્લેનેજનની સાથે એનાં મા બેઠાં હતાં. આ વખતે એમની ઉંમર એંશી વર્ષની હતી. થાકેલ છતાં કાળાં કપડામાં એ બેઠાં હતાં. એને પોતાના પુત્રને શું મળવાનું છે તેની ખબર નહોતી એટલે જ્યારે એ ખંડમાં દાખલ થયાં ત્યારે ધમધમેલા મોટા હર્ષનાદોએ એને ચકિત કરી નાખ્યાં.

"આ બધું શું છે, ફાધર એડવર્ડ?" એણે પૂછ્યું, "આ બધા પોકાર તારે માટે છે?"

"ના" એણે સ્મિત સાથે કહ્યું, "એ તો આપણા બન્નેને માટે છે. તારે માટે અને મારે માટે."

વર્તમાનપત્રોમાં ખબર છપાયા કે શ્રીમતી ફ્લેનેજનને પણ એના કીર્તિત દીકરા જેટલાં જ અભિનંદનો મળ્યાં. વળી કેટલાંક વર્તમાનપત્રોએ

તો એ પણ છાપ્યું હતું કે ફાધર ફ્લેનેજન વધુ પાતળા લાગતા હતા અને વધારે પડતી ઉધરસ પણ ખાતા હતા. ડાકટરો તો વારંવાર ચેતવણી આપ્યા જ કરતા અને એ સાચી પણ પડી. ૧૯૩૧માં એક દિવસ એ પોતાના કાર્યાલયમાં ટેબલ ઉપર પડી ગયા. મહામુશ્કેલીએ મકાને પહોંચી શક્યા.

નેલીને તો એમણે કહ્યું કે એને કશું થયું નથી, માત્ર આરામની જ જરૂર છે. પણ નેલીએ ડાકટરને બોલાવ્યા. ડાકટરે બીજા ડાકટરોને બોલાવ્યા અને બધાએ જાહેર કર્યું કે એનાં ફેફસાં જોખમમાં છે. એને ૭ મહિના સુધી કોઈ આરોગ્યાલયમાં આરામ માટે રાખવાથી જરૂર છે.

આ વખતે તો દલીલોને અવકાશ જ નહોતો. એના જીવનનો આધાર જ એની હા કે ના કહેવા ઉપર અવલંબેલો હતો. ડેનવરના આરોગ્યાલયમાં રાખવાની યોજના નક્કી થઈ અને એના ભાઈ ફાધર પી.એ.એ એની ગેરહાજરીમાં બાળગૃહની વ્યવસ્થાનું કાર્ય સંભાળવાનું માથે લીધું.

બધા જ છોકરાઓ દરવાજા આગળ એમને વિદાય આપવા હાજર રહ્યા હતા. એમણે સ્મિત કર્યું અને કહ્યું કે "હું જલદી પાછો ફરીશ." સ્મિત સાથે એ ત્યાંથી હંકારી ગયા પણ એ કેટલી એકલતા અનુભવતા હતા તેનો ખ્યાલ કોઈને નહિ આવ્યો. માંદગી એમના આત્માની શક્તિને કચડી શકી નહિ. થોડા જ મહિનામાં એ જેલમાં પડેલા એક બાર વર્ષના છોકરાનું જીવન બચાવવા બિછાનામાંથી ઊભા થયા.

## સ્વપ્નસિદ્ધિ

૧૯૩૪માં પેટ નોર્ટન આ ગૃહના પોસ્ટ માસ્ટર બન્યા અને અહીં સરકારે એક સ્વતંત્ર પોસ્ટ ઓફિસ શરૂ કરવાની યોજનાને માન્યતા આપી. વળી બાળગૃહની સ્વતંત્ર સુધરાઈને પણ માન્યતા આપી. આ ગૃહને નગરમાં ફેરવી નાખવાનો ખ્યાલ તો સ્થાપકના મનમાં શરૂઆતથી જ હતો. એનું સંચાલન છોકરાઓમાંથી ચુંટાયેલા અધિકારીઓ કરે. આ રીતે જે છોકરાઓએ સમાજની અનિષ્ટતા જ જોઈ છે તે છોકરાઓને સ્વતંત્ર નાગરિક તરીકેની જવાબદારી શીખવવામાં આવે.

આવો અખતરો ૧૯૨૬માં કરવામાં આવ્યો હતો. ઓમાહાનું સંચાલન કરતી સરકારની ઢબે કમિશ્નર અને અધિકારીઓ ચૂંટી કાઢવામાં આવ્યા અને તેમને સંચાલનનું કામ સોંપવામાં આવ્યું. પણ ચૂંટણી પતી જતાં છોકરાઓનો રસ જતો રહેતો. ફાધર ફ્લેનેજનને લાગ્યું કે આમ થવાનું મુખ્ય કારણ એ હતું કે આ ગૃહ ખરેખરું નગર નહોતું અને આ બધું અમસ્થું થાય છે એવું ભાન છોકરાઓને રહેતું. જેમ જેમ એનો વિકાસ થતો ગયો તેમ તેમ આ અખતરો શરૂ કરવાનો વિચાર ફાધર ફ્લેનેજનના મનમાં ફરી ફરી આવ્યો. પણ આ છોકરાઓને વધારે શિસ્તની જરૂર હોવાથી બીજી વાર એ અખતરો પડતો મૂકવામાં આવ્યો.

૧૯૩૪માં ટપાલકચેરી શરૂ થતાં આ અખતરો ફરી વાર કરવાનું ફાધર ફ્લેનેજનને મન થયું. ૧૯૩૫માં બાળગૃહને બદલે બાળનગર એવું નામ આપવામાં આવ્યું અને તેની વસ્તી બસો પંચોતેરની જણાવવામાં આવી. આ વખતે તો સ્વરાજ્ય એ હકીકત હતી. એને પોતાનો ટપાલ-સિક્કો હતો અને સરકારે પણ એને બાળનગર તરીકે માન્યતા આપી હતી. હવે સાચા વહીવટી તંત્રની જરૂર હતી. એને માટે નગરપતિ, પોલીસ વરિષ્ઠ અધિકારી, આરોગ્યાધિકારી વગેરેની જરૂર ઊભી થઈ.

ચૂંટણીજંગ માટે ધજાપતાકા પાટિયાં વગેરે સાથે ખાણાના ઓરડામાં સરઘસો લઈ જવામાં આવતાં. જુદા જુદા પક્ષો પડતા. એકનું નામ “Build Boys Town Party” અને બીજાનું નામ “Help Our Town Party” હતું. ચર્ચાઓ, ભાષણો પણ યોજાતાં. બીજા ચૂંટણી-જંગોની જેમ ઉમેદવારો વચન પણ આપતા. કોઈ કહેતું કે પોતે જો વિજય પ્રાપ્ત કરશે તો આખી શાળાને મહિનામાં એક વાર વધારે મુસાફરીએ લઈ જશે તો વળી બીજો અઠવાડિયે એક સીનેમાને બદલે બે સીનેમા બતાવવાની યોજના કરશે. બાળનગરનો પહેલો નગરપતિ ટોની વીલોન થયો. એ ૧૯૩૧ માં આ ગૃહમાં આવ્યો હતો. પાછળથી એ મેટ્રોગોલ્ડવીન મેયરમાં ઊંચો ઓદ્ધો ભોગવતો હતો.

ગુનાઓ થતા તો તેને આ નગરપતિ પોતાના મદદનીશ સાથે મળીને કામ ચલાવી શિક્ષા કરતો. ઘણા ગંભીર ગુનાઓની શિક્ષા ફાધર ફ્લેનેજનને હાથે થતી. શારીરિક શિક્ષાની પરવાનગી કદી આપવામાં આવી નહોતી. દરેક અધિકારીને સોગંદ લેવા પડતા કે પોતાની ફરજ પાલન દરમ્યાન કોઈને એ મારશે નહીં. અ નગરમાં આકરામાં આકરી શિક્ષા છોકરાને સીનેમાગૃહમાં લઈ જઈ કરવામાં આવતી. એને ચિત્ર ચાલતું હોય ત્યારે પડદા તરફ પીઠ ફેરવી ઊભો રાખવામાં આવતો અને છોકરો પોતાની આંખ ફેરવી ચિત્ર જોઈ નથી લેતો એની તકેદારી રાખવામાં આવતી. જ્યારે હજારો છોકરાઓ સુન્દર રમૂજી ચિત્રો જોઈ ખુશાલીના પોકારો પાડતા હોય એ વખતે પડદા તરફ પીઠ ફેરવી ઊભા રહેવું ખરેખર આકરું હતું. જેને તરવાનો શોખ હોય એવામાંનો કોઈ ગુનો કરે તો એને તરવાની બધી તૈયારીઓ કરાવવામાં આવે, તરવાનાં કપડાં પહેરાવવામાં આવે, હોજ સમક્ષ લઈ જવામાં આવે પણ તરવા જવા દેવામાં આવે નહિ. પાણીને કિનારે ઊભો ઊભો એ બધું જોયા કરે અને એની સાથે પોતે કરેલા ગુનાને પણ જોતો રહે.

અલબત્ત, આવી શિક્ષાઓ સરકારી સુધારશાળામાં જે પ્રકારની શિક્ષા કરવામાં આવતી તે શિક્ષાઓની તુલનામાં તો ઘણી નજીવી હતી. પરંતુ

આની શિક્ષાઓ જોતાં પણ ફ્લેનેજનનું હૃદય આઘાત અનુભવતું. વધારે કામ અને વધારે લખાણ લખવાની ફરમાયેશ એ બે મુખ્ય શિક્ષાઓ કરવામાં આવતી. ૧૯૪૧માં લડાઈ શરૂ થતાં આનંદ અને મનોરંજનની પ્રવૃત્તિઓ ઉપર કાપ પડ્યો. આ બાળ સરકારના અધિકારો મર્યાદિત થયા. લશ્કરના અમલદારના હાથ નીચે તેમને લશ્કરી તાલીમ આપવાનું શરૂ થયું. આ બધું લડાઈ દરમ્યાન ચાલુ રહ્યું. પછી ધીરે ધીરે મૂળ અધિકારો પાછા આ બાળનગરના વાસીઓને સોંપી દેવામાં આવ્યા.

આજની વહીવટી પદ્ધતિમાં ફેર છે. ચાર છોકરાઓની કાઉન્સીલમાંથી નગરપતિને ચૂંટી કાઢવાનો હોય છે. અહીં મત આપનારાઓ આખા અમેરિકામાં સૌથી નાની ઉંમરના હશે. એમની લાયકાત માટે માત્ર બાળનગરનો રહેવાસી હોવાની જ જરૂર છે. નીગ્રો, ગોરા, કેથોલિક, પ્રોટેસ્ટન્ટ એવા બધા પ્રકારના નગરપતિઓ આવી ગયા છે. એમાંના કેટલાક તો જ્યારે આ નગરમાં દાખલ થયા ત્યારે ભયંકર કંગાલિયતમાં હતા.

એક મેયર જેકી એક વાર શાળામાં બેભાન થઈ ગયો. તપાસ કરતાં જણાયું તો એ પોષણના અભાવથી પિડાતો હતો. પહેલાં રોજ રાત્રે મોડે સુધી એને છાપાં વેચવા પડતાં. એની મા મરી ગઈ હતી અને એ પોતાના બાપ, બે બહેનો અને ભાઈ જોડે ભાંગ્યાતૂટ્યા ઘરમાં રહેતો હતો. એવા સ્થાનમાંથી એ આ બાળનગરનો ભવિષ્યનો નગરપતિ થવા આવ્યો હતો. પાછળથી એ ઘણું ભણ્યો અને ઊંચી પાયરીએ સારી નોકરીમાં પહોંચ્યો.

હમણાં જ થોડા વખતનો નગરપતિ નીગ્રો છોકરો હતો. એનો સાવકો બાપ અને મા આખો દિવસ કામ કરતાં અને એ ઘેર મોડો જતો તો એને માટે બારણું ઉઘાડવામાં આવતું નહોતું. કોઈક વાર એ બીજે રસ્તે ઘરમાં દાખલ થતો. એ વાર એણે પોતાના બાપના ગજવામાંથી પૈસા ચોર્યા હતા. પણ આ નગરમાં દાખલ થયા પછી એની કારકિર્દી સુધરી અને એ અચ્છો ખેલાડી બન્યો. અભ્યાસમાં અને સંગીતમાં પણ એને નામના પ્રાપ્ત થઈ.

બાળનગરના પ્રત્યેક ખાતા માટે એક કમિશ્નર હોય છે અને દરેક કમિશ્નર પોતાના ખાતા માટે જવાબદાર છે. નવા છોકરાને અનુકૂળ કરવાની જવાબદારી પણ એની રહેતી. એ એનો મિત્ર અને માર્ગદર્શક બનતો. નગરપતિ અને તેના મદદનીશોની દેખરેખ હેઠળ આ કમિશ્નરો છોકરાઓની પ્રવૃત્તિને માર્ગદર્શન આપે છે અને દરેક પોતપોતાનું કાર્ય યોગ્ય રીતે કરે છે કે નહિ તે જુએ છે.

આ કમિશ્નરો પોતાના બંધુ નાગરિકો સાથે જ રહેતા. કોણ કેવા છે એની એમને ખબર પડતી. કમિશ્નરને સૌએ માન આપવું પડતું અને તેમના હુકમોનું પાલન થતું. અદાલતોમાં નગરપતિ પ્રમુખપદે રહેતા અને કામના સંચાલનમાં આ કમિશ્નરો મદદ કરતા. કોઈક વાર કોઈ છોકરો સીગારેટ પીવા માટે પકડાતો તો તે બચાવ કરતો કે એણે તો એના મિત્રે આપેલી સીગારેટને પકડી રાખી હતી. એને પ્રશ્ન પૂછવામાં આવતો કે એ વખતે એને સીગારેટ પીવાની ઇચ્છા થઈ હતી કે નહિ. એ જો હા પાડતો તો એને વધારે કામ કરવાની શિક્ષા થતી. કોઈ મર્યાદિત વિસ્તારની હદની બહાર જવા માટે તો કોઈ પોતાનું કામ બરાબર નહિ કરવાને માટે પકડાતા અને તેમને તે તે પ્રમાણે શિક્ષા આ બાળનગરનો બાળ નગરપતિ કરતો.

●

☞ ૨૬

## રમતના મેદાનમાં

બીજી પ્રવૃત્તિઓની માફક રમતગમતની પ્રવૃત્તિઓનો પણ ધીરો વિકાસ થતો જતો હતો, જ્યારે ફાધર ફ્લેનેજન પાસે મોટું સ્વપ્ન અને

ખાલી કોથળી હતાં, ત્યારથી જ આ વિકાસ કરવા માટેની એમની યોજના હતી. એ વખતે મેદાન અને બીજાં સાધનો એમની પાસે નહોતાં. ઉછીનાં સાધનો માગી લાવી કેટલીક પ્રવૃત્તિ તો એમણે શરૂ કરી હતી. ફ્લેનેજનને પોતાને રમતગમતનો ઘણો શોખ હતો. પોતાની વિદ્યાર્થી અવસ્થા દરમ્યાન એ રમતો રમતા હતા. ૧૯૪૩ સુધી હાથદડાની રમતો રમવાનું એને ઘણું ગમતું, પણ કરોડના ઓપરેશન પછી એ રમત રમી શકયા નહિ. છતાં રમતો દ્વારા તન અને મનમાં સારી શક્તિ રેડી શકાય છે એવી એમને ગાઢ શ્રદ્ધા હતી.

"જે વધારેમાં વધારે સારી ફત્તેહ મેળવે છે તે ખરેખરી રમત રમનારી ટુકડી નથી, પણ જે પ્રમાણિકતાથી સારી રીતે એ રમે તે જ સારી ટુકડી છે" એમ એ છોકરાઓને કહેતા. છતાં જ્યારે એમની ટુકડીહારી જતી ત્યારે એમને રડવું આવતું. શરૂઆતમાં તો પોતાની ટુકડીઓ રમત હારી જવાની સ્થિતિમાં હોય ત્યારે એ મેદાન છોડી ચાલી જતા.

જે માણસ શરૂઆતમાં રમતનાં સાધનો માગી લાવતો હતો તે માણસે થોડાંક વર્ષોમાં સારી યુનિવર્સિટી પાસે હોય એવાં રમતનાં સાધનો વસાવ્યાં ફૂટબોલ એ મુખ્ય રમત હતી અને તેમાં પ્રગતિ પણ સારી કરવામાં આવી હતી. ૧૯૩૫થી ૧૯૪૭નાં વર્ષોના ગાળામાં આ નગરની ટુકડી ચોર્યાસી રમતો જીતી હતી, વીસમાં એ હારી ગઈ હતી અને આઠ અનિર્ણયાત્મક રહી હતી.

પહેલાં કેટલાક પ્રતિસ્પર્ધીઓ આ ટુકડીઓનો તિરસ્કાર પણ કરતા પણ ધીમે ધીમે તેમને એમની શક્તિનો પરચો મળતો ગયો. ઘણી વાર લાખ જેટલા પ્રેક્ષકો એમની રમતો જોવા આવતા. એમને તાલીમ આપનાર શિક્ષકો હમેશ ખ્યાલમાં રાખતા કે આ છોકરાઓ કોયડારૂપ છે એટલે એમની સાથે સંભાળથી કામ લેવાનું છે. કોઈ છોકરો સારો ખેલાડી

હોય પણ એની ટીકા થતાં ગુસ્સે થઈ આક્રમક બની જાય. આવા છોકરાને જીતવાની તાલીમ આપવા કરતાં આત્મનિગ્રહની તાલીમ આપવાનું વધારે આવશ્યક હતું. ધીરે ધીરે એ આ ગુણ પણ કેળવતો થઈ જતો.

ફાધર ફ્લેનેજનના કાર્યમાં વિજયની માફક દુઃખની ઘડીઓ પણ આવતી. છતાં એને શ્રદ્ધા હતી કે એની પદ્ધતિ સાચી છે અને પાયો મજબૂત છે. પ્રેમનો સિદ્ધાંત રોગનો શ્રેષ્ઠ ઉપાય છે. પણ છોકરાનાં હૃદયમાં ને મનમાં પ્રથમ પલટો કયારે આવશે તે કોઈ કહી શકે એમ નહોતું. એ માટે તો ધીરજ જ ધારણ કરવી પડે. આવો જ બનાવ ફૂટબોલના મેદાન ઉપર બન્યો.

સમય લગભગ પૂરો થવા આવ્યો હતો. રમત અનિર્ણયાત્મક રહી હતી. જેમ જેમ સમય વીતતો હતો તેમ તેમ પંદર હજાર પ્રેક્ષકો જોરથી બૂમો પાડતા હતા. છેવટની ક્ષણે તાલીમશિક્ષકે એક છોકરાને બીજાની જગ્યાએ મોકલ્યો. પ્રેક્ષકોને ખબર ના પડી કે કોણ આવ્યું. તેઓને ખબર નહોતી કે આ છોકરો જિંદગીમાં કદી હસ્યો જ નહોતો.

એક વર્ષ ઉપર ફાધર ફ્લેનેજન એની દુઃખદાયક કથની સાંભળી એને અહીં લઈ આવ્યા હતા. એ બરાબર પ્રગતિ કરતો હતો. માત્ર એને કોઈએ કદી હસતાં કે સ્મિત કરતાં જોયો નહોતો. કોઈ પણ જાતના ભાવ વિના કે સ્મિત વિના એ રમતમાં કટોકટીની ક્ષણે દાખલ થયો. કટોકટીની ક્ષણ હતી અને એણે એવી રીતે દડાને ફેંકયો કે એની ટુકડીને જીત મળી. આ વિજયની ઘડીએ પોતાનો વિજય જોઈ તે હસવા લાગ્યો, એટલા જોરથી કે એની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. આ જોઈ ફાધર ફ્લેનેજને કહ્યું કે "એને હસાવવા માટે ઇશ્વરની નજર દડા પર હશે. દડાની રમતે એના પોતાનામાં ફરી શ્રદ્ધા જન્માવી અને તેથી એ હસ્યો."

•

☞ ૨૭

## યુદ્ધમાં ફાળો

યુદ્ધ દરમ્યાન દરિયાની અને જમીનની લડાઈમાં આ નગરના નાગરિકોએ દર્શાવેલા શૌર્યથી ફ્લેનેજનને ઘણો સંતોષ થયો. પર્લહાર્બર ઉપરના હુમલાના સમાચાર રેડિયો ઉપર મળતાં જ છોકરાઓએ નામો નોંધાવવા માંડ્યાં. થોડાક નહિ પણ આખું નગર નગરપતિની સરદારી હેઠળ ફાધર ફ્લેનેજનને નિવાસસ્થાને આવ્યું. થોડા મોટા છોકરાઓને તાત્કાળિક જોડાવા દેવામાં આવ્યા. વસંતમાં નગરપતિ અને બીજા પણ જોડાયા. આ દરમ્યાન લશ્કરી તાલીમ આપવાની વ્યવસ્થા કરવાના કાર્યમાં ફાધર ફ્લેનેજન પડેલા હતા.

થોડા સમયમાં તો એક પછી એક છોકરાઓના ઘવાયાના, ગુમ થયાના અને હણાયાના સમાચાર આવતા ગયા. એમાંના એકનું નામ જીમી હતું. એ ૧૯૩૫માં અહીં દાખલ થયો હતો. એની મા મૃત્યુ પામી હતી અને બાપ પણ. ત્રણ બાળકોની આ સ્થિતિ સરકારે બાળનગરના ધ્યાન પર આણી. જ્યારે છોકરાઓ નગરમાં આવ્યા ત્યારે પોતાની થોડી ઘણી મિલકત સાથે અમેરિકાનો રાષ્ટ્રધ્વજ પણ લાવ્યા હતા. “એ ધ્વજ અમારા પિતાનો છે” એમ કહી એ કોઈને આપતા નહોતા.

૧૯૪૩માં એના મૃત્યુના થોડા દિવસ પહેલાં જ એણે ફાધર ફ્લેનેનેજનને પત્ર લખ્યો હતો: ‘ઘણો વખત થયા મેં તમને પત્ર લખ્યો નથી. હમણાં મારે ઘણું કામ રહે છે. હમણાં હું ઇટાલીમાં દુશ્મન હરોળની નજીકમાં જ છું. એક વાર હું ઘવાયો છું. એ ઈજા નાની હતી. પણ મેં એક ચંદ્રક પણ મેળવ્યો છે. તમને જોવા માટે તેમ જ હું આવું ત્યાં સુધી તમારી પાસે રાખી મૂકવા હું એ મોકલી આપીશ. હું મારી જીપમાં મારી ટુકડીને લઈ જતો હતો ત્યારે મને આ ઘા પડ્યો છે. સીસીલીમાં બનાવ બન્યો. વહાલા પિતા—અત્યારે તો આટલાથી બસ.”

ચાર દિવસ પછી જીમી મૃત્યુ પામ્યો.

લડાઈ પૂરી થઈ તે પહેલાં તો બાળનગરના હજારેક વિદ્યાર્થીઓ યુદ્ધમાં ચડી ગયા હતા અને દુનિયાના પ્રત્યેક ખૂણેથી તેમનાં પરાક્રમની વાતો આવતી હતી.

બાળનગરમાં પણ લશ્કરી અમલદારની દેખરેખ હેઠળ તાલીમનો કાર્યક્રમ ચાલતો હતો. ફાધર ફ્લેનેજને યુદ્ધમાં રાષ્ટ્રને મદદ કરવા ચાલીસ લાખ ડોલરનો ફાળો ઉઘરાવવામાં મદદ કરી હતી. આ દરમ્યાન પણ એણે પોતાના મહત્ત્વાકાંક્ષી વિચારો ઊંચા મૂકી દીધા નહોતા. કોઈ દિવસ આ લડાઈ પૂરી થશે અને તે પૂરી થયા પછીના નવા વિકાસ કાર્યક્રમો ઘડવાના એણે અત્યારથી જ શરૂ કરી દીધા હતા. લડાઈ દરમ્યાન એના કાર્યની જરૂરિયાત એને વધતી લાગી. ઘરો ભાંગતા હતાં, જીવન અવ્યવસ્થિત બનતું જતું હતું અને નાનાં બાળકો માટે વધારે મુશ્કેલી ઊભી થતી હતી.

કેટલાંક પરિણામો તો તરત દેખાતા જતાં હતાં. કોઈનો બાપ યુદ્ધમાં હતો, મા માંદી હતી, કોઈનાં માબાપ કારખાનામાં વધારે કામ કરતા હતાં અને છોકરાનું ધ્યાન રાખી શકતા નહોતાં. કારખાનામાં દેશ માટે કામ કરવું દેશાભિમાનભરેલું હતું પણ પોતાનાં બાળકો પ્રત્યે બેદરકારી રાખવી ગુનાહિત હતું.

એક દિવસ તો ત્રણ નાના છોકરા સીધા બાળનગરમાં આવી પૂછવા લાગ્યા કે તેઓ એમાં રહી શકે ખરા? એક છોકરાના કોટ ઉપર દાદીએ ચિઠ્ઠી ચોડી હતી. બાપ યુદ્ધમાં ગયો હતો. એની ગેરહાજરીમાં માએ છૂટાછેડા લઈ બીજાં લગ્ન કરી લીધાં હતાં. છોકરા દાદી પાસે રાખવામાં આવ્યા હતા. પણ દાદી પાસે પૈસા નહોતા. ફાધર ફ્લેનેજન છોકરાઓને પોતાના ગૃહમાં લઈ લેશે ખરા?

બે મોટા છોકરાઓને રાખવામાં આવ્યા. સૌથી નાનાને અનાથાશ્રમમાં મોકલવામાં આવ્યો. ફાધર ફ્લેનેજને એમના બાપ વિશે યુદ્ધકચેરીમાંથી ભાળ મેળવી તેને કાગળ લખ્યો. પોતાના પુત્રો વિશે મળેલી આ પહેલી

હકીકત હતી એ તાકીદથી રજા લઈ આફ્રિકાથી ઊપડી ઘેર આવ્યો. છોકરાઓએ બાપને વર્ષોથી જોયો નહોતો. એ કેવો દેખાતો હતો તે પણ એ ભૂલી ગયા હતા.

"પહેલાં અમારી મા હતી ને હવે આ અમારા બાપ. અમને અમારી મા ગમતી પણ તે અમને મારવા દોડતી. અમારા બાપ એવું ન કરે એ અમે કેમ જાણીએ? એના કરતાં એ અમારે નથી જોઈતા." છોકરાઓએ ફાધર ફ્લેનેજનને કહ્યું. બાપે એમને સમજાવવા ઘણા પ્રયત્નો કર્યા પણ છોકરાઓ એકાદ અક્ષર સિવાય ભાગ્યે જ કશું બોલતા. પણ તેઓ બાપની લશ્કરી પટ્ટીઓ વારંવાર જોઈ લેતા. બાપે એ જોયું અને યુદ્ધો વિશે, એ પટ્ટીઓ વિશે કાયદા વિરુદ્ધ છતાં થોડીક વાતો કરી. છોકરાઓમાં ઉત્સાહ આવ્યો. પછી બાપ પાછો આવ્યો. એણે ફરી લગ્ન કર્યાં. નાના છોકરાને અનાથાશ્રમમાંથી પાછો તેડાવ્યો. થોડી જમીન ખરીદી તે ઉપર ઘર બાંધ્યું. પણ મોટા છોકરાઓ તો બાળનગરમાં જ રહ્યા. પણ અવનવર પોતાના નાના ભાઈ તરફથી કેવું આનંદમય જીવન તેઓ જીવે છે તે વિશે પત્રો મળતા. થોડોક વખત પછી મોટા છોકરાઓએ ફાધર ફ્લેનેજનને પોતે શું કરવું તે વિશે પૂછ્યું.

"મને લાગે છે કે તમારી સાવકી મા, બાપ ને નાનો ભાઈ તમને ચાહે છે. જે છોકરાઓને ઘરનો પ્રેમ છે તેઓ ખરેખર નસીબદાર છે." ફાધર ફ્લેનેજને કહ્યું.

હવે તેઓ બધા સાથે રહે છે. પોતાની માના તો કશા સમાચાર નથી, પણ કટુ સ્મરણો ધીરે ધીરે અદૃશ્ય થતાં જાય છે. આ તો બનાવનો સુખદ અંત હતો, પણ યુદ્ધને કારણે આવાં તો કરોડો કુમળાં બાળકો દુ:ખની આગમાં હોમાયાં હતાં. હવે આ પાદરીનું ધ્યાન એવા બાળકો ઉપર કેન્દ્રિત થયું હતું.

●

☞ ૨૮

## પૂર્વનાં બાળકોની મુક્તિ

ઓમાહામાં અમેરિકન નાગરિક બનેલા આ આયરીશ પાદરીને માટે હવે દૂર પૂર્વમાં પ્રવાસ કરવાનો સમય આવી પહોંચ્યો. યુદ્ધે પૂર્વનાં અને દુનિયાભરનાં બાળકો ઉપર ભયંકર અનિષ્ટ અસર કરી હતી. ઘર વિનાનાં બાળકો ફાધર ફલેનેજનનો ખાસ કોયડો હતો. એ હવે આખી દુનિયાનો પ્રશ્ન થઈ પડ્યો. જનરલ મેક આર્થરે યુદ્ધમંત્રી મારફતે એમની મદદ માગી. ફાધર ફલેનેજને પોતાની સાથે પોતાના નિકટના સહકાર્યકર્તા બાયરન રીડને સાથે લીધા. પ્રશાંત ઉપર ઉડ્ડયન કરી હોનોલુલુ, ગ્વામ અને મનિલામાં રોકાયા. ગ્વામમાં પોતાના પંદર છોકરાઓ જે હવે તો સૈનિકો અને ખલાસીઓ બન્યા હતા તેમની લીધેલી મુલાકાત ઘણી રોમાંચક બની હતી. ગવર્નરને બંગલે ઉજાણી ગોઠવવામાં આવી હતી. પહેલી જ વાર અમેરિકાની બહાર બાળનગરના છોકરાઓના માટે આવી ઉજાણી ગોઠવવામાં આવી હોય! આ જમણ દરમ્યાન જ ફાધર ફલેનેજનનું મન જે પ્રશ્નને ન ઉકેલી શકાય એમ માની એમણે છોડી દીધો હતો તે પ્રશ્ન વિશે વિચારો કરતું ભૂતકાળમાં ઊતરી પડ્યું હતું.

એક વખતે આ ગૃહમાં એક નાનો મેક્ષીકન છોકરો આવ્યો હતો. એનું નામ પેડ્રો. એનામાં બીજી બધી સારી ટેવ હતી, માત્ર એક જ ખરાબ ટેવ હતી અને તે બીડી પીવાની. વારંવાર એ ન પીવાનાં વચનો આપતો પણ તે પાળતો નહિ. એ કહેતો કે એને ચાર વર્ષની ઉંમરથી બીડી પીવાની ટેવ પડી છે, અને હવે દસ વર્ષની ઉંમરે એ છોડવી મુશ્કેલ છે. ગૃહની મુલાકાતે આવતાં માણસોમાંથી ઘણા સીગરેટ પીતા હતા એટલે એને ઠૂંઠાં ઘણાં મળી રહેતાં. ફાધર ફલેનેજને પોતાના ગૃહમાંથી દીવાસળીની પણ બંધી ફરમાવી. આથી તો જે ખરેખરા સીગરેટ પીનારા હતા તેમને પણ દીવાસળી મળતી બંધ થઈ. છતાં પેડ્રોએ તો પોતાનું

સીગરેટ પીવાનું ચાલુ જ રાખ્યું અને ક્યાંથી એ સીગરેટ સળગાવતો તે એણે જણાવ્યું નહિ. પણ એક વખતે ફાધર ફ્લેનેજને એની પાછળ જતાં જતાં જોયું કે એ પોતાની સીગરેટ દેવળમાંની મીણબત્તીમાંથી સળગાવતો હતો પછી તો એની કાકી એને લેવા આવી અને ત્યાર પછી એ નાના પેડ્રો વિશે એને કશી ખબર પડી નહોતી. એની ફરી મુલાકાત ગ્વામ ખાતે જમણ દરમ્યાન થઈ.

"પેડ્રો, તને જોતાં મને ઘણો આનંદ થાય છે." એમણે આશ્ચર્યના ઉદ્ગાર સાથે કહ્યું. પોતાના ગજવામાંથી સીગારેટની ડબ્બી કાઢી ને એની સામે ધરી કહ્યું, "લે, મારી સાથે સીગરેટ પી."

પણ પેડ્રોએ પોતાનું માથું ધુણાવી ના પાડી.

"ના, ફાધર, બાળનગર છોડ્યા પછી મેં સીગરેટ પીધી નથી. આભાર."

વિમાન દ્વારા તે મનીલા અને ટોકીઓ તરફ ઉત્તરમાં ઊપડ્યા. ત્યાં મેક આર્થર જેમને ફાધર સાચા ખ્રિસ્તી તરીકે ઓળખાવતા. તેમણે એને બધી છૂટ આપી. એમને બધે જવાની છૂટ હતી અને જે કંઈ એમને જણાય તે વિના ડરે રજૂ કરવાની પણ પરવાનગી મળી અને એ ફાધર ફ્લેનેજને શબ્દશઃ સ્વીકારી.

જાપાનમાં અને પાછળથી કોરીઆમાં એમણે ધારી હતી એના કરતાં પણ પરિસ્થિતિ વધારે ખરાબ હતી. જાપાન એ તો કુટુંબના એકમની આજુબાજુ ઘડાએલું રાષ્ટ્ર હતું, એટલે એમને આવા પ્રશ્નની ખબર જ નહોતી. પણ હવે તો જાપાનમાં હજારો બાળકો ઘર વિનાનાં બન્યાં હતાં. અનાથાશ્રમો સ્થાપાયા હતા પણ તેના સંચાલકોમાં જરા પણ અનુભવ નહોતો. આવી એક સંસ્થામાં ફાધર ફ્લેનેજને પચાસ નાનાં બાળકોને કારખાનામાં અઠવાડિયાના છ દિવસ, રોજના આઠ કલાક કામ કરતાં જોયાં. બાળકોએ બનાવેલી સાઈકલના દીવા જેવી વસ્તુ વેચવામાં આવતી પણ તેનો નફો અનાથાશ્રમમાં આપવામાં આવતો નહોતો. અહીં શૈક્ષણિક

કે મનોરંજનના કાર્યક્રમની સગવડો પણ નહોતી અને ધર્મ પ્રત્યે પણ ધ્યાન આપવામાં નહોતું આવતું. બાળકો પ્રત્યેનો વર્તાવ તો દુનિયામાં બીજે સ્થળે હોય છે તેવો જ હતો. એમને વેઠ જેવાં ગણવામાં આવતાં હતાં. એક ઠેકાણે તો પાંચ બાળકોને એકાંત ખોલીમાં રાખવામાં આવ્યાં હતાં. એ જોઈ ફાધરે પૂછ્યું :

"આ છોકરાઓએ શું કર્યું છે કે એમને આવી શિક્ષા ફરમાવવામાં આવી છે ?"

"આ છોકરાઓ નવા છે અને જ્યાં સુધી અહીંના વાતાવરણથી ટેવાય નહિ ત્યાં સુધી એમને અહીં રાખવાની જરૂર છે." અધિકારીએ જણાવ્યું.

"આ છોકરાઓને તરત જ મુક્ત કરો." ફાધર ફ્લેનેજને બૂમ પાડી.

પાછળથી જ્યારે છોકરાઓની અને કર્મચારીઓની સભાને સંબોધવા એ આવ્યા ત્યારે ટોળામાં એમણે પેલા પાંચ છોકરાઓને જોયા નહિ એટલે પૂછ્યું કે "એ છોકરાઓ ક્યાં છે?" અધિકારીઓએ સ્મિત કરી વાત ઉડાવવાનો પ્રયત્ન કર્યો પણ ફાધર ફ્લેનેજન એમ પાછા પડે એવા નહોતા. જ્યાં સુધી તેમને લાવવામાં નહિ આવે ત્યાં સુધી આગળ ન ચાલવાનો પોતાનો નિર્ધાર જણાવ્યો. છોકરાઓને લાવવામાં આવ્યા. અને ટોળામાં આનંદની કીકીઆરી ઊઠી. તેમને લાગ્યું કે અહીં કોઈ છે જે તેમને સમજી શક્યું છે.

એમની મુલાકાત પછી અનાથાશ્રમોમાં ઘણા સુધારા કરવામાં આવ્યા. અમેરિકન અધિકારીઓએ પણ આ સુધારા કાયમ રહે એની કાળજી લીધી.

કોરીઆમાં એણે કેટલીક છોકરીઓને કેટલાક છોકરાઓ જોડે એક જ ઘરમાં અયુક્ત રીતે રાખવામાં આવેલી જોઈ. તરત જ એમણે અધિકારીઓને ફરમાવ્યું કે છોકરીઓને એક કલાકમાં ખસેડવી જોઈશે. અધિકારીઓ એમનો પ્રકોપ સમજી શક્યા નહિ પણ છોકરીઓને સ્ત્રીઓ

માટેના જ ખાસ ઘરમાં મોકલી આપવામાં આવી.

જ્યાં જ્યાં એ જતા ત્યાં ત્યાં કુતૂહલથી લોકોનાં ટોળાં ભેગા થતાં. મિશનરીઓએ એમના કાર્યની કીર્તિ ફેલાવી દીધી હતી. બાળકો રેલ્વે સ્ટેશનોએ એમની રાહ જોતાં ઊભાં રહેતાં. તેમને મન એ અમેરિકાના વીર પુરુષ હતા. અખબારના તંત્રીઓ એમની મુલાકાતે આવતા. તેમને એમણે કેટલાંક સૂચનો આપ્યાં અને જણાવ્યું કે લોકોએ બાળકોને ચાહવાં જોઈએ.

“તમે એમ કહેવા માગો છો,” એક સંશયગ્રસ્તે પૂછ્યું, “જેને હું ઓળખતો પણ નથી એવા બીજાના બાળકની મારે કાળજી રાખવી જોઈએ ?”

“હા” મુલાકાતીએ જવાબ આપ્યો, “પ્રત્યેક બાળક મહત્વનું છે. પ્રત્યેક બાળકની કાળજી લેવાવી જોઈએ. નિરાધાર માટેનો સમભાવ એ બધા લોકોની સ્વાભાવિક વૃત્તિ છે.” પેલાએ આગ્રહપૂર્વક જણાવ્યું કે જાપાનીઓ તો પોતાના સિવાય બીજાને ચાહી શકતા નથી. પાદરીએ પોતાના મંચ ઉપરથી માહિતી આપતાં કહ્યું કે ટોકીઓમાં એક ધનિક સ્ત્રીએ પોતાના ઘરને અનાથાશ્રમમાં ફેરવી નાંખ્યું છે અને મહોલ્લામાંથી લાવવામાં આવેલાં આઠ બાળકોને એ સંભાળે છે. ઓસાકામાં બીજી એક સ્ત્રી રક્તપીતિયાં માબાપનાં વીસ બાળકોની સંભાળ લે છે. “આ લોકોનાં હૃદયમાં નિરાધાર બાળકોની સંભાળ લેવા જેટલી હદ સુધી જવાનો પ્રેમ રહેલો છે.” એણે કહ્યું.

આના પરિણામે જાપાનનાં વર્તમાનપત્રોમાં ચર્ચાનો વંટોળ ઊઠ્યો અને લોકો અજાણ્યાં બાળકોને ચાહવા વિશે ઉગ્ર ચર્ચા કરવા લાગ્યાં. આ મુલાકાતને પરિણામે આ પ્રેમ શબ્દના વિશાળ અર્થનો અભ્યાસ કરવા એક પુખ્ત વયના માણસોનો વર્ગ પણ રચાયો.

જાપાનમાંના ધાર્મિક પ્રતિનિધિ આર્ચબિશપ પોલ મારેલાએ જણાવ્યું કે ફાધર ફ્લેનેજનની મુલાકાતથી આ ટાપુની દુનિયામાં ખ્રિસ્તી ધર્મ સો

વર્ષ જેટલી પ્રગતિ કરી શકયો છે. અને આવા જ કાર્યમાં ને કાર્યમાં જ્યારે ફાધર ફ્લેનેજનનું ઓસ્ટ્રીઆમાં મૃત્યું થયું ત્યારે ટોકીઓથી કલ્યાણ-ખાતાના પ્રધાનનો સંદેશો આવ્યો :

" અમને જે દુઃખ થયું છે તેને વ્યક્ત કરવાના મારી પાસે શબ્દો નથી. એક વર્ષ પહેલાં જ ફાધર ફ્લેનેજન અમારી સાથે હતા. એમણે ઘણી સમાજકલ્યાણ સંસ્થાઓની મદદ લીધી છે અને ઉપયોગી સૂચનો આપ્યાં છે. એ સૂચનો આજે ફળદાયી થયાં છે. અમારા બાળકલ્યાણ કાર્યોના વિકાસના સમાચાર અને બાળકલ્યાણના નવા કાયદાઓનો અહેવાલ એમને પહોંચે તે પહેલાં એમનું મૃત્યુ થયું છે એ અમારે માટે ઘણું દુઃખ-દાયક છે."

" જ્યાં બીજાઓ માત્ર હજારોને પહોંચી શકયા છે ત્યાં તમે લાખ્ખોને પહોંચી શકયા છો. હવે કહો, અમારે શું શું કરવું જોઈએ." જનરલ મેક આર્થરે ફાધર ફ્લેનેજનને એક વખત પૂછયું હતું.

ઓમાહામાં પાછા આવ્યા પછી ફાધર ફ્લેનેજને 'હાજી-હા'નો હેવાલ આપ્યો નહિ, પણ જાપાન અને કોરીઆમાં કેટલાં અનાથ બાળકોની સંખ્યા છે અને તે બધાં માટે કેવી સગવડ કરવી જોઈએ એ સ્પષ્ટતાથી જણાવી દીધું. પ્રેમની ફિલસુફી પર એમણે પાલક ગૃહો સ્થાપવાની હિમાયત કરી. બધાં બાળકોને ધાર્મિક શિક્ષણ આપવાની પણ એમણે હિમાયત કરી. ઓછું વિભાગીકરણ, કેળવાયેલા કર્મચારીઓ, તબીબી કાળજી અને છોકરા છોકરીઓને અલગ ગૃહો રાખવાનાં સૂચનો કર્યાં. પૂર્વનાં બાળકો માટે એમણે નવું હકપત્ર લખ્યું.

આમાંનાં ઘણાં સૂચનો અમલમાં મૂકવામાં આવ્યાં છે. ચીનમાં શાંઘાઈ નજીક બાળનગર રચવામાં આવ્યું છે. ઈશ્વરના આ માણસને કારણે જ પૂર્વનાં બાળકો મુક્તિ મેળવી શકયાં છે.

●

☞ ૨૯

## –પ્રભુ, પરમ તેજે તું લઈ જા

હવે બાળનગરમાં ફેરફારો કરવાનું આવશ્યક થઈ પડ્યું, કારણ ફાધર ફ્લેનેજનનું મૃત્યુનું મુખ્ય કારણ તો છિન્નભિન્ન બનેલા બર્લિન શહેરને જોઈને એમને થયેલો આઘાત જ હતો. ૧૯૪૮ના શિયાળામાં એમને વિનંતિ કરવામાં આવી કે એમણે ઓસ્ટ્રીઆ અને જર્મનીમાં યુવાનોના જીવનની પરિસ્થિતિનું નીરિક્ષણ કરવું. કારણ ત્યાં યુવાનોનું નૈતિક બળ નીચું પડતું જતું હતું. પોતાના મિત્રો સમક્ષ તો એમણે કબૂલ કર્યું હતું કે પોતે ઘણા થાકી ગયા હતા અને હવે બાંસઠ વર્ષે એમને આ કામ ઉપાડવાની ઇચ્છા નથી. છતાં એ ના પાડી શકયા નહિ. જો આ સમયે કોઈ પણ બાળકોને મદદની જરૂર હતી તો તે આ હારેલા શત્રુનાં બાળકોને હતી. જે ઓસ્ટ્રીઆનો એને પરિચય હતો તે તો કયારનું ય બદલાઈ ગયું હતું. પહેલાંની હૂંફાળી હૃદયવાળી અને આનંદી પ્રજાને નાઝી તરીકે ઉછેરવામાં આવી હતી.

જે દિવસે એમણે બાળનગર છોડ્યું તે દિવસે મોટા વર્ગના વિદ્યાર્થીઓને ભેગા કર્યા. એ બધા સ્નાતક થાય એ પહેલાં એ આવી શકે એમ નહિ હોવાથી વિદાય આપવાને એમણે આ બધાને બોલાવ્યા હતા. એડી ડન જે એ વખતે નીગ્રો નગરપતિ હતો તે લખે છે: "અમે ઉપલા વર્ગોમાં સુડતાલીસ વિદ્યાર્થીઓ હતા અને દેવળમાં ભેગા થયા હતા. ફાધરે અમને જે ખ્રિસ્તી ઉપદેશ આપવામાં આવ્યો હતો તેનું સ્મરણ આપ્યું કારણ એ ઉપદેશ અમારા ભવિષ્યના જીવન માટે અમને તૈયાર કરવાનો હતો. એમને શ્રદ્ધા હતી કે એને કારણે અમે ઇશ્વરના અને દેશના સારા પ્રજાજનો નીવડશું. એમણે મને કહ્યું, "એડી, ગુડ બાય, ઇશ્વર તમારું ભલું કરો."

જર્મન–અમેરિકન ગૃહની શરૂઆતથી નિકટના સાથી તરીકે કામ

કરનાર પેટ નોટ'ન પણ એમની સાથે ઊપડ્યા. પોતે ઊભા કરેલાં મિનારા, મકાનો અને ખેતર સામે જ્યારે એમણે છેલ્લી વાર નજર નાખી ત્યારે સૂર્ય આથમવાની તૈયારી કરતો હતો. શેસ્કોમનમાં શરૂ કરેલી જીવનયાત્રાનો અંત બર્લિનનાં ખંડેરોમાં આવવાનો હતો.

૧૯૪૮ના મેની ચૌદમીના એ દિવસે એમને માટે ઘણી મુલાકાતો, સભાઓ અને ચર્ચાઓ રાખવામાં આવી હતી. ફ્રેન્કફર્ટથી વિમાન મારફતે એ બર્લિનમાં સવારે આવ્યા અને તરત કામે લાગી ગયા. આખા દિવસ દરમ્યાન જર્મન યુવક સભાઓના પ્રતિનિધિઓ જોડે એમણે ચર્ચા કર્યા કરી. જર્મનીનાં બાળકો જે ભયંકર પરિસ્થિતિ વચ્ચે જીવતાં હતાં એનું દારુણ ચિત્ર ફાધર ફ્લેનેજન સમક્ષ ખડું થયું. નાઝી સિદ્ધાંતોએ જે ઊંડી અસર એમના માનસ ઉપર ઉપજાવી હતી તેનો એને ખ્યાલ આવ્યો અને હવે એવી અનિષ્ટ અસર સામ્યવાદ ઉપજાવી રહ્યો હતો એ પણ એ જોઈ શક્યા. જ્યાં જ્યાં ફર્યા ત્યાં ત્યાં ખંડેર વચ્ચે ભૂખે મરતાં રખડતાં બાળકો અને યુવાનો એણે જોયાં.

બર્લિનમાં કોનરેડ, કાર્ડિનલ વોન પ્રેસીંગ સાથે વાત કરતાં એમણે જણાવ્યું કે એમનામાં અપૂર્વ શ્રદ્ધા હોવા છતાં માઇલો સુધી પથરાયેલાં ઘરનાં ખંડેરો વચ્ચે ભૂખે મરતાં બાળકોને જોઈ એમનું હૃદય ભાંગી ગયું છે. રાત્રે એમણે પેટ નોર્ટન અને એક બીજા લશ્કરી અધિકારી સાથે ખાણું લીધું. ઘડીભર તો પોતાની આજુબાજુના વિનાશને ભૂલી ગયા. પછી ફાધર ફ્લેનેજને અને પેટ નોર્ટને બિજે દિવસે જનરલ કલે સાથે થનારી મુલાકાત વિશે ચર્ચા કરી, જેમાં કલ્યાણ કેન્દ્રો ઊભાં કરવાં અને તે માટે લશ્કર શું મદદ કરી શકે, તે વિશે ફાળો ઉઘરાવવો અને આવાં કેન્દ્રોનું સંચાલન કરવા જર્મન યુવકોને જ આગળ આવવા દેવા જેવા ચર્ચા માટેના વિષયોનો સમાવેશ થતો હતો.

આ જર્મન યુવકોને આગળ આવવા દેવાનું કાર્ય ઘણું મહત્ત્વનું છે. કારણ તેઓ પોતાનાં બાળકોના પ્રશ્નોને સમજતા થાય એમ એમણે

આગ્રહપૂર્વક નોર્ટનને સમજાવ્યું. સાડાનવ વાગે એ સૂતા. મધરાતે એમણે પેટ નોર્ટનને જગાડી કહ્યું કે "મને છાતીમાં દુઃખાવો થાય છે અને તરત ડાકટરને બોલાવો."

ડાકટરે રોગ હૃદયહૂમલા તરીકે પારખ્યો અને તાત્કાળિક એમને હૉસ્પિતાલમાં ખસેડ્યા. એમણે લશ્કરી દેવળના ફાધર એમેટ વોલ્શને પણ બોલાવ્યા. ફાધર વોલ્શે એમની અંતિમ કબૂલાત સાંભળી. બહાર નોર્ટન અને એમના કાર્યમાં મદદ કરનાર બીજાઓ ઊભા હતા.

ફાધર વોલ્શે ફાધર ફ્લેનેજનની કબૂલાત સાંભળ્યા પછી બધાને ખંડમાં બોલાવવામાં આવ્યા, કારણ અંતિમ ક્રિયાઓ વખતે બધા હાજર રહીએ એવી એમની ઇચ્છા હતી. ફાધર વોલ્શે પ્રાર્થના પૂરી કર્યા પછી ફાધર ફ્લેનેજને પોતાની હમેશની રીત મુજબ પોતાની આંખની ભ્રમરો ઉપર હાથ ફેરવ્યો અને પોતાની પણ પ્રાર્થના 'અસ્તુ' શબ્દ સાથે પૂરી કરી. "એ એમનો છેલ્લો શબ્દ હતો." આ બધું નોર્ટને પાછળથી જણાવ્યું હતું.

પાદરીએ આંખો બંધ કરી અને દેહ છોડ્યો.

બાળનગરમાં જ્યારે નગરપતિ અને થોડા મિત્રો રેડિયો કાર્યક્રમ સાંભળતા હતા ત્યારે કાર્યક્રમની વચમાં સમાચારપત્ર આપવામાં આવ્યું અને તેમાં ફાધર ફ્લેનેજનના અવસાનની જાહેરાત કરવામાં આવી. નગરની આખી વસ્તી તરત દેવળમાં ભેગી થઈ ગઈ. થોડા દિવસ પછી બાળનગરના સ્થાપકના દેહને વિમાન મારફત નગરમાં લાવવામાં આવ્યો. છોકરાઓના રોજના વસવાટ નજીક કબરમાં ચિરશાંતિમાં પોઢાડવામાં આવ્યો. એક આરસના પથ્થર ઉપર આ સુવર્ણ લેખ કોતરવામાં આવ્યો છે :

**ફાધર ફ્લેનેજન–બાળનગરના સ્થાપક**
**ખ્રિસ્ત અને માનવીના ચાહક**
**જુલાઈ, ૧૩, ૧૮૮૬–મે, ૧૫, ૧૯૪૮**

•